પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 13 JANUARY, 2023 Vol. 20, No. 02 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news



Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations
GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages



Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty


# મુંબઈમાં BOB સાથે 4957 કરોડની છેતરપિંડી

## આરોપીઓ-અધિકારીઓ સાથે સંકળાયેલા 14 સ્થળેથી CBIએ દસ્તાવેજો કબજે કર્યા

**મુંબઈ**

CBIએ મુંબઈની ખાનગી કંપની અને તેના ડિરેક્ટર્સ સહિત અન્યો વિરુદ્ધ બેન્ક ઓફ બરોડાની ફરિયાદને આધારે ૧૭ બેન્કોના સમૂહ સાથે ૪૯૫૭.૩૧ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાના આરોપ હેઠળ ફરિયાદ દાખલ કરી છે. એફઆઈઆરમાં આરોપી કંપનીના નામની ઓળખ મેસર્સ પ્રતિભા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, મુંબઈ, અજીત ભગવાન કુલકર્ણી, રવિ કુલકર્ણી, સુનંદા દત્તા કુલકર્ણી, શરદ પ્રભાકર દેશપાંડે, જે તમામ કંપનીના ડિરેક્ટર્સ અને ગેરેન્ટર્સ છે, તેમના નામ સામેલ છે. ઉપરોક્ત ખાનગી કંપનીના એકાઉન્ટને ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ એનપીએ જાહેર કરી દેવાયા હતા. ત્યારબાદ આ એકાઉન્ટ્સ બેન્ક કન્સોર્ટિયમના સભ્યો દ્વારા ફ્રોડ જાહેર કરાયા હતા. કંપની ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના ડેવલપમેન્ટનુ કામ કરતી હતી, એફઆઈઆરમાં વધુમાં આરોપ લગાવાયો હતો કે આરોપીએ ઋણધારક કંપની પાસેથી જંગી રકમ પોતાના સંબંધિત પક્ષો અને પેટાકંપનીઓના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા.

## JDUના પૂર્વ પ્રમુખ શરદ યાદવનું 75 વર્ષે નિધન



પટના : બિહારના દિગ્ગજ નેતા અને JDUના પૂર્વ પ્રમુખ શરદ યાદવનું ગુરુગ્રામ ખાતે 75 વર્ષની વયે નિધન થયું હતું. બિહારની રાજનીતિમાં એક અલગ ઓળખ ધરાવતા શરદ યાદવની વિદાયથી દરેક વ્યક્તિ શોકમાં ગરકાવ થઈ ગયો છે. તેમને સમાજવાદી રાજનીતિએ લોકોમાં લોકપ્રિય બનાવ્યા હતા. નેતા શરદ યાદવે ગુરુગ્રામની ફોર્ટિસ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા.


RIGHT AT HOME REALTY BROKERAGE
Paresh Rathod
Real Estate Agent
416-278-2784
Text Message For Quick Response
Thank You

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More Info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

SALON AMIE
EYEBROW THREADING
MONTREAL - LAVAL
HIRING NOW
PART TIME - FULL TIME
Competitive Salary + Tips
આઈબ્રો થ્રેડીંગ માટે જોઈએ છે
TWO PLACES
પાર્ટટાઈમ-ફૂલટાઈમ
5775 VICTORIA # 110 Montreal H3W 2R4
5018 SAMSON, LAVAL H7W2J1
450-973-4040
COTE ST CATHERINE

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd, Unit #3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701 Fax : 905-497-6700
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
Dir : 416-254-6949
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

VOYAGES InterSky TRAVELS
INTERSKY TOURS
Discount On Visitor Visa Insurance
DIVYESH (Dev) PATEL
Cell: 514-513-9191
Tel.: 514-389-7070
Toll Free:1 855-389-7070
Air Fare - Visa - OCI - Renew Passport - Surrender Passport
Travel Insurance
SWISS Lufthansa DELTA KLM AIRFRANCE AIR CANADA

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખજો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઈન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL
REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ટોરોન્ટો ખાતે મિલકત વેરામાં સાડા પાંચ ટકાનો વધારો થશે : મેયર ટોરીની જાહેરાત

## પબ્લિક સેફટી, ટ્રાન્ઝીટ અને ઈમરજન્સી સેવા માટે રોકાણની જરૂરીયાત ઉભી થતાં નિર્ણય કરાયો

**ટોરન્ટો**

ટોરોન્ટોના રહીશોએ ૨૦૨૩ના બજેટને પગલે મિલકતવેરામાં ૫.૫ ટકાના વધારાનો સામનો કરવો પડશે એમ મેયર જોન ટોરીએ સોમવારે સવારે જાહેર કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, પબ્લિક સેફટી, ટ્રાન્ઝીટ અને ઈમરજન્સી સેવાઓમાં સુધારાઓ માટે વધારાના રોકાણની જરૂર હોવાથી મિલકત વેરો વધારવો પડશે. કોરોના બાદની સ્થિતીમાંથી બહાર આવવા અને શહેરના વિકાસને પાટે ચઢાવવા માટેના પગલા તરીકે બજેટમાં આ જોગવાઈ કરવામાં આવી છે.

આ વધારાને કારણે મકાનમાલિકોએ વર્ષે ૧૮૩ યુએસ ડોલર વધુ ચુકવવા પડશે. આ ઉપરાંત સીટી બિલ્ડીંગ ફંડમાં થનારા ૧.૫ ટકાના વધારાને કારણે મકાનમાલિકોએ વર્ષે વધારાના ૫૦ યુએસ ડોલર પણ ચુકવવા પડશે. આ વધારાને કારણે ટોરોન્ટોની ટેક્ષ આવકમાં અંદાજે ૬૯૫૦૦૦ યુએસ ડોલર વધુ આવી શકે એવો અંદાજ છે. સ્પેશિયલ કમિટીની બેઠકમાં મંગળવારે કાર્યકારી બજેટ રજૂ થયું હતું. જેનું કદ ૧૬.૧ બિલીયન યુએસ ડોલર જેટલું હતું. જો કે ટોરીએ પોતાના ચૂંટણીપ્રચાર સમયે વેરાઓ ફુગાવાના દરથી ઓછા રાખવાનું વચન આપ્યું હતું. આ બજેટ એ વચનને અનુરૂપ હોવાનો તેમણે દાવો પણ કર્યો હતો. કેમકે ફુગાવાનો દર હાલમાં ૬.૬ ટકા છે અને વધારો ૫.૫ ટકાનો છે. તેમણે કહ્યું હતું કે, લોકો આ વધારાને સ્વીકારી લેશે.

# કેનેડામાં થ્રી-ડી પ્રિન્ટેડ ગનનું પ્રમાણ ફરી વધ્યું, એક વર્ષમાં 17 જપ્ત કરાઈ

**ઓન્ટેરિયો**

કેનેડા પોલીસે ગયા વર્ષે ૧૦૦થી વધુ થ્રી ડી પ્રિન્ટેડ ગન જપ્ત કરી હતી. કેટલાક વિસ્તારોમાં આ પ્રકારના શસ્ત્રોના ઉત્પાદનમાં આ વર્ષે મોટો વધારો પણ પહેલીવાર જોવા મળ્યો હતો. કાલગેરીમાં પોલીસે ૨૦૨૨માં ૨૦૨૦ અને ૨૦૨૧ના એક ગનની સરખામણીમાં ૧૭ થ્રીડી ગન જપ્ત કરી હતી. કાલગેરી પોલીસ સર્વિસ ફાયરઆર્મ્સ ઈન્વેસ્ટીગેટીવ યુનિટના કાર્યકારી બેન લોસને કહ્યું હતું કે, મને થ્રીડી ગન વિશે કોઈ ગંભીરતા નહોતી, જયારે અમે આ યુનિટ શરૂ કર્યું હતું. કેમ કે, અમે એને જોઈ શકતા નહોતા. અચાનક હવે ૨૦૨૨ પછી એમાં વધારો થઈ ગયો છે અને ૨૦૨૩માં શું થશે એ જાણવા માંગીએ છીએ.

થ્રી ડી પ્રિન્ટેડ ગન હાથબનાવટના ફાયરઆર્મ્સની શ્રેણીમાં આવે છે અને એને ભૂતિયા ગન તરીકે ઓળખવામાં આવે છે. કેમ કે, હજુ એ શોધી શકાઈ નથી. એના કોઈ સિરીયલ નંબર નથી. કેમ કે, ગનનો પ્રિન્ટેડ ભાગ એ ધરાવનાર પાસે હોય છે. કેનેડામાં આ શસ્ત્ર પ્રતિબંધિત છે. બીજા ભાગો કોઈ પણ ગન સ્ટોરમાંથી કે ઓનલાઈન લાઈસન્સ વિના ખરીદી શકાય છે.

# યુક્રેન માટે કેનેડા હવે યુ.એસ. મિસાઈલ ડીફેન્સ સિસ્ટમની ખરીદી કરશે: PMO

## રશિયાના હુમલા સામે મદદ મળવા સાથે કેનેડાની સ્વરક્ષણ મર્યાદા વધશે

**બ્રામ્પ્ટન**

કેનેડાના વડાપ્રધાનના કાર્યાલયે કરેલી જાહેરાત મુજબ કેનેડા અમેરિકન બનાવટની મિસાઈલ ડીફેન્સ સિસ્ટમ યુક્રેન માટે ખરીદશે અને માર્ચમાં અમેરિકન પ્રેસીડેન્ટ જો બાડનને આવકારશે. આ સમાચાર મેકિસકો સીટીમાં મંગળવારે યોજાયેલી નોર્થ અમેરિકન નેતાઓની મિટીંગમાં બહાર આવ્યા હતા.

એ પહેલા વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો અને બાઈડનની મુલાકાત થઈ હતી. પીએમઓની યાદીમાં જણાવાયું હતું કે, ટ્રુડોએ બાઈડનને કહ્યું છે કે કેનેડા નેશનલ એડવાન્સડ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ યુક્રેન માટે ખરીદશે. ડીએનડીએ આ ઓર્ડરની જાહેરાત મંગળવારે અખબારી યાદીમાં કરી હતી. જેમાં ઉલ્લેખ કરાયો હતો કે, આ મદદને કારણે યુક્રેનની એર ડીફેન્સ ક્ષમતા વધશે અને રશિયાના હુમલાઓ સામે રક્ષણ મેળવી શકશે. કેનેડા આ મદદ માટે અંદાજે ૪૦૬ મિલીયન યુએસ ડોલર ખર્ચશે અને એ યુક્રેન માટેની સહાયના આંકને ૫૦૦ મિલીયન સુધી પહોંચાડશે. મંગળવારે સીબીસીના પાવર એન્ડ પોલિટીકસ કાર્યક્રમમાં ડીફેન્સ મિનીસ્ટર અનિતા આનંદે કહ્યું હતું કે, સરકાર યુક્રેન સાથે મળીને શકય એટલી સહાય કરશે અને શરતોના બધા વિકલ્પો માટેની ચર્ચા બેઠકમાં થશે.

HARISON TRUXCOOL Transportation Training Institute
AZ TRACTOR TRAILER MELT PROGRAM & AIR BRAKE COURSE
HARISON TRUXCOOL INC.
Registered as a Private Career College under the Private Career Colleges Act, 2005
કેનેડામાં સૌ પ્રથમવાર ગુજરાતી ટ્રક ડ્રાઈવિંગ સ્કૂલ

We are Specialized In:
- AZ Tractor Trailer Program - MELT
- DZ Training (Non-Vocational)
- Air Brake - Z Endorsement Training (Non Vocational)

We are Offering:
- Flexible training Schedule
- 1:1 on road training
- 1:1 backing training
- 1:1 training for coupling uncoupling
- Financing with 0% interest Available
- Air brake classes every week



We encourage repeater student with reasonable rate for Training & Road Test

: OFFICE:
220 Rutherford Road South, Unit # 208 & 210, Brampton, ON.L6W 3J6
: YARD :
6666 Rutherford Road, Kleinburg, ON. L0J 1C0
: CONTACT PERSON:
RAKESH GANDHI, Ph: 647-643-2700
E-mail: rakesh@harisontruxcool.com - Website: www.harisontruxcool.com
TRANSPORTATION TRAINING INSTITUTE
• AIR BRAKE LICENSE • FLEXIBLE SCHEDULE
• EXPERIENCED INSTRUCTORS

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com



રમેશભાઈ વ્યાસ
(ડાયરેકટર અને પબ્લિશર, સ્વદેશ)
સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
+1 437-421-2992 Email :- info@swadesh.news
સ્વદેશ Leading Gujarati Newspaper



# હોલ્ટન સિનિયર્સ ગ્રુપ દ્વારા નવા વર્ષને આવકાર અને મકરસંક્રાંતિ પર્વ ઉજવણી




## ગીત સંગીતની ધૂમ સાથે દીપકભાઈ શાહ અને સંધ્યાબેન શાહની જુગલજોડીએ સમધુર સ્વર રેલાવ્યા : કલાકારોનું સન્માન

**હોલ્ટન**

મિલ્ટન સ્થિત હોલ્ટન સિનિયર્સ ગ્રુપના હસુબેન સ્થાનાકીયા, પિયુષભાઈ પટેલ અને ભુપેન્દ્ર મોદી દ્વારા આયોજિત ઈ.સ.૨૦૨૩ના નવલા વર્ષને વધાવવા અને મકરસંક્રાંતિ પર્વની ઉજવણીનો કાર્યક્રમ ગ્રેસ એન્ગ્લીકન ચર્ચમાં તા.૮ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ યોજાયો હતો.

" સિનિયર્સ હેલ્પ સિનિયર્સ "ના અભિગમ સાથે સહભાગી સ્વયંસેવકોએ હોલને સુંદર રીતે સજાવ્યો હતો. આમંત્રકોએ સહભાગીઓનું તલ-ચીકી આપી હાર્દિક સ્વાગત કર્યું હતું.

સૌએ સર્વેશ્વરની મંત્રોચ્ચાર દ્વારા પ્રાર્થના કરી હતી અને એકબીજાનો પરિચય મેળવ્યો હતો. પંકજ ત્રિવેદીએ ગુજરાત સહીત દેશના વિવિધભાગોમાં થતી પાવન ઉત્તરાયણ પર્વની વૈવિધ્યપૂર્ણ ઉજવણી થકી કેવી રીતે વિવિધતામાં એકતા સિદ્ધ થાય છે તેનો ખ્યાલ આપ્યો હતો. રમણીકભાઈ રાચે હોલ્ટન સિનિયર્સ ગ્રુપ વિષે પરિચય આપ્યો હતો. મંજુલાબેન રાચ અને સુધાબેન પંચમટિયાના ગ્રુપ દ્વારા રજુ કરાયેલા કંજુસીની ચરમસીમા પ્રદર્શિત કરતી " લોભી વિજુડી " લઘુ-નાટિકાએ સહુને હાસ્ય તરબોળ કરી દીધા હતા.

દીપકભાઈ શાહ અને સંધ્યાબેન શાહની જુગલજોડીએ એક કલાકથી પણ વધુ સમય પોતાના સુમધુર સ્વર રેલાવી, સંગીત કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા.

સમગ્ર કાર્યક્રમમાં સૌ મન મુકીને ઝૂમ્યા હતા. કસબીઓને પ્રતિક ભેટ આપી, સભ્યો દ્વારા સન્માનવામાં આવ્યા હતા. ભુપેન્દ્ર મોદીએ સહુને નવા વર્ષની પશ્ચાદ ભૂમિકામાં પ્રસંગોચિત પરિવેશમાં ફોટોગ્રાફી કરી આપી હતી. કાર્યક્રમના અંતે પિયુષ પટેલ, જય પટેલ, સ્મિતાબેન મોદી, દક્ષાબેન પટેલ કનક્લત્તા ત્રિવેદી દ્વારા "ગુજરાતી ફૂડ એન્ડ કેટરિંગ સર્વિસ"માંથી મંગાવેલ સ્વાદિષ્ટ ભોજન અંતરના ઉમળકાથી પીરસ્યું હતું. સમગ્ર કાર્યક્રમ પરસ્પર સહભાગિતા થકી શોભી ઉઠ્યો હતો.









તંત્રી સ્થાનેથી

# વિકાસ પાછળની આંધળી દોટમાં જોશીમઠનું અસ્તિત્વ જ જોખમાયું

2021ના વરસના ફેબ્રુઆરીમાં ચમોલી જિલ્લામાં હિમાલયની પર્વતમાળામાં બરફની મોટી શિલા તૂટતાં અલકનંદા અને ધૌલીગંગા નદીમાં આવેલા પૂરે તબાહી તબાહી મચાવી હતી. આ પૂરના કારણે બંને નદીના કિનારે આવેલાં મકાનો સાફ થઈ જ ગયાં, સાથે સાથે રીશીગંગા પાવર પ્રોજેક્ટને પણ નુકસાન થયું હતુ. આ પૂર એટલું ભીષણ હતુ કે, દિવસો ચોતરફ પાણી જ પાણી રહેતા લોકો મુશ્કેલી ભોગવતા રહ્યા અને સરકાર કે તંત્ર લાચાર બની રહ્યું. આ પૂરને કારણે ઓછામાં ઓછાં ૧૫૦ લોકોનાં મોત થયાં હતાં. પાણીના ધસમસતા પ્રવાહમાં આખે આખાં ઘર તણાઈ ગયાં હતાં. આ ઘરોમા રહેનારાં અનેક લોકોનો આજે પણ પતો નથી લાગ્યો. આ ઘટના બાદ હવે ઉત્તરાખંડના જોશીમઠમાં જમીન ફાટવાના કારણે ૬૦૦થી વધુ મકાનોમાં તિરાડો પડી જતા કેન્દ્ર અને રાજ્ય સરકાર દોડતી થઈ ગઈ છે. જોશીમઠ પ્રાચીન નગર છે અને હિંદુઓ માટે યાત્રાધામ મનાતા બદરીનાથનું પ્રવેશદ્વાર ગણાય છે. બદરીનાથ તથા હેમકુંડ સાહિબના રસ્તામાં આવતા જોશીમઠની પાસે જ આંતરરાષ્ટ્રીય સ્કીઈંગ પ્લેસ ઔલી પણ આવેલું છે. જોશીમઠમાં શંકરાચાર્યનો આશ્રમ જ્યોતિ મઠ આશ્રમ પણ છે ને બીજા પણ પવિત્ર મનાતાં સ્થળો છે.



તંત્રી - સ્વદેશ

જોશીમઠમાં લગભગ ૪૦૦૦ જેટલાં ઘર છે. તેમાંથી તિરાડો પડતાં ૬૦૦ જેટલાં ઘરો ધરાશાયી થઈ જવાનું જોખમ ઉભુ થયુ છે. તેથી ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ તો જોશીમઠમાં જ ધામા નાંખ્યા છે તો કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે પણ અધિકારીઓને દોડાવ્યા છે. જોશીમઠના કેટલાક વિસ્તારોને અસુરક્ષિત જાહેર કરીને પ્રવેશ બંધ કરી દેવાયો છે. જો કે, રાજ્ય સરકાર આ વિસ્તારમાં રહેતાં લોકોને ખસેડીને બીજાં સ્થળે લઈ જઈ રહી છે તેની સામે લોકોમાં વ્યાપક નારાજગી છે. બીજી બાજુ રાજ્ય સરકારે દરેક અસરગ્રસ્ત પરિવારને ૬ મહિના સુધી માસિક ૪૦૦૦ રૂપિયા આપવાનું એલાન પણ કર્યું છે. સરકારનો દાવો છે કે, જોશીમઠ શહેરમાં જમીન ધસી પડી નથી પણ કેટલાક ભાગમાં જ આ સ્થિતિ છે.

હાલમાં જોશીમઠમાં તિરાડો પડી છે એ પાછળનું કારણ 'મેઈન સેન્ટ્રલ થ્રસ્ટ' લાઈન ફરી સક્રિય થઈ એ છે. મુખ્ય સેન્ટ્રલ થ્રસ્ટ ભૂસ્તરશાસ્ત્રીય સમસ્યા છે. આ લાઈન કે ઝોન ફરી સક્રિય થતાં જોશીમઠમાં ભૂસ્ખલન થઈ રહ્યું છે. હવે હજારો લોકોના જીવ ખતરામાં છે અને આખું શહેર તબાહ થઈ જવાના આરે આવી ગયું છે. વાસ્તવમાં જોશીમઠની અવદશાનાં મૂળ લગભગ પાંચેક દાયકા પહેલાં નંખાઈ ગયા હતા. ઉત્તરાખંડ અસ્તિત્વમાં આવ્યું એ પહેલાં આખો પ્રદેશ ઉત્તર પ્રદેશનો ભાગ હતો. ૧૯૭૫માં ઉત્તર પ્રદેશ સરકારે જોશીમઠમાં બાંધકામોને પહેલી વાર મંજૂરી આપી તેની સામે ભૂસ્તરશાસ્ત્રીઓએ ચેતવ્યા હતા. ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં ચમોલીના બેલાકુચીના ભીષણ પૂર આવ્યું. જોશીમઠની પણ એવી જ હાલત થશે એવી ચેતવણી ભૂસ્તરશાસ્ત્રીઓએ આપી હતી. તેના કારણે લોકોએ ઉગ્ર વિરોધ નોંધાવતાં ઉત્તર પ્રદેશ સરકારે તે સમયે ગઢવાલના કમિશનર મુકેશ મિશ્રાના પ્રમુખસ્થાને જોશીમઠના સર્વે માટે પંચ બનાવ્યું હતું. મિશ્રા પંચે ૧૯૭૬માં સોંપેલા રિપોર્ટમાં જોશીમઠની તળેટીમાં કોઈ મોટો પ્રોજેક્ટ નહી કરવા સ્પષ્ટ શબ્દોમાં નોંધ કરી હતી. રીપોર્ટમાં ઉલ્લેખ કરાયો હતો કે, જોશીમઠનો વિસ્તાર પ્રાચીન ભૂસ્ખલન વિસ્તારમાં આવે છે અને શહેર પર્વત પરથી નીચે આવેલા પથ્થર અને માટીના ઢગલા પર બન્યું હોવાથી ગમે ત્યારે માટી સરકી શકે છે. પંચે ઢોળાવ ઉપર ખોદકામ કે વિસ્ફોટ કરીને મોટા પથ્થરો નહીં કાઢવાની ભલામણ કરી હતી. જોશીમઠના પાંચ કિલોમીટરની અંદર કોઈપણ બાંધકામનો કાટમાળ ન ફેંકવો, નવા બાંધકામોને મંજૂરી ના આપવી વગેરે તાકીદ પણ કરાઈ હતી.

યુપી સરકારે થોડો સમય આ વાતો માની પણ પછી રીપોર્ટને અભરાઈ પર ચડાવીને બાંધકામોને આડેધડ મંજૂરી આપવા માંડી. વિકાસના નામે ખોદકામ શરૂ થયાં તેમાં મોંકાણ મંડાતી ગઈ. બાકીનું કામ એનટીપીસી પાવર પ્રોજેક્ટે પુરુ કરી દીધુ. એનટીપીસી અત્યારે બચાવ કરે છે કે, અમે વિસ્ફોટ કરીને પોલાણ નથી કર્યું પણ તેનાથી ફરક પડતો નથી. જમીનના સ્તરને કોઈ રીતે છંછેડવાનું જ નહોતું ત્યારે પંચના રિપોર્ટની અવગણના કરીને અહીં તો આખો પાવર પ્રોજેક્ટ ઉભો કરી દેવાયો છે.

ઉત્તર પ્રદેશ અને પછી બનેલા ઉત્તરાખંડની સરકારોએ મિશ્રા પંચની ઐસીતૈસી કરીને આખા વિસ્તારને સર્વનાશના આરે લાવીને મૂકી દીધો છે. ઉત્તરાખંડની સરકારો માત્ર મિશ્રા પંચની ભલામણોને ઘોળીને પી નથી ગઈ પણ એકાદ દાયકા પહેલાં ઉત્તરાખંડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ આપેલી ચેતવણીની પણ ધરાર અવગણના થઈ છે.

૨૦૧૩માં કેટલાંક ગામોમાં મકાનોમાં તિરાડો પડતાં લોકો ભડક્યાં હતાં. તેના પગલે રાજ્ય સરકારે આદેશ આપતાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ ૨૦૧૩માં પાંચસોથી વધારે ગામોનો સરવે કર્યો હતો. આ રિપોર્ટમાં પણ ચેતવણી અપાઈ હતી કે, આ વિસ્તારમાં જોશીમઠ ઉપરાંત ૪૮૪ ગામ એવાં છે કે જેમના પર ખતરો છે. આ ગામનાં લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાં જરૂરી છે. આ ચેતવણીના પગલે સરકારે થોડાંક ઘરોને ખાલી કરાવ્યાં હતાં પણ પછી બધુ વિસરાઈ ગયુ. જોશીમઠ પર ખતરાનું કારણ અહીંની જમીનું બંધારણ છે. જોશીમઠ હિમાલયના ઈકો-સેન્સિટિવ ઝોનમાં આવેલું છે. ભૂસ્તરશાસ્ત્રીઓએ પોતાના સંશોધનમાં વાંરવાર ચેતવણી આપેલી છે કે, ઉત્તરાખંડના ઊંચાઈવાળા વિસ્તારોમાં આવતાં મોટાભાગનાં ગામો ગ્લેશિયર પર વસે છે. અત્યારે લોકો વસેલાં છે અને વસાહતો ઉભી કરાઈ છે ત્યાં એક સમયે હિમનદીઓ હતી. હિમનદીઓ પિગળે ત્યારે પાણી નીચેની તરફ જતું હતુ પણ તેનો કાટમાળ રહી ગયો. હિમનદીઓની સાથે ખડકો અને માટીના સ્તર પણ હતા. આ ખડકો, માટી અને કચરાનો થર જામતા જતા તેમાંથી પર્વત બની ગયો. આ રીતે બનેલા પર્વતને મોરેન કહે છે. પણ આ પર્વત પોલા હોય છે તેથી ગમે ત્યારે તેની જમીન ધસી શકે. જોશીમઠમાં પણ એવું જ થયું છે. જોશીમઠ પર આવેલી આફતના કારણે ચાર ધામ યાત્રા પર પણ અનિશ્ચિતતાનાં વાદળ ઘેરાયેલાં છે. જોશીમઠ બદરીનાથનું પ્રવેશદ્વાર મનાય છે. ઉત્તરાખંડમાં આવેલાં ચાર ધામની યાત્રાએ જવું હોય તો જોશીમઠ થઈને જ જવું પડે. ભૂસ્તરશાસ્ત્રીઓ અને પર્યાવરણ નિષ્ણાતોનું કહેવું છે કે, જોશીમઠ, કર્મપ્રયાગ અને ચામ્બા પછી ઉત્તરકાશી, ચંપાવત અને નૈનીતાલનો વારો આવી શકે છે. રાજકારણીઓ પોતાના ફાયદા માટે ગમે તેવા નિર્ણયો લે છે અને નિષ્ણાતોને ગણકારતા નથી તેની કિંમત લોકો ચૂકવી રહ્યાં છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# 30 ટકા નફો મળશે કહીને સુરતનો વેપારી 28 કરોડ ઉઘરાવી રફ્ફુચક્કર થઈ ગયો

## અમદાવાદના આઈટી સોફ્ટવેરના વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી

**સુરત**

અમદાવાદના સાયન્સ સિટી વિસ્તારમાં અમિત માંડવીયા ચાર લોકોની ભાગીદારીમાં આઈટી સોફ્ટવેરનો ધંધો કરે છે. 2021માં અમિતભાઈના મિત્ર પ્રદિપભાઈ પરમાર, હાર્દિકભાઈ પરીખ, સૌરિન દેસાઈએ તેમની ઓળખાણ સુરતના વેપારી સાવન ખેની સાથે કરાવી હતી. સાવન ખેની સાથે મિત્રતા વધતાં અમિત માંડવિયાની અવારનવાર વાતચીત થતી હતી. તેણે અમિતભાઈને કહ્યું હતું કે, વિદેશમાં એક આઈટી પ્રોજેક્ટ મળ્યો છે. જો તમે રોકાણ કરશો તો 30 ટકા પ્રોફિટ મળશે. સાવન ખેનીએ કહ્યું હતુ કે, 28.87 કરોડ રૂપિયા રોકવા પડશે.

સાવનની વાત સાંભળીને અમિતભાઈએ તેમના ભાગીદારો સાથે રોકાણ કરવા સંબંધિત ચર્ચાઓ કરી હતી. તેમના ચારેય ભાગીદારોએ સંમતિ આપતાં સાવન ખેનીની સ્કીમમાં રોકાણ કરવાની તૈયારી દર્શાવી હતી. નવેમ્બર 2022માં અમિતભાઈ સાવન ખેનીની ઓફિસ ખાતે ગયાં હતાં. ઓફિસમાં તેના પિતા ઠાકરશીભાઈ તથા પરિવારના સભ્યો હાજર હતાં તે વખતે પણ આ પ્રોજેક્ટમાં રોકાણ કરવાથી મોટો ફાયદો થશે તેવી બાંહેધરી આપી હતી. ત્યારબાદ અમિતભાઈએ પૈસા ભરીને રોકાણ કર્યું હતું. સાવન ખેની પર ભરોસો મુકીને અમિત ભાઈએ પૈસા ટ્રાન્સફર કર્યા હતાં. ત્યાર બાદ સોફ્ટવેર ડેવલોપમેન્ટનું કામ ચાલુ કરવા અમિતભાઈએ સાવનને અનેક ફોન કર્યાં હતાં પણ તેને એક પણ ફોન રિસિવ કર્યો નહોતો.

# નાના ભાઇને મારી નાંખવાની ધમકી આપીને યુવતી પાસે કપડા ઉતરાવ્યા

**સુરત**

પુણાગામ વિસ્તારમાં રહેતી અને અઠવાલાઈન્સ વિસ્તારની કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી મોનીકા (ઉ.વ. 21 નામ બદલ્યું છે) ની જાન્યુઆરી 2022 માં પોતાની સાથે કોલેજમાં અભ્યાસ કરતા હેમાંગ સુધીર કાતરીયા (રહે. વિધાતા એપાર્ટમેન્ટ, માતાવાડી, વરાછા) સાથે સ્નેપ ચેટ પર મિત્રતા થઇ હતી. મોનીકા પોલીસમાં ભરતી થવાની તૈયારી કરી હોવાનું ચેટમાં જણાવતા હેમાંગે પોતે પોલીસમાં ભરતીની પરીક્ષા પાસ કરી છે એમ કહી ગાઢ મિત્રતા કેળવી હતી.

દરમિયાનમાં માર્ચ 2022 માં મધરાતે મોનીકાના પરિવારના સભ્યો સૂતેલા હતા ત્યારે હેમાંગે વ્હોટ્સએપ પર વિડીયો કોલ કરી કપડા ઉતારવા કહ્યું હતું. પરંતુ મોનીકાએ ઈન્કાર કરતા તેના 8 વર્ષના નાના ભાઈને મારી નાંખવાની ધમકી આપતા મોનીકાએ છાતીના ભાગના કપડા કાઢી નાંખ્યા હતા. જો કે હેમાંગની ધમકીથી ડરી જનાર મોનીકાએ હેમાંગનો નંબર બ્લોક કરી દીધો હતો. પરંતુ અઠવાડિયા અગાઉ મોનીકાનો કપડા કાઢતો વિડીયો વાયરલ થયો હતો અને આ અંગેની જાણ પિતરાઇ ભાઈએ મોનીકાને કરતા તે ચોંકી ગઈ હતી. મોનીકાએ આ અંગે પુણા પોલીસમાં અરજી કરી હતી.

# C.A IPCCનું સુરતનું 19.90 ટકા પરિણામ: 6 વિદ્યાર્થી ટોપ-50 માં

**સુરત**

સી.એ ઈન્સ્ટીટયુટ દ્વારા નવેમ્બર-૨૦૨૨ માં સી.એ બનવા માટે બીજા સ્ટેજની આઈપીસીસી પરીક્ષા દેશભરમાં લીધી હતી. સમ્રગ ભારતમાંથી બન્ને ગુરપના કુલ ૩૭૪૨૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરિણામ જાહેર થતા ૪૭૫૯ વિદ્યાર્થીઓ પાસ થતા ઓલ ઈન્ડિયાનું પરિણામ ૧૨.૭૨ ટકા આવ્યુ હતુ. સુરત કેન્દ્રમાંથી બન્ને ગુરપમાંથી કુલ ૧૦૦૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપ્યા બાદ ૨૦૧ ઉર્તીણ થતા ૧૯.૯૦ ટકા પરિણામ આવ્યુ હતુ. આ પરિણામમાં સુરતના ૭ વિદ્યાર્થીઓ ટોપ-૫૦ રેન્કમાં આવ્યા હતા.જેમાં અનુજ મુંઘરા ૮૦૦ માંથી ૬૨૫ માર્કસ લાવીને ઓલ ઈન્ડિયામાં ૨૦મો અને સુરતમાં ફસ્ટ રેન્ક સાથે મેદાન મારી ગયો હતો. જયારે કિષ્ના કેડીયા૬૧૯ માર્કસ મેળવીને દેશભરમાં ૨૬ મા રેન્ક અને સુરતમાં બીજા ક્રમ સાથે ઉર્તીણ થઇ હતી.

# સુરતમાં ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ યોજાયો 108 ફુટનો પતંગ આકર્ષણનું કેન્દ્ર બન્યો



સુરતના ઉધનાના ઇલેક્ટ્રીકલ એન્જિનિયર એવા પતંગબાજ મિતેશ લકુમ અને ટીમે 108 ફૂટ લાંબો પતંગ ચગાવીને આવેલા દર્શકોને ખુશ કરી દીધા હતા. આ પતંગબાજના પતંગ દુનિયામાં એટલા માટે અનોખા છે કે પતંગબાજ પોતે ડિઝાઈન બનાવે છે અને તેને કોપીરાઈટ પણ કરાવે છે તેથી આવા પતંગ બીજા કોઈ બનાવી શકતા નથી. આ પતંગ ઈન્ડોનેશિયામાં તૈયાર કરાવ્યો હતો.

# બે સંતાનની માતાનું યૌન શોષણ કરનાર નાનીવેડના પટેલ અગ્રણીની ધરપકડ

**સુરત**

સુરતમાં બે સંતાનની માતાનું પાંચ વર્ષ સુધી યૌન શોષણ કરનાર નાનીવેડ ગામના પટેલ સમાજના અગ્રણીની સિંગણપોર પોલીસે ધરપકડ કરી છે.પરિણીતાએ ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કરતા અઢી મહિના અગાઉ ગુનો નોંધાયો હતો. અવારનવાર જુદાજુદા બહાને બોલાવી દુષ્કર્મ આચર્યા બાદ મોબાઈલમાં બિભત્સ વિડીયો બનાવી શાંતીલાલ ઉર્ફે શાંતુલાલા પટેલે પાંચ વર્ષ સુધી યૌન શોષણ કર્યું હતું.આ અંગે શોભનાએ પતિને વાત કરતા તેમણે શાંતીલાલ ઉર્ફે શાંતુલાલા પટેલને વાત કરતા તેમણે સમાધાન માટે દબાણ કર્યું હતું.તેથી ગત 2 ઓક્ટોબર 2022 ના રોજ શોભનાએ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ અંગે સિંગણપોર પોલીસ મથકમાં શાંતીલાલ ઉર્ફે શાંતુલાલા પટેલ વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે.




# વડોદરામાં પતિ સામે પત્ની અને પુત્રની હત્યાનો ગુનો દાખલ

## સામુહિક આપઘાત કેસમાં વળાંક : પ્રિતેશ પણ આરોપી નીકળ્યો, પોલીસ દ્વારા એબેટેડ સમરીનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કરાશે

**વડોદરા**

આર્થિક સંકડામણના કારણે વાઘોડિયા રોડના મિસ્ત્રી પરિવારે સામૂહિક આપઘાત કરી લીધો હતો.ડોક્ટરના અભિપ્રાય અને પોલીસની પ્રાથમિક તપાસના અંતે પ્રકાશમાં આવેલી વિગતોના આધારે પાણીગેટ પોલીસે શેરબજારનું કામ કરતા યુવક સામે પત્ની અને માસૂમ પુત્રના ખૂન કરવા અંગે ડબલ મર્ડરનો ગુનો દાખલ કર્યો છે.

વાઘોડિયા રોડ પર દર્શનમ ઉપવનમાં પ્રિતેશ પ્રતાપભાઈ મિસ્ત્રી (ઉ.વ.૩૦) તેમની પત્ની સ્નેહા (ઉ.વ.૩૨) તથા સાત વર્ષના પુત્ર હર્ષિલ સાથે રહેતા હતા.પ્રિતેશ શેરબજારનું કામ કરતો હતો.બેન્ક તેમજ ફાઈનાન્સ કંપનીઓમાંથી લીધેલી લોન ભરપાઈ નહીં થતા પ્રિતેશ આર્થિક ભીંસમાં આવી ગયો હતો.ગઈકાલે સવારે તેના



ઘરમાંથી પ્રિતેશની ફાંસો ખાધેલી હાલતમાં લટકતી લાશ મળી આવી હતી.અને તેના સાત વર્ષના પુત્ર હર્ષિલની લાશ બેડ પર અને પત્ની સ્નેહાની લાશ બેડની બાજુમાં નીચે જમીન પરથી મળી આવી હતી.જેના પગલે પાણીગેટ પોલીસ સ્ટેશનના પી.આઈ.એસ.એ.ગોહિલે સ્થળ પર જઈને તપાસ હાથ ધરી હતી.ત્રણેયના મૃતદેહ પી.એમ.માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપવામાં આવી હતી.પી.એમ.રિપોર્ટમાં પ્રાથમિક તારણ એવું બહાર આવ્યું હતું કે,સ્નેહા અને હર્ષિલના મોત ગૂંગળામણના કારણે થયા છે.જ્યારે પ્રિતેશનું મોત ગળા ફાંસો ખાવાથી થયું છે.જેથી,એવું તારણ બહાર આવ્યું હતું કે,પ્રિતેશે પત્ની અને પુત્રને મારી નાંખ્યા પછી જાતે આપઘાત કરી લીધો હતો.આજે અંતિમવિધિ પૂરી કર્યા પછી સ્નેહાના પિતાએ જમાઈ પ્રિતેશ સામે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ડબલ મર્ડરનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.આરોપી પ્રિતેશનું પણ મોત થયું હોવાથી પોલીસ દ્વારા એબેટેડ સમરીનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

### પત્નીની હત્યા પછી પુત્રની હત્યા કરી હોવાનું અનુમાન

વડોદરા,એક દેવું પુરૂ કરવા માટે બીજી લોન લેનાર પ્રિતેશ મિસ્ત્રી એવા ચક્કરમાં ફસાયો હતો કે,તેણે પરિવાર સાથે જીવન ટૂંકાવી દીધું હતુ. પત્ની અને પુત્ર પૈકી પ્રિતેશે કોની હત્યા પહેલા કરી હશે ? તે અંગે હજી અવઢવ છે.પોલીસનું અનુમાન છે કે,પ્રિતેશે સૌપ્રથમ પત્ની સ્નેહાની હત્યા કરી હશે. કારણકે માતા પોતાની નજર સામે માસૂમ પુત્રની હત્યા જોઇ શકત નહીં. એટલે સૌપ્રથમ પત્નીની હત્યા કર્યા પછી પ્રિતેશે પુત્રની હત્યા કરી હશે. અને પછી પોતે ફાંસો ખાઇ લીધો હશે. જોકે,ત્રણેયના મોતના સમય ફોરેન્સિકના ફાઇનલ રિપોર્ટ પછી જાણવા મળશે.

# વિપુલના ભેદી મોત બાદ આંદોલનના એંધાણ : ન્યાય માટે સમાજની બેઠક

**વડોદરા**

વડોદરા શહેરના માંજલપુરના સુબોધનગરમાં કિશોરના શંકાસ્પદ શંકાસ્પદ ગળેફાંસા અંગે પરિવારજનોએ હત્યાની આશંકા સેવી છે. જેના સંદર્ભે મૃતકને ન્યાય હેતુ સમાજની બેઠક મળવા પામી હતી. જેમાં હવે ભાદરવા મંદિર ખાતે ઉપવાસ આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

વડોદરા શહેરના માંજલપુરના સુબોધ નગરમાં ચાલતા સત્‌ના દરબારમાં શ્વાનોને બાંધવાના પટ્ટા સાથે કિશોરનો લટકેલો મૃતદેહ મળતા ચકચાર મચી જવા પામી હતી. આ મામલે મૃતકના પરિવારજનોએ હત્યા થઈ હોવાનો દાવો કર્યો છે. પરિવારજનોનું કહેવું છે કે, શ્વાનને બાંધવાનો પટ્ટો પહેલા પંખે બાંધવામાં આવ્યો અને ત્યાર બાદ કિશોરને લટકાવી તેની હત્યા કરવામાં આવી છે. મૃતક વિપુલ અને તેની માતા જોડે મકાન માલિક બળજબરી પૂર્વક ઘરકામ કરાવતા હોવાની વિગતો પણ સપાટી પર આવી હતી. આ ઘટનાના પગલે માંજલપુર પોલીસ અને એફએસએલની ટીમએ કથિત હત્યા કે આત્મહત્યા અંગે તપાસ હાથ ધરી છે. મૃત્યુ અંગે પરિવાર તથા સમાજના લોકો ન્યાયની માંગ કરી રહ્યા છે.

# ગઢડાના ઉગામેડી ગામે પૈસાની લેતીદેતીમાં થયેલી હત્યાના આરોપીને આજીવન કેદ

## ચાર્જશીટ બાદ ફરિયાદી પક્ષે 20 સાક્ષી તપાસ્યા, 40 દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા

**બોટાદ**

ગઢડા તાલુકાના ઉગામેડી ગામે પૈસાની લેતીદેતી બાબતે ઉઘરાણી કરતા ઉશ્કેરાઇ છરી વડે હુમલો કરી મોત નિપજાવી બનાવ હત્યામાં પરિણામતા આ અંગે થયેલ ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરાયા બાદ ૨૦ સાક્ષીને તપાસી ૪૦ દસ્તાવેજી પુરાવા રજૂ કરતા કેસ ચાલી જતા બોટાદ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટમાં હત્યાના આરોપી મહેશ વાલજીભાઈ પરમારને આજીવન કેદની સજા ફટકારાઇ હતી.

બોટાદ જીલ્લાના ગઢડા તાલુકાના ઉગામેડી ગામે ગઈ તા.૦૯/૦૭/૨૦૧૯ના રોજ રાત્રીના ૯.૪૫ કલાકે મરણજનાર જયવીરભાઈ પ્રભાતભાઈ ચાવડા (આહીર) રે.ગઢડા વાળા આરોપી મહેશભાઈ વાલજીભાઈ પરમાર રે. ઉગામેડી વાળા પાસે પૈસાની લેતી દેતી અગાઉ થયેલ હોય તેની ઉઘરાણી કરવા ગયેલ હોય અને ઉગામેડી ગામના પીપળા ચોકમાં મરણજનાર જયવીરભાઈ ચાવડા (આહીર) અને આરોપી મહેશ વાલજીભાઈ પરમાર તથા ગૌતમભાઈ વાલજીભાઈ પરમાર વિગેરે વચ્ચે નાણા બાબતે માથાકૂટ થતા આરોપી મહેશભાઈએ પોતાની પાસે રહેલી ધારદાર છરી વડે જયવીરભાઈ પ્રભાતભાઈ આહીરને શરીરના જુદા જુદા ભાગોએ ગંભીર પ્રકારની ઈજા પહોંચાડેલ હોય ફરીયાદી પરેશભાઈ તથા તેમના સગા વ્હાલાઓ મરણ જનાર જયવીરભાઈને ગઢડા હોસ્પિટલ લઈ ગયેલ જ્યાં ડોકટરે ઈજા પામનાર જયવીરભાઈને મૃત જાહેર કર્યો હતો

# વડોદરા, અંક્લેશ્વર, આણંદમાં 21 સ્થળે SGSTની તપાસ : 11 બોગસ પેઢી મળી

## 27.44 કરોડના બોગસ બિલો ઇશ્યૂ કરાયા અને 4.93 કરોડની વેરા શાખા મેળવી

**વડોદરા**

ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગે અંક્લેશ્વર અને આણંદમાં 21 પેઢીમાં તપાસ કરતા 11 પેઢી બોગસ મળી આવી હતી.

ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગના વડોદરા વિભાગ-૬ ના અધિકારીઓએ અંક્લેશ્વર અને આણંદ વિસ્તારમાં તા.૯ના રોજ ૧૫ પેઢીમાં તપાસ



હાથ ધરી હતી. જેમાં બોગસ પેઢીઓમાં દસ્તાવેજો બોગસ જણાઈ આવ્યા હતા.

આ ૬ પેઢીએ ૨૭.૪૪ કરોડના બોગસ બિલો ઈશ્યૂ કર્યા હતા. જેના દ્વારા ૪.૯૩ કરોડની વેરાશાખા પાસઓન કરી હતી. આ પેઢીઓએ બોગસ દસ્તાવેજોનો ઉપયોગ કર્યાનું જણાઈ આવ્યું હતું. ખોટી રીતે વેરાશાખ લેનાર લોકોને તેમજ બોગસ પેઢીના સંચાલકોને ઝડપ પાડી તેમજ વેરાશાખ ભોગવનાર પાસેથી વેરાની વસૂલાત કરવામાં આવનાર છે.

# બાપોદમાં પત્નીના ત્રાસથી કંટાળી પુત્રની હત્યા કરી પિતાએ પણ ફાંસો ખાઈ લીધો

## મારા પુત્રનું કોઇ ધ્યાન નહીં રાખે એટલે સાથે લઇ જઉ છું : સ્યુસાઇડ નોટ

**વડોદરા**

વાઘોડિયા રોડ પર બાપોદ ગામ વુડાના મકાનમાં રહેતો ૩૨ વર્ષનો પરેશ કનુભાઈ સીંકલીગર રીક્ષા ડ્રાઈવિંગ કરે છે. પત્ની આશાબેન તથા ૧૧ વર્ષના પુત્ર સાથે રહે છે.પત્ની સાથેની તકરારના કારણે તે કંટાળી ગયો હતો. બપોરે તેણે પોતાના ઘરે પુત્રને ગળા ફાંસો આપીને મોતને ઘાટ ઉતાર્યો હતો. ત્યારબાદ બીજા રૂમમાં જઈને તેણે પોતે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી દીધું હતું.તેની પત્ની બપોરે બંગલાઓમાં કામ કરીને ઘરે પરત આવતા તેને બનાવની જાણ થઈ હતી. જે અંગે બાપોદ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે સ્થળ પર જઈને તપાસ હાથ ધરી હતી. પોલીસને ઘરમાંથી એક ચિટ્ઠી મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે,હું મારી પત્નીના ત્રાસથી કંટાળીને આ પગલું ભરૂં છું. હું મારા પુત્રને પણ મારી સાથે લઈ જઉ છું. કારણકે મારા મર્યા પછી મારા પુત્રનું કોઈ ધ્યાન નહીં રાખે. તેમજ તેણે બહેનની માફી માંગી જણાવ્યું હતું કે, તારી પાસેથી લીધેલા પૈસા પરત આપી શક્યો નથી.તે અંગે માફી માંગુ છું. પોલીસે આ ચિટ્ઠી કબજે લઈ મૃતદેહનું પીએમ કરાયું હતું.

# વિરમગામમાં ભાજપના કોર્પોરેટર હર્ષદ ગામોતની હત્યા, તપાસનો ધમધમાટ

**વિરમગામ**

વિરમગામમાં ભાજપના મહિલા કોર્પોરેટરના પતિની કરપીણ હત્યા થઈ છે. અંગત અદાવતમાં ભાજપના મહિલા કોર્પોરેટરના પતિની હત્યા થઈ હોવાનું સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સંદર્ભે વિરમગામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ભાજપના કાર્યકરે જ વિરમગામમાં ભાજપના કોર્પોરેટર હર્ષદ ગામોતની હત્યા કરી છે. પાલિકાની ચૂંટણી સમયથી અંગત અદાવત ચાલતી હતી. વિરમગામમાં ભાજપના ચાલુ કોર્પોરેટર હર્ષદ ગામોતની હત્યા થઈ ગઈ છે. કોર્પોરેટર હર્ષદ ગામોત અને ભરત કાઠી વચ્ચે નગરપાલિકાની ચૂંટણી સમયથી અદાવત ચાલતી હતી. ત્યારે વિરમગામમાં અંદરોઅંદરની લડાઈમાં ભાજપના કોર્પોરેટર હર્ષદ ગામોતની હત્યા થઈ છે.

# વડોદરામાં 70 ખેડૂતો દ્વારા પોતાના ખેતરમાં ડ્રોનથી યુરિયાનો છંટકાવ

**વડોદરા**

લગ્ન સમારોહ અને બીજી ઈવેન્ટસની ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી કરવા માટે ડ્રોનનો ઉપયોગ હવે વ્યાપક બની ગયો છે. જોકે ડ્રોન ટેકનોલોજી હવે બીજા ક્ષેત્રોમાં પણ પ્રવેશી રહી છે.

કૃષિ ક્ષેત્રે પણ ડ્રોનની એન્ટ્રી થઈ છે. રાજ્ય સરકાર દ્વારા ડ્રોન વડે ખેતરોમાં યુરિયો છંટકાવની સુવિધા આપવાનુ શરુ કરાયુ છે અને વડોદરા જિલ્લામાં પણ ખેડૂતોએ આ યોજનાનો લાભ લેવાનુ શરુ કરી દીધુ છે. મળતી વિગતો પ્રમાણે ઓગસ્ટ મહિનામાં આ યોજના લોન્ચ કરવામાં આવ્યા બાદ વડોદરા જિલ્લામાં ૭૦ જેટલા ખેડૂતોએ ૨૫૦ એકરના વિસ્તારમાં ડ્રોન વડે યુરિયાનો છંટકાવ કરાવ્યો છે. વડોદરા જિલ્લાની ખેતીવાડી શાખાના સૂત્રોના કહેવા પ્રમાણે હજી આ વર્ષથી જ યોજનાની શરુઆત થઈ હોવાથી ખેડૂતોમાં ધીરે ધીરે તે અંગે જાગૃતિ આવી રહી છે.ડ્રોન વડે એક એકર પાક પર માત્ર ૨૦ થી ૩૦ મિનિટમાં યુરિયાનો છંટકાવ થઈ જાય છે. ઉપરાંત સરકાર આ યોજનામાં એક એકર દીઠ ૫૦૦ રુપિયા સબસિડી પણ આપી રહી હોવાથી ખેડૂતોને યુરિયા છંટકાવ માટે એકર દીઠ ૨૦૦ થી ૩૦૦ રુપિયાનો જ ખર્ચ આવી રહ્યો છે. રાજ્ય સરકારે આ યોજના માટે સબસિડી તરીકે ૩૫ કરોડ રુપિયાની જોગવાઈ કરી છે.

# અમૂલમાંથી આર સોઢીની હકાલપટ્ટી, જયેન મહેતાને ડાયરેક્ટરનો ચાર્જ સોંપાયો

**આણંદ**

અમૂલ ડેરીના મેનેજિંગ ડાયરેક્ટર આર એસ સોઢીની હકાલપટ્ટી કરવામાં આવી હતી. તેમની જગ્યાએ GCMMFના COO જયેન મહેતાને મેનેજિંગ ડાયરેકટરનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આર. એસ. સોઢીએ આજે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમના એક દાયકાના શાસનનો અંત આવ્યો છે. મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની બેઠક મળી હતી. જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અમૂલના એમ ડી આર. એસ. સોઢીને તાત્કાલિક અસરથી પોતાનો ચાર્જ છોડી દેવા માટે આદેશ કરવામાં આવ્યો હતો. જેથી આર એસ સોઢીએ બુધવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. હવે તેમની જગ્યાએ જયેન મહેતાને મેનેજિંગ ડાયરેક્ટરનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

# હળવદમાં તૂટી પડેલા વાયરના વીજશોકથી 20 ગાય-ભેંસના મોત

## 5 મિનિટ પહેલા તાર તૂટયા હોત તો પચાસ માનવ જીંદગી હોમાઈ જાત, તારથી અનેક જગ્યાએ વારંવાર અકસ્માત

**હળવદ**

હળવદથી નાડધ્રી જતી ઈલેવન કેવીનો એક ભારે વીજ દબાણવાળો વીજ તાર આજે અચાનક ચૂંપણી પાસે તૂટી પડતાં તારની નીચે ચરી રહેલી ૧૫ ભેસો અને ૫ ગાયો ઉપર પડતાની સાથેજ ભારે ધડાકાઓ થયા હતા અને વીજશોક લાગવાના કારણે ઘટનાસ્થળે જ વીસ પશુઓએ દમ તોડી દીધો હતો.

તાલુકાના ચૂંપણી ગામે સવારે આઠ વાગ્યે માલધારીઓ એમના પશુઓને ચરાવવા ગયા હતા. એ વખતે સીમમાં અચાનક વીજ તાર તૂટવાની ઘટના બની હતી. આ સ્થળે આશરે ૫૦ જેટલા પશુઓ પસાર થવા સાથે ચરતા હતા. એ વખતે અનેક જગ્યાએ સાંધા કરેલા તાર ભારે વીજદબાણ સહન ન કરી શકતા તાર તૂટી પડયો હતો. અને સીધો વીસ ભેસ અને ૫ ગાય ઉપર પડતા જ ભારે ધડાકા સાથે વીજ શોક લાગ્યો હતો. અને ઘટના સ્થળે જ ઈલેવન કેવીનો વીજ શોક લાગતા જ અનેક જીવોએ પ્રાણ ત્યજી દીધા હતા. જેના કારણે આશરે વીસ લાખનુ માલધારીઓને નુકસાન થયું હતુ. સદનસીબ એ છે કે આ જગ્યા પાસે થોડી જ ક્ષણો પહેલા વાહનોમાં બેસીને પચાસ માણસો પસાર થયા હતા જો એ વખતે વાયર તૂટયો હોત તો પચાસના મોત થઈ જાત અને મોટી દુર્ઘટના બની ગઈ હોત.આજે જે માલધારીના પશુઓ મોતને ઘાટ ઉતરી ગયા છે એ પશુ વશરામભાઈ ભરવાડ, કરશનભાઈ ભરવાડ અને ગોપાલભાઈ ભરવાડના હતા.

ગામના આગેવાનો કહે છે કે અહી વર્ષો જુના વાયરો છે. એને બદલવામાં આવતા નથી. અગર નવા બદલ્યા છે એમ રિપોર્ટ કરીને બિલ બની જતા હશે એવી આશંકા વ્યકત કરાઈ રહી છે. તેમજ જે વાયર છે એમાં સતર ઠેકાણે સાંધા છે અને એ સાંધાથી વાયર બ્રેક થઈ જાય છે.

# પાલિતાણા વિવાદનું નિરાકરણ લાવવા સાધુઓ-જૈનોની બેઠક

**પાલિતાણા**

પાલીતાણા તળેટી ખાતે આવેલા કચ્છવા ગઢ ધર્મશાળા ખાતે રવિવારે પાલીતાણા શેત્રુંજય પર્વત પરના નિલકંઠ મહાદેવ મંદિરના વિવાદના મામલે જૈન સાધુ ભગવંતો અને સનાતન ધર્મનાં જુનાગઢ અખાડા પરિષદના સંતોની બેઠક યોજાઈ હતી, જેમાં બન્ને પક્ષના સાધુ દ્વારા આ પ્રશ્નનું નિરાકરણ આવે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતાં. પાલીતાણા અથવા કોઈ પણ ધર્મસ્થાનને નુકશાન કરવું યોગ્ય નથી, વાદવિવાદ થાય તે કોઈ ધર્મ માટે યોગ્ય નથી, આ વિવાદને લઈ ખોટી અફવા કોઈએ ફેલાવવી નહી. દરેક ધર્મને પોતાના રીત-રીવાજ મુજબ કાર્ય કરવા દેવુ વગેરે સમીક્ષા બેઠકમાં કરવામાં આવી હતી. આગામી દિવસોમાં અધિકારીઓની હાજરીમાં બેઠક મળશે અને ત્યારબાદ યોગ્ય નિર્ણય કરવામાં આવશે. શાંતીનો માહોલ જળવાય રહે તેવુ બેઠકમાં નક્કી કરવામાં આવેલ છે. બેઠક બાદ સાધુઓએ એકબીજાનુ સન્માન કર્યુ હતું.

# ધૂડશિયા ગામમાં ઓનર કિલિંગ નશેડી દ્વારા પિતા-ભાઈની હત્યા

## પૌત્રને દાદા-કાકાએ કહ્યું કે તારા પિતાને એટેક આવતા મૃત્યુ છેઃ જો કે, લોહીના ડાઘ દેખાતા શંકા ગઈ અને ભાંડો ફૂટ્યો

**ગોંડલ**

ગોંડલના ધુડશિયા ગામે મોહના મકવાણા, એનો પુત્ર રાજુ મકવાણા વાડીએ પાણી વાળવાનું કામ કરી રહ્યા હતા ત્યારે એના જ પરિવારના મોટા ભાઈ મહેશે ત્યાં નશાની હાલતમાં આવી જેમ ફાવે એમ બોલવા લાગી ધોકા સાથે આવ્યો હતો. અને રાજુ સાથે બોલાચાલી કરી રાજુના માથામાં લાકડી ફટકારી દીધી હતી. જેથી રાજુ પડી ગયો હતો. અને બીજો ઘા મારવા જતાં રાજુના પિતા મોહનભાઈ ત્યાં પહોંચી ગયા હતા. અને હુમલો કરનારા મહેશને પાછળથી ધકકો મારી પછાડી દીધો હતો. એ વખતે તે સતત ગાળો ભાંડતો હતો. જેથી વધુ હુમલો કરશે એવી દહેશત લાગતા એના પિતા મોહનભાઈએ એના હાથમાંથી ધોકો આંચકી લઈ બે ત્રણ ઘા માથામાં અને હાથમાં ઘા મારી દીધા હતા. આ ઉપરાંત મહેશના ભાઈ રાજુએ પણ બાજુમાંથી લાકડું લઈને બે ત્રણ ઘા મારી દીધા હતા. અને એ પછી મહેશને ત્યાં જ રહેવા દઈ પિતા પુત્ર ઘરે જતા રહ્યા હતા. એ પછી રાતના નવ વાગ્યે ફરી ત્યાં જતા મહેશ મૃત્યુ પામ્યો હતો. મહેશના પુત્ર મેહુલભાઈને એના કાકા રાજુભાઈએ ફોન કરીને કહ્યુ હતુ કે તુ મેટોડાથી તુ જલદી ઘરે આવી જા તારા પિતા મહેશને હાર્ટ એટેક આવ્યો છે અને મૃત્યુ પામેલ છે. આથી તે તાત્કાલિક ધુડશિયા આવ્યો હતો. અને વાડીએ જઈને જોતા તેના પિતા ખાટલામાં ગોદડા ઉપર પડયા હતા. બાદમાં ટ્રેકટરની ટ્રોલીમાં મૃતદેહને ઘરે લાવ્યા હતા. બાદમાં બધા સગા સબંધીઓએ લાશની અંતિમ વિધિ કરી નાંખી હતી. જે બાદ મેહુલે તેમના પિતાના મરણના કારણ વિશે વધુ પુછપરછ કરતા દાદા અને કાકાએ સઘળા બનાવની વાત કરી હતી. અને આ બનાવ હાર્ટ એટેકનો નહી પણ હત્યાનો હોવાનું બહાર આવ્યું હતું.અને દાદા અને કાકાએ હત્યા કર્યાની કબુલાત કરી હતી.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West )
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-761-1317 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

Mississauga
WE MOVED TO 6800 REXWOOD ROAD, UNIT - D
: Phone : 905-673-9631 647-761-1317 647-657-9631
------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM
-----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM
----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM

NEW LOCATION OPENED FROM 1ST OCT 2022
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT - 6477611317 / 6476579631
STARTING IN OCT - ONLY FOR 4DAYS A WEEK THU & FRI - 2PM TO 9PM AND WEEKENDS - 11AM TO 7PM
NOV - MON CLOSED AND TUE - FRI 2PM TO 9PM WEEKENDS - 11AM TO 7PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ઉદ્યોગપતિને પોર્ન વીડિયોના નામે બ્લેકમેઈલ કરી 2.70 કરોડ પડાવ્યા

## યુવતીએ સ્યુસાઇડ એટેમ્પ કર્યાનું કહી પોલીસ,સીબીઆઇના નામે 1.30 કરોડ ખંખેર્યા : યુવતીએ કોલ કરી મોરબીની હોવાની ઓળખ આપી

- યુવતી સાથે ફોન પર રંગરેલીયાના ચક્કરમાં વૃદ્ધનો વીડિયો બન્યોઃ CBI, પોલીસ અને કોર્ટના નામે બ્લેકમેઈલિંગ થયું

**અમદાવાદ**

નવરંગપુરાની સેંટ ઝેવિયર્સ કોલેજ રોડ પર રહેતાં પ્રાઈવેટ લીમીટેડ કંપનીના માલિક એવા ૬૮ વર્ષીય ઉદ્યોગપતિને પોર્ન વીડિયો વાઈરલ કરવાની, પોલીસ કેસ, સીબીઆઈ કેસ અને કોર્ટ મેટરની વિવિધ ધમકીઓ આપી જૂદા જૂદા અધિકારીઓના નામે ફોન કરી સાયબર ઠગ ટોળકીએ ૨.૭૦ કરોડ રૂપિયા ઓનલાઈન લીધા હતા. યુવતી સાથે ફોન પર રંગરેલીયા મનાવવાના ચક્કરમાં વીડિયો કોલ પર વર્ચ્યુઅલી સેક્સ કરનાર ઉદ્યોગપતિનો ટોળકીએ વીડિયો બનાવી લીધો હતો. આ વીડિયો વૃદ્ધને મોકલી આરોપીઓએ યુવતીએ સ્યુસાઈડનો પ્રયાસ કર્યો, યુવતી મરી ગઈ, યુવતીના પરિવારજનોએ કેસ કર્યાની તેમજ કોર્ટમાં વકીલે કેસ કર્યાની વિવિધ ધમકી આપી ધરપકડનો ડર બતાવી ઓગષ્ટ થી ડિસેમ્બર,૨૦૨૨ના ચાર માસના સમયગાળામાં ટુકડે ટુકડે ૨,૬૯,૩૨,૦૦૦ની રકમ પડાવી હતી. બનાવને પગલે સાયબર સેલે ઉદ્યોગપતિની ફરિયાદ આધારે મંગળવારે રાત્રે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. ૬૮ વર્ષીય ઉદ્યોગપતિએ સાયબર ક્રાઈમમાં નોધાવેલી ફરિયાદ મુજબ ગત તા.૮-૮-૨૦૨૨ના રોજ તેઓના મોબાઈલ ફોન પર વોટસએપથી રાત્રીના ૧૦ વાગ્યે રીયા શર્મા નામની યુવતીએ હાય લખીને મેસેજ કર્યો હતો. જવાબમાં ફરિયાદીએ પણ હલ્લો કરીને મેસેજ કરતા યુવતીએ પોતે મોરબી ગુજરાતથી હોવાનું જણાવી વીડિયો કોલ કર્યો હતો. ફરિયાદીએ કોલ રિસિવ કરતા યુવતીએ આપણે વર્ચ્યુઅલી સેક્સ કરીએ જો કે, ઉદ્યોગપતિએ ઈનકાર કર્યો હતો. યુવતીએ કોલ પર પોતાના કપડાં કાઢી નાંખ્યા બાદ ઉદ્યોગપતિને જણાવેલ કે, હું તો અનેક લોકોને આ રીતે કોલ કરું છું. જસ્ટ આ તો વીડિયો છે, તેમ યુવતીએ જણાવતા ફરિયાદીએ પોતાના કપડાં ઉતારી દીધા હતા. એક મિનિટ સુધી કોલ ચાલ્યા બાદ યુવતીએ ફોન કાપી નાંખ્યો હતો.

# મત્સ્ય ઉદ્યોગમાં ડીઝલ સબસીડી અને પુરતા ભાવ ન મળતાં હજારો માછીમારોની હડતાળ

**નવસારી**

યુક્રેન રશિયા વચ્ચેના યુદ્ધ અને ચાઈનાની કોરોનાની સ્થિતિની અસર મત્સ્યોદ્યોગ ઉપર જોવા મળી રહી છે, ખાસ કરીને દરિયાઈ મેવાનાં ભાવ 50 થી 60 ટકા ઘટવા સાથે ત્રણ વર્ષોથી મહારાષ્ટ્રથી ગુજરાતમાં આવેલા ટ્રોલર બોટમાં માછીમારોને હજી ડીઝલ સબસીડી નથી મળતી, જેને કારણે જીવના જોખમે દરિયો ખેડતા માછીમારોને આર્થિક સંકટના વાવાઝોડાને વેઠવું પડી રહ્યુ છે. જેથી નવસારી અને વલસાડના 1 હજાર બોટના માછીમારો અચોક્કસ મુદ્દતની હડતાળ પર ઉતરી સરકાર પાસે રાહતની આશ રાખી બેઠા છે. નવસારી જિલ્લાને 52 કિમીનો દરિયા કિનારો છે અને કાંઠે રહેતા માછીમારો દરિયો ખેડવા મુંબઈના ભાઉચા ધક્કા અથવા પોરબંદર, ઓખા તરફ ટ્રોલર બોટ લઈને માછીમારી કરવા જતા હોય છે. પરંતુ નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં બનેલ ધોલાઈ બંદરેથી મચ્છીમારી કરવા માટે સ્થાનિક તંત્ર તેમજ સરકાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવતા કોરોના કાળથી 300 બોટના માછીમારોએ મહારાષ્ટ્રનું રજીસ્ટ્રેશન કેન્સલ કરાવી, ગુજરાતમાં વલસાડથી રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. કારણ 15 થી 17 દિવસ સુધી દરિયામાં માછીમારી કરતી એક બોટને 2200 થી 2500 લીટર ડીઝલની ખપત થાય છે, જે 2 થી અઢી લાખ રૂપિયાનું પડે છે. જેની સાથે ખલાસીઓ અને કેપ્ટનના પગાર, રાશન, બરફ વગેરે મળીને 4 લાખ રૂપિયાની એક ફિશીંગ ટ્રીપ પડે છે. પરંતુ છેલ્લા થોડા સમયથી દરિયાઈ મેવો પકડીને બંદર પર આવતા જ માછીમારોને નિરાશા મળે છે.

# ગુજરાતના 6 સાંસદોને પક્ષ વિરોધી પ્રવૃત્તિ મામલે અમિત શાહે ખખડાવ્યા

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા નેતાઓને લઈને ભાજપ એક્શનમાં આવી ગયો છે. ચૂંટણી સમયે ભાજપના 6 સાંસદોએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી હેવાથી હાઈકમાન્ડ દ્વારા તેમને ઠપકો આપવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાની હાજરીમાં જ તેમનો રીતસરનો ઉઘડો લેવામાં આવ્યો છે. પાટણના ભરતસિંહ ડાભી, પંચમહાલના રતનસિંહ રાઠોડ, સુરેન્દ્રનગરના ડૉ.મહેન્દ્ર મુંજપરા, ખેડાના દેવુસિંહ ચૌહાણ અને રાજ્યસભાના રમીલાબહેન બારા એમ પાંચ સાંસદોને હાઈકમાન્ડે દિલ્હીના ભાજપ કાર્યાલય પર બોલાવ્યા હતાં. પરંતુ તેમને કલાકો સુધી રાહ જોવડાવીને પાછા જવા કહેવામાં આવ્યું હતું. ત્યાર બાદ ફરીવાર તેમને મળવા માટે સમય આપવામાં આવ્યો હતો અને છેલ્લી ઘડીએ તેમને ના પાડી દેવામાં આવી હતી. કેટલીક બેઠક પર પક્ષ વિરોધી પ્રવૃત્તિ થઈ હોવાનો સ્વીકાર કરી જિલ્લાઓના ભાજપના પ્રમુખોએ આ મામલે પ્રદેશને રિપોર્ટ સોંપ્યો હોવાનું પણ સામે આવ્યું હતું.રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ભાજપને નુકસાન કરનારા સામે કાર્યવાહી કરાશે.

# કાતિલ ઠંડીની અસર: રાજ્યમાં 6 દિવસમાં હૃદયની સમસ્યાના 1000થી વધુ કેસ મળ્યા

## 1 થી 7 જાન્યુઆરી દરમિયાન હાર્ટ એટેકથી 98 વ્યક્તિના મૃત્યુ થયા

**અમદાવાદ**

કાતિલ ઠંડીને પગલે કાનપુરમાં છેલ્લા એક સપ્તાહમાં ૯૮ વ્યક્તિના હાર્ટ એટેકથી મૃત્યુ થયા છે. ગુજરાતમાં પણ છેલ્લા એક સપ્તાહ દરમિયાન ઠંડી વધતાં હૃદયરોગના કેસમાં ચિંતાજનક વધારો થયો છે. જાન્યુઆરીના ૬ દિવસમાં હૃદયરોગની સમસ્યાના ૧ હજારથી વધુ કેસ નોંધાઈ ચૂક્યા છે. આ ઉપરાંત ઠંડીને કારણે શ્વાસની સમસ્યા ધરાવતા દર્દીઓમાં પણ વધારો થયો છે.

કાનપુરની કાર્ડિયોલોજી હોસ્પિટલમાં માત્ર ૭ જાન્યુઆરીના હાર્ટ એટેકથી ૧૪ વ્યક્તિના મૃત્યુ થયા હતા. આ પૈકી ૬ વ્યક્તિના સારવાર દરમિયાન જ્યારે ૮ વ્યક્તિ લાવવામાં આવ્યા ત્યારે તેમના હાર્ટ એટેકથી મૃત્યુ થઈ ચૂક્યા હતા. ૧ થી ૭ જાન્યુઆરી દરમિયાન હાર્ટ એટેકથી ૯૮ વ્યક્તિના મૃત્યુ થયા છે અને તેમાંથી ૧૮ની ઉંમર ૪૦થી ઓછી છે. ગુજરાતમાં પણ ૨૯ ડિસેમ્બરથી ૫ જાન્યુઆરી દરમિયાન કાતિલ ઠંડી પડી હતી. જેમાં નલિયા ખાતે પારો બે ડિગ્રી થઈ ગયો હતો. ઠંડી વધવાની સાથે જ હૃદયની સમસ્યા ધરાવનારાઓમાં પણ વધારો નોંધાયો હતો.

ઈમરજન્સી સેવા ૧૦૮ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર ૨૮ ડિસેમ્બરથી ૬ જાન્યુઆરી સુધી તેમને હૃદયની સમસ્યા ધરાવતા કુલ ૧૭૪૪ ઈમરજન્સી કોલ્સ આવ્યા હતા.

# ગુજરાતમાં ૪૧ લાખ ટન ઘંઉ પાકવાનો અંદાજ, રવિપાકની વાવણી પૂર્ણતાના આરે

## વર્ષમાં ભાવ ઉંચા જતા ગત વર્ષ કરતા 54 હજાર હે. ઘંઉનું વાવેતર વધ્યું

**રાજકોટ**

ગુજરાતમાં આ વર્ષે સિંચાઈ અને પિયતની સુવિધાના પગલે રવિપાકના વાવેતરમાં ઉત્સાહ જળવાયો છે અને રાજ્યમાં ૪૪.૫૦ લાખ હેક્ટરમાં એટલે કે ૯૯.૪૫ ટકા વિસ્તારમાં વાવણી પૂર્ણ થઈ છે અને જીરુ સહિત અનેકવિધ પાક બજારમાં પણ આવવાનો શરુ થયો છે. આ સીઝનનો રાજ્યનો સૌથી મુખ્ય પાક ઘંઉનું આશરે ૪૧ લાખ ટન ઉત્પાદન થવાનો સરકારનો અંદાજ છે.

રાજ્યમાં ગત વર્ષે ૧૨.૦૯ લાખ હેક્ટર સામે આ વર્ષે ખેડૂતોએ કૂલ ૧૩ લાખ હેક્ટર સામાન્ય વાવેતર સામે ૧૨,૬૩,૬૬૦ હેક્ટરમાં વાવેતર કર્યું છે. એટલે કે ગઈસાલ કરતા ૫૪ હજાર હે.માં વાવેતર વધ્યું છે. હેક્ટર દીઠ ૩૧૪૭ કિલો ઘંઉ પેદા થવાનો પ્રાથમિક અંદાજ છે.

છૂટક બજારમાં તો વીણેલા ઘંઉ રૂા.૬૫૦થી ૭૦૦ સુધી પહોંચ્યા છે. યાર્ડમાં ઉંચા ભાવ મળતા ઘંઉનું વાવેતર વધ્યું છે. આજ સુધીમાં અન્ય વાવેતરમાં સર્વાધિક વધારો ધાણામાં થયો છે, ગત વર્ષે ૧.૨૫ લાખ સામે આ વર્ષે ૨.૨૨ લાખ હેક્ટરમાં વાવણી થઈ છે. જ્યારે જીરુનું વાવેતર ગત વર્ષે ૩.૦૭ લાખ હે.હતું તે આ વખતે ઘટીને ૨.૭૫ લાખ હેક્ટર થયું છે અને આ વર્ષે યાર્ડમાં જીરુના ભાવ ઐતહાસિક ઉંચાઈએ ૬૭૦૦ સુધી પહોંચ્યા છે.

# AMCમાં વિપક્ષના નેતા મુદ્દે કોંગ્રેસમાં કકળાટ, કોર્પોરેટરો જગદીશ ઠાકોરને મળ્યા

**અમદાવાદ**

અમદાવાદ પાલિકામાં કોંગ્રેસે વિપક્ષના પદને લઈને પક્ષમાં બળવાની સ્થિતિ ઉભી કરી દીધી છે. AMCના વિપક્ષના નેતા શહેઝાદ ખાનની ટર્મ આજે પૂર્ણ થતી હોવાથી નવા નામની માંગ કરવામાં આવી છે. આ માટે કોંગ્રેસના કોર્પોરેટરોએ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરને રજૂઆત કરી છે. જેથી હવે ઉત્તરાયણ બાદ AMCના વિપક્ષના નેતાનું નામ જાહેર થઈ શકે છે. સિનિયર કોર્પોરેટર કમળાબેન ચાવડા , રાજશ્રી કેસરી , ઈકબાલ સેખ , તસલીમ ત્રીમિઝી, માધુરી બેન, હાજી મિર્ઝા સહિતનાઓએ આ મામલે જગદીશ ઠાકોરને રજુઆત કરી હતી. આ પહેલાં કોંગ્રેસના 10 કોર્પોરેટરો વચ્ચે ખાનગી બેઠક મળી હતી.જેમાં એક એક વર્ષ સિનિયર કોર્પોરેટરને તક આપવા ફોર્મ્યુલા નક્કી કરવામાં આવી હતી.

# રાજ્યમાં ખેતીની જમીનના રિસર્વેની ક્ષતિ સુધારણાનો પાયલોટ પ્રોજેક્ટ

**અમદાવાદ**

ગુજરાતમાં ખેજૂતોની જમીન માપણી માટે વર્ષો પહેલા કરાયેલા સેટેલાઈટ રિસર્વે બાદ તેમાં પારાવાર ક્ષતિઓ સર્જાતાં રાજ્યના મોટા ભાગના ખેડૂતો નારાજ છે તેમજ આખો રિર્સવે જ રદ કરવાની પણ માંગણી ઉઠતી રહી છે ત્યારે હવે ગુજરાત સરકારે રિર્સવેમાં રહી ગયેલી ક્ષતિઓ સુધારવા માટે જામનગર અને દેવભૂમિ દ્વારકામાં ખાસ પાયલોટ પ્રોજક્ટ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જોકે રિર્સવે બાદ અનેક વાર ક્ષતિ સુધારણા કાર્યક્રમો યોજવા છતાં પણ ખેડૂતોનાં ખેતરના મૂળભૂત ક્ષેત્રફળ અને નકશામાં રહી ગયેલી ભૂલો હજુ સુધી સુધરી નથી. કોંગ્રેસે દાવો કર્યો હતો કે સરકારને છેલ્લા સાતેક વર્ષમાં પાંચેક લાખ અરજી મળી છે, પરંતુ કોઈ કાર્યવાહી થઈ નથી. રાજ્ય સરકારનું આ એક પ્રકારનું ષડયંત્ર છે.

રાજ્ય સરકારે પ્રધાન મંડળની બેઠકમાં લીધેલા નિર્ણય અંગે પ્રવક્તા પ્રધાને જણાવ્યું હતું કે જમીન માપણી ક્ષતિ સુધારણા પાયલોટ પ્રોજેક્ટ જામનગર અને દેવભૂમિ દ્વારકામાં અગ્રતાના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવશે. જમીન રી-સર્વેની કામગીરી આ બન્ને જીલ્લાઓમાં કરવામાં આવશે. પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરી રહી છે. જેમાં ડિજિટલ સર્વે નહીં, પરંતુ ફિઝિકલ સર્વે કરી કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

# જવેલર્સને બંધક બનાવી દોઢ કરોડની લૂંટનો સૂત્રધાર ઝબ્બે: એક કરોડના દાગીના જપ્ત

**અમદાવાદ**

ચાંદખેડામાં અંજલી જવેલર્સના માલિકને ધનતેરસની રાત્રે નોકરોએ બંધક બનાવી રૂ.૧,૪૮,૭૨,૦૦૦ની મત્તાના સોનાના દાગીના અને રૂ.૫ લાખની રોકડ રકમ મળીને કુલ રૂ.૧,૫૩,૯૭,૦૦૦ની મત્તાની લૂંટ ચલાવી હતી.ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસ કમિશનરે આ કેસની તપાસ તત્કાળ અસરથી ક્રાઈમબ્રાંચે સોંપી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં સુરેન્દ્રસિંહ ઉર્ફ સુનીલ દલપતસિંહ ઝાલા (ઉ,૨૫) અને ચિરાગ પ્રહલાદભાઈ નાયક (ઉ,૨૨)ને ઝડપી લીધા હતા. બંને આરોપીઓની પૂછપરછમાં જે.ડી. ઉર્ફ જેન્તીજીનું નામ ખૂલ્યું હતું. જે.ડી. પાસે એક કરોડથી વધુની મત્તાના દાગીના લઈ ફરાર થઈ ગયો હોવાની વિગતો પોલીસને મળી હતી. ક્રાઈમબ્રાંચે જે.ડી.ને શોધવા માટે ચક્રો ગતીમાન કર્યા હતા.

## તમન્ના ભાટિયા હવે મલયાલમ ફિલ્મોમાં નસીબ અજમાવશે



મુંબઇઃ હિંદી ફિલ્મોમાં સફળતા મેળવવામાં ફ્લોપ ગયેલી પણ સાઉથમાં તમિલ ફિલ્મોમાં જાણીતી બનેલી તમન્ના ભાટિયાએ હવે મલયાલમમાં નસીબ અજમાવવાનું નક્કી કર્યું છે. તમન્ના મલયાલમમાં બાન્દ્રા નામની ફિલ્મમાં કામ કરવાની છે. તેમાં તે એક અભિનેત્રીનું પાત્ર ભજવશે. ફિલ્મનું શૂટિંગ જુનાગઢ, રાજકોટ, અમદાવાદ, ઉદયપુર, જયપુર, આગ્રા અને મુંબઇમાં કરવામાં આવશે. તમન્ના વર્ષોથી છૂટછવાઈ હિંદી ફિલ્મોમાં કામ કરી રહી છે પરંતુ હજુ સુધી તેને કોઈ યાદગાર રોલ મળ્યો જ નથી.

સ્વદેશ

FRIDAY, 13 January, 2023

## ‘નાટુ નાટુ’ ગ્લોબલ મંચ પર ગાજ્યું, ભારતને મળ્યો પહેલો ગોલ્ડન ગ્લોબ એવોર્ડ




**મુંબઇ**

એસ.એસ. રાજામૌલીની ફિલ્મ ‘આરઆરઆર’ને ‘નાટુ નાટુ’ ગીત માટે ભારતનો પહેલો ઓરિજિનલ સોંગ કેટેગરીનો ગોલ્ડન ગ્લોબ એવોર્ડ મળ્યો છે. આ સિદ્ધિ સાથે ભારતીય ફિલ્મ સંગીતે એક નવું શિખર હાંસલ કર્યું છે. ગોલ્ડન ગ્લોબ એવોર્ડ ઓસ્કર પછી બીજા ક્રમના એવોર્ડઝ ગણાતા હોવાથી હવે ઓસ્કરની રેસમાં આરઆરઆર બહુ મજબૂત દાવેદાર તરીકે ઉભરી ચુકી છે. આ સિદ્ધિ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભારતીય ફિલ્મ જગત તથા અન્ય ક્ષેત્રની હસ્તીઓએ આરઆરઆરની ટીમ પર અભિનંદનોનો વરસાદ વરસાવ્યો હતો. આરઆરઆર સમગ્ર વિશ્વમાં ૧૨૦૦ કરોડ ઉપરાંતનો બિઝનેસ કરી ચુકી છે.

# ફિલ્મો રજૂ થવા પહેલા કરાતું પ્રમોશન યોગ્ય : રકુલપ્રિત સિંઘ



કન્નડ ફિલ્મ ગીલીથી ડેબ્યુ કરનાર રકુલ પ્રીત સિંઘે અનેક તેલુગુ, હિન્દી અને તામિલ ફિલ્મમાં કામ કર્યું છે. પણ હાલ તેની આગામી ફિલ્મો ‘છત્રીવાલી’ અને ‘ઈન્ડિયન ૨’ પાસેથી તેને ઘણી અપેક્ષા છે. રકુલે એસઆઈઆઈએમએ એવોર્ડ સહિત અનેક એવોર્ડ મેળવ્યા છે. તેને ત્રણ વાર દક્ષિણના ફિલ્મફેર એવોર્ડ્સમાં નામાંકન પણ મળ્યું છે. ફિલ્મો માટે કરાતા આક્રમક પ્રમોશનોને રકુલ યોગ્ય જ માને છે. રકુલ કહે છે કે પ્રમોશન જ એક એવો કાર્યક્રમ છે જ્યારે ફિલ્મી કલાકારો સીધા પ્રક્ષકોનો સંપર્ક કરી શકે છે અને તેમનો મત જાણી શકે છે. રકુલના મતે આખરે તો ફિલ્મનું ટ્રેલર જ તેના માટે ખરુ પ્રમોશન કરતું હોય છે. ફિલ્મને સફળ બનાવતા દર્શકો સુધી પહોંચવા માટે પ્રમોશન સર્વ શ્રેષ્ઠ રસ્તો છે. રકુલ કહે છે કે દરેક કલાકાર માટે પ્રમોશન એક ઉત્તેજક તબક્કો છે. તમે જે ફિલ્મમાં કામ કર્યું હોય તેનું પ્રમોશન કરવામાં તમને ચોક્કસ રસ પડે છે.

## અર્જુન કપૂર- તબૂની ‘કુત્તે’માં અપશબ્દો તથા ન્યૂડ સીન્સ કપાયા

મુંબઈ : બોલીવૂડના ટોચના ફિલ્મ સર્જકોમાંના એક વિશાલ ભારદ્વાજના પુત્ર આસમાનની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ ‘કુત્તે’ને સેન્સરનું ગ્રહણ નડયું છે. સેન્સર બોર્ડે આ ફિલ્મમાંથી અપશબ્દો ધરાવતા સંવાદો ઉપરાંત ન્યૂડ સીન્સ કાપી નખાવ્યા છે. સેન્સર બોર્ડે આ ફિલ્મને એડલ્ટ ઓન્લીનું જ પ્રમાણ પત્ર આપ્યું છે. ફિલ્મમાં દસથી વધારે કટ સૂચવાયા છે. રાજકીય રીતે સંવેદનશીલ હોય તેવા કેટલાક ઉલ્લેખો પર પણ કાતર ફરી છે. જેમકે ફિલ્મમાં એક જગ્યાએ વડાપ્રધાનના પ્રવચનમાં મધ્યપ્રદેશ અને છત્તીસગઢનો ઉલ્લેખ છે તે કાઢી નખાયો છે.

## ટેઈલર સ્વિફ્ટ પાસે છે ૮૦૦ કરોડની બિલાડી



અમેરિકન પોપ સિંગર ટેઈલર સ્વિફ્ટ પાસે અબજોની સંપત્તિ છે. દુનિયાભરમાં મશહૂર ટેઈલર સ્વિફ્ટની બ્રાન્ડ વેલ્યૂ પણ અબજોની છે. અનેક એવોર્ડ અને અભૂતપૂર્વ લોકપ્રિયતા મેળવનારી આ પોપ સિંગરની બિલાડી પણ કરોડોની મિલકત ધરાવે છે. બ્રાન્ડ વેલ્યૂની રીતે ટેઈલર સ્વિફ્ટની બિલાડી ઓલિવિયા બેન્સનનું ૮૦૦ કરોડ રૂપિયાનું મૂલ્ય છે. ઓલ અબાઉટ્સ કેટ્સના અહેવાલમાં દુનિયાના સર્વાધિક ધનવાન પાલતુ સજીવોની યાદી જાહેર કરવામાં આવી છે. એમાં ટેઈલર સ્વિફ્ટની બિલાડી ઓલિવિયા બેન્સનને અંદાજે ૮૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે ત્રીજો ક્રમ અપાયો છે. આ લિસ્ટમાં ગૂંથર-છ નામનો જર્મન શેફર્ડ ડોગ ૫૦ કરોડ ડોલર યાને અંદાજે ૪૧૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે પ્રથમ ક્રમે છે. એની માલિકી ઈટાલિયન મીડિયા કંપની ધરાવે છે. બીજા ક્રમે નાલા નામની બિલાડી છે. તેની બ્રાન્ડ વેલ્યૂ લગભગ ૧૦ કરોડ ડોલર એટલે કે અંદાજે ૮૨૬ કરોડ રૂપિયા જેટલી થાય છે. ત્રીજા ક્રમે રહેલી ટેઈલર સ્વિફ્ટની બિલાડી સોશિયલ મીડિયામાં લાખો ચાહકો ધરાવે છે. ઓલિવિયા બેન્સન નામની આ બિલાડીના નામે કેટલાય ફેન પેજ બન્યા છે.

## ‘પઠાણ’ ફિલ્મના ટ્રેલરને મળ્યા કરોડો વ્યૂઝ

યશરાજ ફિલ્મ્સે 10 જાન્યુઆરીએ શાહરૂખ ખાન, દીપિકા પાદુકોણ અને જ્હોન અબ્રાહમ સ્ટારર ફિલ્મ ‘પઠાણ ટ્રેલર’નું સત્તાવાર ટ્રેલર રિલીઝ કર્યું હતું. દર્શકોએ ‘પઠાણ’ના ટ્રેલર પર ભરપૂર પ્રેમ વરસાવ્યો હતો. 2 મિનિટ 34 સેકન્ડના ધમાકેદાર ટ્રેલરમાં જોરદાર એક્શન અને ડ્રામા જોવા મળી રહ્યો છે. શાહરૂખની ફિલ્મનું ટ્રેલર ચાહકોને એટલું ગમ્યું હતું તેથી તે સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થવા લાગ્યું છે. સાથે જ શાહરૂખ ખાનની ફિલ્મના ‘પઠાણ’ના ટ્રેલરે રિલીઝ થયાના 24 કલાક પછી જ યુટ્યુબ પર કરોડો વ્યુઝ મેળવ્યા છે.

યશ રાજ ફિલ્મે 10 જાન્યુઆરીના રોજ યુટ્યુબ ચેનલ પરથી ‘પઠાણ’નું ટ્રેલર રિલીઝ કર્યું હતું. રિલીઝ થતાની સાથે જ દરેક જગ્યાએ ટ્રેલરની ચર્ચા થઈ ગઈ હતી. જ્યાં કિંગ ખાનની




‘પઠાણ’ના ટ્રેલરને વિવેચકોએ સકારાત્મક ટિપ્પણીઓ આપી હતી ત્યારે પ્રેક્ષકોએ પણ ટ્રેલર પર તેમના પ્રેમની પ્રશંસા કરી હતી.આવી સ્થિતિમાં ‘પઠાણ’નું ટ્રેલર યુટ્યુબ પર ટ્રેન્ડ કરી રહ્યું છે. તમને જણાવી દઈએ કે ‘પઠાણ’ના ટ્રેલરને રિલીઝ થયાના 24 કલાક પછી જ યુટ્યુબ પર 27 મિલિયનથી વધુ વ્યૂઝ મળ્યા છે.









Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


## ભારતમાં હોલીવુડની બીજી ફિલ્મે આવકમાં 370 કરોડનો આંકડો પાર કર્યો

# હોલીવુડની ડબ ફિલ્મ 'અવતાર' પર ભારતીયો આફરીન

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ભારતમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં આવેલી ફિલ્મોમાંથી દ્રશ્યમ ટુને બાદ કરતાં કોઈ હિન્દી ફિલ્મે ૨૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી નથી, ત્યારે હોલીવુડની ડબ કરેલી ફિલ્મ ૪૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી જાય તેવા સંજોગો દેખાઈ રહ્યા છે. સાયન્સ ફિક્શન ફિલ્મો બનાવવા ઉપર જેમ્સ કેમરોનને જોરદાર ફાવટ છે. ૧૯૮૨માં હોરર મૂવી પિરાન્હા ટુ બનાવીને મૂવી ડિરેક્શન શરૂ કરનારા કેમરોને ૧૯૮૦ના દાયકામાં આર્નોલ્ડ શ્વાર્ઝનેગરની ટમનેટર સીરિઝની ફિલ્મો દ્વારા સિક્કો જમાવ્યો હતો.એલિયન્સ અને ધ એબિસ્સ પણ સાયન્સ ફિક્શન ફિલ્મો જ હતી. વચ્ચે સ્પાય કોમેડી ટ્ લાઈઝ અને એવરગ્રીન ધ ટાઈટેનિક બનાવનારા કેમરોને 'અવતાર' સીરિઝ દ્વારા સાયન્સ ફિક્શન્સ મૂવીમાં નવો ચિલા ચાતર્યો છે અને નવા રેકોર્ડ બનાવ્યા છે.

માનવજાત પોતાના સ્વાર્થ માટે કુદરતને તબાહ કરી નાંખતાં વિચારતી નથી. પૃથ્વીને તબાહ કર્યા પછી હવે તેની નજર બીજા ગ્રહો અને વસાહતો ઉપર છે. જેમ્સ કેમરોને આ સ્વાર્થીવૃત્તિને પેન્ડોરા અને નાવી સમુદાયની કલ્પના પણ ના કરી હોય, એવી રીતે અદ્યતન માધ્યમથી છતી કરીને ફિલ્મમાં પ્રદર્શિત કરી છે. જેના ઉપર લોકો આફરીન થઈ ગયા છે. કોઈ પણ બૂમબરાડા કે લાઉડ થયા વિના કે ઉપદેશનું ચૂરણ ચટાડયા વિના કેમરોને સ્ટોરીટેલિંગ દ્વારા આ વાત લોકો સામે મૂકી છે. આ ફિલ્મ જોનારા દર્શકોનો મત એવો છે કે, 'અવતાર: ધ વે ઓફ વોટર' જોવાની અસલી મજા થીયેટરમાં ફોરડીએક્સ ફોર્મટમાં જ છે. આ માઉથ પબ્લિસિટીને કારણે લોકો હવે સિનેમા ઘરો તરફ દોડી રહ્યાં છે. વિશ્વમાં ૨૦૨૨ની સૌથી સફળ ફિલ્મ સાબિત થયેલી આ મૂવીએ ભારતમાં પણ ડંકો વગાડી દીધો છે.

'એવેન્જર્સ: એન્ડગેઈમ'ની ભારતમાં કુલ કમાણી ૩૬૭ કરોડ રૂપિયા હતી. 'અવતાર: ધ વે ઓફ વોટર'એ રવિવારે ભારતમાં કમાણીમાં ૩૭૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરીને 'એવેન્જર્સ: એન્ડગેઈમ'ને પાછળ છોડી દીધી છે. 'અવતાર: ધ વે ઓફ વોટર' ભારતમાં રીલીઝ થઈ ત્યારે પહેલા દિવસે ૪૦.૫૦ કરોડની કમાણી કરી હતી. તેની સામે 'એવેન્જર્સ: એન્ડગેઈમ'ને ૫૩.૧૦ કરોડનું બમ્પર એપનિંગ મળ્યું હતુ. ભારતમાં મોટાભાગની મૂવી પહેલા બે વીકમાં જ કમાણી કરી શકતી હોય છે અને પછી તેના શો ઓછા થતા જાય છે. કેમરોનની




મૂવીને ધાર્યું ઓપનિંગ ના મળતાં ભારતમાં 'એવેન્જર્સ: એન્ડગેઈમ'નો રેકોર્ડ નહી તોડે એવી આગાહી થતી હતી. પણ આ આગાહી ખોટી પડી છે.

'અવતાર' લોકોને એક અલગ દુનિયામાં તો લઈ જ જાય છે. પણ સાથે સાથે ફોરડીએક્સ ફોર્મેટને કારણે કદી ના કર્યો હોય એવો અનુભવ પણ કરાવે છે, તેથી ચોથા અઠવાડિયે પણ 'અવતાર'ની ધૂમ છે. પરિણામે આ ફિલ્મ ભારતમાં કમાણીનો આંકડો ૪૦૦ કરોડ રૂપિયાને પાર કરે તેવી પુરેપુરી શકયતા છે. અત્યારે મોટાભાગની હિન્દી ફિલ્મો બે કલાકની આસપાસની હોય છે, કેમ કે લોકોની હવે લાંબી ફિલ્મો જોવાની ધીરજ નથી. આવા સમયે જેમ્સ કેમરોનની 'અવતાર: ધ વે ઓફ વોટર' તો ૧૯૨ મિનિટની મૂવી છે. પૂરા ત્રણ કલાક અને બાર મિનિટની મૂવી ભારતીયોને જકડી રાખે છે એ પણ મોટી વાત છે.

આ બાબત હિન્દી ફિલ્મોના સર્જકો માટે બોધપાઠ છે. કારણ કે મૂવીની સ્ટોરીમાં દમ હોય અને તમે કંઈક નવું આપો તો દર્શક સિનેમાઘર સુધી જાય છે અને સતત સવા ત્રણ કલાક પણ બેસી રહે છે તે વાત આ ફિલ્મે પુરવાર કરી છે. ઈન્ટરનેટના જમાનામાં કોઈ પણ ફિલ્મની બે-ચાર દિવસમાં તો કોપી બજારમાં ફરતી થઈ જ જાય છે. લોકો મોબાઈલ, લેપટોપ વગેરે પર ફિલ્મ જોઈ લે છે. તેથી થીયેટરમાં જવાનું લોકો ટાળે છે. આ માહોલમાં પણ 'અવતાર: ધ વે ઓફ વોટર' જેવી ફિલ્મો જોવા લોકો થીયેટરમા જાય છે તેનું કારણ અદભૂત સ્ટોરી અને એ સ્ટોરી રજૂ કરવા માટે કરાતો ટેકનોલોજીનો ઉપયોગ છે.

ભારતમાં ટેકનોલોજીની વાત નિકળે એટલે લોકોને વીએફએક્સ જ યાદ આવે છે. પણ હોલીવુડમાં સર્જકો ફિલ્મને અલગ અલગ ફોર્મેટમાં રજૂ કરવા સુધી આગળ વધી ગયા છે. ટુડી, થ્રીડી, આઈમેક્સ, એચએફઆર વગેરે ફિલ્મનાં અલગ અલગ ફોર્મેટ છે. આ જુદાં જુદાં ફોર્મેટમાં થીયેટરમાં ફિલ્મ રીલીઝ થાય છે તેથી અલગ જ ફીલ અને થ્રીલ મળે છે. લોકો આ ફીલ અને થ્રીલ માટે થીયેટરમાં મૂવી જોવા જાય છે. 'અવતાર: ધ વે ઓફ વોટર' જ સમગ્ર વિશ્વમાં અલગ અલગ પ્રકારનાં થીયેટરો અને સ્ક્રીન સાઈઝ પ્રમાણે ડઝનથી વધારે ફોર્મેટમાં રીલીઝ કરાઈ છે. આપણને ખબર પણ નથી એવાં ફોર્મેટમાં મૂવી બતાવાઈ રહી છે. આ પૈકી ફોરડીએક્સ ફોર્મેટે સૌને મુગ્ધ કરી દીધા છે. 'અવતાર: ધ વે ઓફ વોટર' અત્યાર સુધીમાં બનેલી શ્રેષ્ઠ ફોરડીએક્સ મી ગણાય છે તેથી તેનો અનુભવ કરવા લોકો થીયેટરોમાં ઉમટી રહ્યા છે.

> **માનવજાત પોતાના સ્વાર્થ માટે કુદરતને તબાહ કરવા કઈ હદ સુધી જઈ શકે તે બાબતને ટુડી, થ્રીડી, આઈમેક્સ, એચએફઆર વગેરે અલગ અલગ ફોર્મેટમાં અવતાર ફિલ્મમાં રજૂ કરાઈ છે**

હિન્દી ફિલ્મ સર્જકોએ હવે પોતાની સ્ટોરીટેલિંગની પધ્ધતિ બદલવી પડે તેમ છે. જેમ્સ કેમરોનની 'અવતાર' સીરિઝની બંને ફિલ્મો બહુ મોટો મેસેજ આપનારી ફિલ્મો છે. હવે કેમરોન 'અવતાર' સીરિઝની ત્રીજી મૂવી બનાવશે કે જેમાં નાવી સમુદાયના નવા કબિલાની વાત હશે. 'અવતાર' સીરિઝની બંને ફિલ્મો જોયા પછી લોકોને અત્યારથી તેના વિશે ઉત્સુકતા પેદા થઈ ગઈ છે. ૧૬ ડીસેમ્બરે રીલીઝ થયેલી 'અવતાર: ધ વે ઓફ વોટર' આખા વિશ્વમાં ૧૫૫.૮ કરોડ ડોલર એટલે કે, લગભગ ૧૨,૮૦૦ કરોડ રૂપિયાનો વકરો કરી લીધો છે. ફિલ્મ રીલીઝ થઈ એ પહેલાં જેમ્સ કેમરોને દાવો કર્યો હતો કે, આ મૂવી ટુ બિલિયન કલબમાં એન્ટ્રી કરશે. મતલબ કે, ૨૦૦ કરોડ ડોલર કરતાં વધારે કમાણી કરશે. ધીમી શરૂઆત પછી માઉથ પબ્લિસિટીના જોરે 'અવતાર: ધ વે ઓફ વોટર'એ જોરદાર પીક પકડી છે. જો કે હોલીવુડમાં સૌથી વધારે વકરો કરનારી ફિલ્મ બનવા 'અવતાર: ધ વે ઓફ વોટર'એ હજુ બીજી એટલી જ કમાણી કરવી પડે.


'અવતાર: ધ વે ઓફ વોટર' અત્યારે હોલીવુડની સૌથી વધારે બોક્સ ઓફિસ કલેક્શન મેળવનારી ફિલ્મોમાં નવમા નંબરે છે. હોલીવુડની સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મોમાં ટોપ ફાઈવમાં જેમ્સ કેમરોન અને એન્થની-જો રૂસ્સો બે-બે ફિલ્મો સાથે છવાયેલા છે. આ પૈકી જેમ્સ કેમરોનની જ ૨૦૦૯માં રીલીઝ થયેલી 'અવતાર' ટોપ પર છે. 'અવતાર'ની કુલ કમાણી ૨૯૨ કરોડ ડોલર (લગભગ ૨૪,૦૦૦ કરોડ રૂપિયા) છે. બીજા નંબરે એન્થની અને જો રૂસ્સોની ૨૦૧૯ની 'એવેન્જર્સ: એન્ડગેઈમ' છે કે જેની કમાણી ૨૮૦ કરોડ ડોલર (લગભગ ૨૩,૦૦૦ કરોડ રૂપિયા) છે. ત્રીજા નંબરે ૨૨૦ કરોડ ડોલર (લગભગ ૧૮,૦૦૦ કરોડ રૂપિયા)ની કમાણી સાથે જેમ્સ કેમરોનની ૧૯૯૭માં આવેલી 'ટાઈટેનિક' છે. ચોથા નંબરે જે.જે. અબ્રામ્સની ૨૦૧૫માં આવેલી 'સ્ટાર વોર્સ: એપિસોડ સેવન- ધ ફોર્સ અવેકન્સ' છે કે જેની કમાણી ૨૦૭ કરોડ ડોલર (લગભગ ૧૭,૦૦૦ કરોડ રૂપિયા) છે. પાંચમા નંબરે એન્થની અને જો રૂસ્સોની ૨૦૧૮ની 'એવેન્જર્સ: ઈન્ફિનિટી વેર' છે કે જેની કમાણી ૨૦૫ કરોડ ડોલર (લગભગ ૧૬,૯૦૦ કરોડ રૂપિયા) છે.

# સાયબર એટેક જ્યુસ જેકીંગ

સામાન્ય મોબાઈલ યુઝર પોતાના ઘરેથી મોબાઈલ ચાર્જ કરીને નીકળતા હોય છે. તો કેટલાક મોબાઈલ યુઝર્સ પાવર બેંક લઈને પણ નીકળતા હોય છે. મોબાઈલમાં ઘણી એપ્લિકેશનના લીધે કે અન્ય એન્ટરટેનમેન્ટ એપ્લિકેશન થી મોબાઈલ સતત ચાલુ રહે છે જેની અસર બેટરી ઉપર પડે છે અને બેટરી ઉતરી જાય છે. ઘણી વખત મોબાઈલ યુઝર્સ એ પબ્લિક પ્લેસ પર પોતાના મોબાઈલ ચાર્જ કરવા પડે છે જેમ કે રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, એરપોર્ટ કે પછી અન્ય પબ્લિક પ્લેસ જ્યાં મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ ઉપલબ્ધ હોય. આ રીતે મોબાઈલ ચાર્જિંગ કરવું ઘણી વખત નુકસાનકારક નીવડે છે અને સાયબર એટેક ના શિકાર બની જાય છે. સાયબર ક્રાઈમ આ પ્રકારના એટેકને જ્યુસ જેકીંગ કહેવામાં આવે છે.

જ્યુસ જેકીંગ એક રીતે USB ચાર્જર સ્કેમ છે. જેમાં સાયબર ક્રાઈમ કરનાર પબ્લિક પ્લેસ જેવા કે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, એરપોર્ટ કે શોપિંગ મોલમાં ઉપલબ્ધ ચાર્જિંગ સ્પોટનો ઉપયોગ કરી પોતાના ડિવાઈસ માંથી અન્ય યુઝરના ડિવાઈસમાં માલવેર ઈન્સ્ટોલ કરીને મોબાઈલ ચાર્જિંગ કરી રહેલા મોબાઈલ યુઝરના પર્સનલ ડેટા ચોરી લે છે. આ પ્રક્રિયાને જ્યુસ જેકીંગ કહેવામાં આવે છે.

USB ચાર્જિંગ પોઈન્ટ માં મોબાઈલ ચાર્જ કરનારા ના પર્સનલ ડેટા જેમ કે બેંક એકાઉન્ટ ડીટેલ્સ, મોબાઈલ પાસવર્ડ અને અન્ય એપ્લિકેશન ના ડેટા ચોરી શકાય છે. તેટલું જ નહીં ડેટા ટ્રાન્સફર પણ કરી ડાર્ક વેબ પર વેચી દે છે. આ સાઈબર ક્રાઈમ વિશે બ્રાયન ક્રેબસે માહિતી આપી હતી અને જ્યુસ જેકીંગ નામ આપ્યું હતું.




જ્યારે કોઈ ડિવાઈસ પબ્લિક પ્લેસમાં યુએસબી પોર્ટમાં પ્લગ ઈન કરવામાં આવે છે ત્યારે હેકર તે પોર્ટ થી કનેક્ટ હોય શકે છે. જેના લીધે તે સરળતાથી મોબાઈલના ડેટા ચોરી શકે છે. હેકર તમારા મોબાઈલમાં વાયરસ પણ ઈન્સ્ટોલ કરી શકે છે જેમ કે માલવેર, સ્પાયવેર, કી-લોગર તથા ટ્રોજન. આ પ્રકારના વાયરસ ઈન્સ્ટોલ થયા પછી તમારો મોબાઈલ સ્લો થઈ શકે છે અને એરર મેસેજ પણ આવી શકે છે. વધુમાં હેકર તમારા મોબાઈલને ફ્રીઝ પણ કરી શકે છે અને તે ફરીથી ચાલુ કરવા માટે પૈસાની માંગણી પણ કરી શકે છે.

## જ્યુસ જેકીંગથી કઇ રીતે બચી શકાય?

૧. પબ્લિક પ્લેસ પર લાગેલા ચાર્જિંગ પોઈન્ટ કે USB પોર્ટ થી મોબાઈલ ક્યારેય ચાર્જ કરવો નહીં.

૨. જો તમારી પાસે પાવર બેંક છે તો મોબાઈલ ચાર્જ કરવા માટે પાવર બેંક નો જ ઉપયોગ કરવો.

૩. જો મોબાઈલને ચાર્જ કરવો ખૂબ જ જરૂરી હોય તો તમારા ચાર્જર થી સીધા પ્લગ વાળા સોકેટ થી જ મોબાઈલ ચાર્જ કરવો તેનાથી ડેટા ચોરીનો ભય ઓછો રહેશે અને મોબાઈલ પણ સુરક્ષિત રહેશે.

૪. મફતના ચક્કરમાં કોઈપણ અજાણી જગ્યાએથી વાઈફાઈ પણ કનેક્ટ ન કરવું આવું કરવાથી તમારો મોબાઈલ સરળતાથી હેક થઈ શકે છે.

૫. કોઈ અજાણી વ્યક્તિના લેપટોપ કે કમ્પ્યુટરના કેબલથી પોતાનો મોબાઈલ ચાર્જ ક્યારેય કરશો નહીં આમ કરવાથી તમારા મોબાઈલના ડેટા ચોરી થઈ શકે છે અને મોબાઈલમાં માલવેર પણ ઈન્સ્ટોલ થવાની સંભાવના રહે છે.

એક જાણકારી મુજબ પાછલા વર્ષમાં લોકડાઉન ના કારણે આ પ્રકારના સાયબર ક્રાઈમ થતા ન હતા પરંતુ હવે જ્યુસ જેકીંગ ના કિસ્સા સતત વધી રહેલા છે. ઘણી બેંક પણ આ જ્યુસ જેકીંગ બાબતને લઈને વારંવાર સૌને સાવધાન કરી રહી છે. આ માટે ગૃહ મંત્રાલયના સાયબર યુનિટ દ્વારા પણ એક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

સાયબર સિક્યુરિટી પર રિસર્ચ કરી રહેલી સંસ્થા એલર્ટ ઈન્ડિયનસ એ ફેબ્રુઆરી 2021 માં દિલ્હી બેંગલોર મુંબઈ પુને અને હૈદરાબાદના રિસર્ચમાં જોયું હતું કે પબ્લિક પ્લેસ પર 22% ચાર્જિંગ સ્ટેશન સુરક્ષિત નથી અથવા તો તે પહેલાથી જ હેકર્સની પકડમાં હતા. જ્યારે એક રિસર્ચમાં જોવા મળ્યું કે પબ્લિક પ્લેસમાં ઉપલબ્ધ ફ્રી વાઈફાઈ માં 33% કનેક્શન એવા હતા કે જે મોબાઈલ તથા લેપટોપમાં માલવેર અને વાયરસ પુશ કરી રહ્યા હતા જેનાથી મોબાઈલ અને લેપટોપનો એક્સેસ હેકર્સને મળી શકતો હતો.

beinghumanmj

**મૂળ કવિ : ફ્રન મહંતી - ભુવનેશ્વર**
**અનુવાદક : હિના મોદી**
**શીર્ષક : વિદાય વેળાએ**

વિદાય વેળાએ છેલ્લી વિનંતી
ભૂલી નહીં જઈશ,
એક દિવસ તેં મારી સાથે વિશ્વાસઘાત કર્યો
હતો
કોઈને કહીશ નહીં,
પોતાને પણ નહીં.
વધેલા દિવસો હંસી-ખુશીમાં
સંસાર રચજે, ખુલ્લાં મનથી પ્યાર અને
મમતાથી
બધાને બાંધીને રાખજે.
આ માનવજીવન દુર્લભ છે પ્રિયતમા,
પહેલા જન્મનાં સુકર્મની
અનેકવાર મળે છે પુણ્યનાં ભાથાથી
હાથની મુટ્ઠી ખોલવાથી
બંધ પિંજરાની પંખીની જેમ ઊડી જાય છે
નીલા આકાશમાં
જે શોરબકોર કરવાથી પણ
જોઈ નથી શકાતું
સપ્તદ્વીપ મહામંડળમાં.
પુનર્જન્મ હોય કે નહીં હોય
આ જન્મ છેલ્લો જન્મ
પ્યાર,સ્નેહ, ઈર્ષ્યા, ઘૃણા, માયા, મમતા
આ જન્મમાં જ ભોગવવાનું છે
આ કાળ, પછીનો કાળ, સ્વર્ગ-નરક, પાપ-
પુણ્ય, ભેદ-અભેદ, મુકિત અને બંધન.
આ જન્મ નિત્ય-સુદ્ધ-બુદ્ધ- મુક્ત- શાશ્વત
અને સત્ય-ચિરંતન.
વિદાયવેળાએ
મારી છેલ્લી વિનંતી
ભૂલથી પણ ભૂલી નહીં જઈશ
પ્રલયનાં જળમાં આપણી યાદોની નૌકા
ટૂટીને ખલાશ થઈ જશે તો પણ
તારું નામ જપતો રહીશ
લાખો યુગ, કરોડો યુગ સુધી.






# સૂર્યનું ઉત્તર તરફ સંક્રમણ : માનવજાતને અસરકર્તા

## ઉત્તરાયણ એટલે દેવતાઓનો દિવસ, આ સમયે મૃત્યુ થાય તો જીવને વૈકુંઠમાં સ્થાન મળે : સમગ્ર દુનિયામાં પ્રદેશ મુજબ દિવસનું મહત્ત્વ

સૂર્ય ધનુ રાશિમાંથી મકર રાશિમાં સંક્રમણ કે સ્થાનાંતર (પરિવર્તન) કરે છે તેને મકર સંક્રાંતિ કહે છે. બીજા શબ્દોમાં સૂર્ય ઉત્તર તરફ ખસતો કે ગતિ કરતો હોવાથી આ દિવસને ઉત્તરાયણ (ઉત્તર+અયન) તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તરાયણ એટલે દેવતાઓનો દિવસ. આ સમયે મૃત્યુ થાય તો જીવને વૈકુંઠમાં સ્થાન મળે છે. ઉતરાયણના ૬ માસ પૂરા થાય એટલે દક્ષિણાયનના માસનો પ્રારંભ થાય છે. તેને દેવતાઓની રાત્રિ કહે છે. આ સમયે મૃત્યુ પામનાર જીવ ચંદ્રનો પ્રકાશ મેળવી ફરીથી સંસારમાં જન્મ લે છે તેવી ધાર્મિક માન્યતા છે. ઉત્તર તરફ ગતિનો પ્રારંભ ૨૧ ડિસેમ્બરથી થાય છે. આમ તો ૧૪મી જાન્યુઆરી આસપાસનો સમય ગણવામાં આવે છે. પરંતુ ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ ઈ.સ.૨૦૧૬ના જાન્યુઆરી મહિનામાં ૧૫ જાન્યુઆરીના દિવસે ઉત્તરાયણ (મકર સંક્રાંતિ) હતી. સૂર્ય ઉત્તર તરફ ગતિ કરતો હોવાથી હવે રાત્રિઓ ટુંકી અને દિવસો લાંબા થવાની શરૂઆત થાય છે.

સૂર્ય મકર રાશિમાં પ્રવેશતાં જ તેજોમય બને છે. સૂર્યનું ઉત્તર તરફનું સંક્રમણ માનવજાતને એટલું જ લાગુ પડે છે. જેમ જેમ સમયચક્ર આગળ વધે છે, તેવી જ રીતે આપણે પરિવર્તન કરવું જરૂરી છે. સમય સાથે કદમ તાલ ન મિલાવનાર સમાજમાંથી દૂર ફેંકાઈ જાય છે. આમ સંક્રમણનો અર્થ વિકાસ પણ છે. આપણા જીવનમાં જે જૂની પ્રથા કે બાબતો નિરર્થક અને બાધારૂપ હોય તેનો ત્યાગ કરીને નવીન મૂલ્યોને અપનાવવાનો આ પર્વ નો સંદેશ આપી જાય છે. જેવી રીતે કર્મયોગી બનેલો સૂર્ય દક્ષિણમાંથી ઉત્તર તરફ પરિવર્તનનો માર્ગ ગ્રહણ કરે છે તેવી આપણે અજ્ઞાનરૂપી તિમિરને ત્યજીને જ્ઞાન રૂપી પ્રકાશની વાટે પ્રયાણ કરવાનું છે તો જ આપણે સારાં નરસાંનો ભેદ તારવી શકીશું.

### સંક્રાંતિ શબ્દના અનેક ભેદ શાસ્ત્રકારો આપણને સમજાવે છે

- સંક્રાંતિનો અર્થ છે સમૂહ ક્રાંતિ કે સંઘ ક્રાંતિ. અર્થાત્ સંઘ કે સમૂહ સંગઠિત થાય તો ગમે તેટલા કઠિન કાર્યોમાં અવશ્ય ફતેહ પ્રાપ્ત કરે છે.
- સંક્રાંતિનો બીજો અર્થ મહાપુરુષો "સંગ ક્રાંતિ"કરે છે. રાગ, દ્વેષ, મોહ માયાની આસક્તિનો ત્યાગ કરીને માનવતા, પ્રામાણિકતા, શુદ્ધ આચાર વિચાર, સત્ય, સત્કર્મો કરીને પ્રભુ ભક્તિનો સંગ એટલે સત્સંગ કરવો. જેવી રીતે અર્જુને કૃષ્ણનો સંગ કર્યો હતો અને કર્ણ દુષ્ટ દુર્યોધનનો સંગ(કુસંગ) કરીને ધિક્કારને પાત્ર બન્યો.

### વિવિધ ક્ષેત્રોમાં મકર સંક્રાંતિના વિભિન્ન નામો

૧ ઉત્તરભારતમાં હિમાચલ પ્રદેશ માં લોહળી કે લોહલી. પંજાબમાં લોહડી
૨ પૂર્વ ભારતમાં બિહારમાં સંક્રાંતિ આસામમાં ભોગાલી બિહુ
૩ પશ્ચિમ બંગાળ ઓરિસ્સામાં મકર સંક્રાંતિ
૪ પશ્ચિમ ભારતમાં ગુજરાત કે રાજસ્થાનમાં મકરસંક્રાંતિ અને મહારાષ્ટ્રમાં સંક્રાંત.
૫ દક્ષિણ ભારતમાં આંધ્ર પ્રદેશ, તેલુગુ, તામિલનાડુમાં પોંગલ, કર્ણાટકમાં સક્રાંથી કે સંક્રાંથ. શબરી માલા મંદિરમાં વલ્લાકુ ઉત્સવ.
૬ નેપાળમાં થારુ લોકો માઘી અથવા માઘ સંક્રાંતિ કહે છે.
૭ દક્ષિણ એશિયા થાઇલેન્ડમાં સોંગક્રાંત, લાઓસમાં પિમાલાઓ અને મ્યાનમારમાં થિંગયાનના નામથી ઉજવવામાં આવે છે.

### પુરાણમાં ઉત્તરાયણનું મહત્વ

મહાભારતના યુદ્ધમાં કુરુવંશના સંરક્ષક ભીષ્મ પિતામહે મકર સંક્રાંતિ સમયે સૂર્યોદય ટાણે દેહ છોડવાનું પસંદ કર્યું હતું. કેમ કે, તે દિવસે શિવજીની જટામાંથી ભગીરથના પ્રયત્નોથી પતિત પાવની મા ગંગાનું પુણ્ય ભૂમિ પર અવતરણ થયું હતું. તેઓ ગંગાપુત્ર હતા. ઉત્તરાયણના દિવસે ભીષ્મે દેહોત્સર્ગ કર્યો હતો. તેથી આ પર્વને ભીષ્મ દેહોત્સર્ગ ઉત્સવ અથવા ભીષ્મ જયંતિ તરીકે પણ ઉજવવામાં



આવે છે.

બાણશૈયા પર ઈચ્છા મૃત્યુને ભેટનાર ભીષ્મને યુધિષ્ઠિર પ્રશ્ન કરે છે કે"માનવ કલ્યાણ માટે શું શ્રેષ્ઠ છે ? ભીષ્મ કહે છે કે" અંતિમ લક્ષ શ્રી હરિ વિષ્ણુ જ છે. વિષ્ણુના હજાર (સહસ્ત્ર) નામનો જાપ કરીને વિષ્ણુ સહસ્ત્ર નામ કે સ્તોત્રના જાપ જ શ્રેયકર છે.

### જ્યોતિષની દૃષ્ટિએ મકર સંક્રાંતિએ ઉપાસના - અનુષ્ઠાનો

ઋગવેદમાં સૂર્ય માટે "પતંગ"શબ્દનો પ્રયોગ થયો છે. આર્યો પણ પ્રાચીનકાળથી સૂર્યની પૂજા કરતા હતા. કેમ કે, સૂર્યપૂજા કરવાથી અમંગળ, દરિદ્રતા અને રોગથી મુક્તિ મળે છે અને માનવ કલ્યાણ થાય છે.

તાંબાના લોટામાં સાકર મિશ્રિત જળ ભરીને પીંપળે જળ ચડાવવાથી પિતૃદેવો અતિ પ્રસન્ન થાય છે.

જો સ્ત્રીઓ ગાયત્રી મંત્રની યોગ્ય રીતે સાધના કરે તો તેઓની આંતરિક શક્તિમાં ઘણો વધારો કરી શકે છે.

સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરતો હોવાથી કમૂરતા પૂર્ણ થાય છે ને લગ્ન આદિ માંગલિક કાર્યોનો પ્રારંભ થાય છે. બીજું કે ઉતરાયણના દિવસે સૂર્ય તેમના પુત્ર શનિદેવને મળ્યા હતા. તેથી આ પર્વની ઉજવણીથી પિતા પુત્ર વચ્ચે ગમે તેવો અણબનાવ હોય તો તે દૂર થાય છે.

મકરસંક્રાંતિ એ જ્ઞાનની દેવી મા સરસ્વતીની પૂજા-આદર કરવાનો પણ આ આદર્શ સમય મનાય છે. હાથેથી છડેલા સાત ધાનનો (ધાન્ય) ખીચડો બનાવવાનું જ્યોતિષની દ્રષ્ટિએ ખુબ મહત્વ છે. ખીચડો બનાવીને (જુવાર, બાજરી, ઘઉ, ચોખા, મગની દાળ, તુવેરની દાળ, અડદની દાળ) નાની બાળાઓ, બહેન, દીકરી અન્ય લોકોને ખવડાવવાથી પુણ્ય મળે છે.

ખીચડાના સેવનથી કુંડળીના ગ્રહોની સ્થિતિ સુધરે છે.

ચોખાનો સંબંધ ચંદ્રમા સાથે, અડદ દાળને શનિનું પ્રતિક ગણાય છે. હળદરનો સંબંધ ગુરુ ગ્રહ સાથે. લીલા શાકભાજીનો સંબંધ બુધ ગ્રહ સાથે હોય છે.

ખાસ કરીને પશુ, પ્રાણીઓ, માછલીઓ તેમજ ગાય અને બળદને ઘઉની ઘૂઘરી (ટોથા )કરીને ખવડાવવામાં આવે છે. વળી, પહેલાના સમયમાં લાડુમાં સોના મહોર કે સિક્કા મૂકીને ગુપ્ત દાન કરવામાં આવતું હતું.

મહારાષ્ટ્રમાં તલ ગોળ આપીને એવું કહે છે કે" તિલ ગુડ ઘ્યા, ગુડ ગુડ બોલા"અર્થાત્ તલ ગોળ આપોને મીઠું મીઠું બોલો. ભૂતકાળની ભૂલોને ભૂલી જઈને ફરી સંબંધોમાં મીઠાશ લાવીએ. વળી, ઋતુ બદલાતી હોવાથી તલ ગોળ ખાવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે.

### ઉત્તરાયણ યાને મકર સંક્રાંતિ એટલે પતંગોનો તહેવાર

રમેશ પારેખના શબ્દોમાં કહીએ તો"પતંગ નો ઓચ્છવ એ મનુષ્યના ઉમળકાઓનો ઘુઘવતો વૈભવ,
આભ તને પતંગ રૂપે છે નિમંત્રણ,
નીચે આવી આપ ઉમળકો"

આખો દિવસ પતંગ રસિયાઓ અગાશી કે ધાબા પર ચઢી પોતાની આગવી આવડત વાપરીને પતંગોને કાપીને "એ કાટ્ટા,લપેટ"કહીને હર્ષોલ્લાસ પ્રકટ કરે છે. બાલમુકુંદ દવેની પતંગ વિશેની કવિતા આ પ્રસંગે યાદ આવે છે.

**"મારો ચગે રે પતંગ કેવો સર સર સર..**
**વાયો આકાશી વાયરો ફર ફર ફર.**

સૂર્યાસ્ત બાદ પતંગ રસિયાઓ જાણે આહવાન આપી કહે છે કે

**" દિન ભર લુંટાવ્યો અમે આનંદ અપાર છે,**
**ફાનસ ચગાવું રાત પડે એની વાર છે**
**પેલી તારલાંની ટોળી હસે ખડ ખડ ખડ."**

અને આમ સમગ્ર દિવસ ઉંધીયુ, જલેબી, ફાફડા, પૂરી, ગોળ તલની ચીક્કી સાથે પરિવાર સાથે આનંદપૂર્વક પૂર્ણ થાય છે.

અમદાવાદમાં રિવર ફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન થાય છે. દેશ વિદેશના પતંગ રસિયાઓ પતંગ ચગાવીને આનંદ માણે છે. અમારા પાટણ અને સિધ્ધપુરમાં આ દિવસે પતંગ ચગાવાતો નથી પણ દશેરાના દિવસે પતંગ ચગાવાય છે. કેમ કે, લોક માન્યતા એવી છે કે, આ દિવસે પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહનું મૃત્યુ થયું હતું

### લોકપ્રિય મેળાઓનું આયોજન

આ દિવસે ખુબજ પ્રખ્યાત કુંભ મેળો ભરાય છે. જે દર બાર વર્ષે હરિદ્વાર, પ્રયાગ, ઉજ્જૈન અને નાસિક આ ચાર જગ્યાએ વારા ફરતી યોજવામાં આવે છે. વળી, કલકત્તા નજીક ગંગા સાગરનો મેળો ભરાય છે. નદીઓમાં સ્નાન કરવાથી પાપોથી મુક્તિ મળે છે. આમ છેલ્લે સમાપનમાં એટલું જ કહીશ કે આ દિવસ ગુરુ પાસે આશીર્વાદ પ્રાપ્ત કરવાનો તેમજ પરિવારના મિલન અને સમર્પણનો દિવસ છે.

**- ડો. જયેન્દ્ર કે. નાયક (સંગીતકાર)**

# પ્રમુખ સ્વામી મહારાજને 'સનાતન ધર્મ જ્યોતિ'નું સન્માન

**શતાબ્દી મહોત્સવ** કુટુંબ-એકતા દિવસ, શિક્ષણ દિવસ, દર્શન-શાસ્ત્ર દિવસ કાલાતીત શાણપણની ઉજવણી વગેરે થીમ આધારિત કાર્યક્રમો યોજાયા

**અમદાવાદ**

પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી નિમિત્તે એક મહિના સુધી અમદાવાદમાં ભવ્ય ઉજવણી ચાલી રહી છે. પ્રથમ બે અઠવાડિયામાં 2 મિલિયનથી વધુ મુલાકાતીઓએ પ્રચંડ પ્રમુખ સ્વામી નગરની મુલાકાત લીધી હતી. પ્રમુખ સ્વામી નગર ખાતે ડિસેમ્બર 2022માં છેલ્લા સપ્તાહમાં "કુટુંબ-એકતા દિવસ: કૌટુંબિક મૂલ્યોની ઉજવણી," "શિક્ષણ દિવસ: મૂલ્યો આધારિત શિક્ષણની ઉજવણી," "દર્શન-શાસ્ત્ર દિવસ: કાલાતીત શાણપણની ઉજવણી વગેરે થીમ આધારિત કાર્યક્રમો યોજાયા હતા.

31 ડિસેમ્બરના રોજ, પ્રમુખ સ્વામી મહારાજને હિંદુ ધર્મના કાલાતીત જ્ઞાનના રક્ષણ, સંવર્ધન અને પોષણ માટેના તેમના યોગદાન બદલ 'સનાતન



ધર્મ જ્યોતિ'નું સન્માન આપવામાં આવ્યું હતું. આ પુરસ્કાર પરમ પવિત્ર મહંત સ્વામી મહારાજને 30થી વધુ પ્રતિષ્ઠિત વિદ્વાનો દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો. જેઓ પ્રમુખ સ્વામી મહારાજની ભારતીય ફિલસૂફી પ્રત્યેની અભૂતપૂર્વ સેવાઓને શ્રદ્ધાંજલિ આપવા માટે સમગ્ર ભારતમાંથી એકત્ર થયા હતા. આ તકે ઉજ્જૈનના વાઈસ ચાન્સેલર પ્રોફેસર વિજયકુમાર સીજીએ સમજાવ્યું હતું કે, "પ્રમુખ સ્વામી મહારાજનું જીવન સમાજના નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન માટે સમર્પિત હતું. તેમણે મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીને ઐતિહાસિક સેટ બનાવવા માટે પ્રેરણા આપી હતી.

### પ્રમુખસ્વામીને અંજલિ આપવા લાઇટ શો

મહોત્સવના મુખ્ય આકર્ષણો પૈકીમાનો એક અને મહોત્સવના સાર સમાન લાઇટ એન્ડ સાઉન્ડ શો એક મહત્વની રજૂઆત છે. પ્રમુખસ્વામી મહારાજને અંજલિ આપવા આ લાઇટ એન્ડ સાઉન્ડ શોની થીમ "મહોત્સવ પૂર્ણ પુરુષ કા" રાખેલ છે. લાઇટ એન્ડ સાઉન્ડ શો ધ્વનિ, પ્રકાશ, જીવંત નૃત્ય, તથા અભિનય વિડીયો વગેરેના સુચારું સંયોજનથી 3D પ્રોજેક્શન મેપિંગના માધ્યમથી પ્રદર્શિત કરવામાં આવશે., તેજમ એક સાથે ૩૦૦ બાળ, યુવા કાર્યકરો દ્વારા પર્ફોમ કરવામાં આવશે. આ તમામ પર્ફોર્મર માટે ૫૦૦ થી વધુ કોશ્ચ્યુમ તેમજ આટોમેટિક પ્રોગ્રામીંગ સાથેની LED પ્રોપર્ટી તૈયાર કરવામાં આવ્યા છે.

### મહંત સ્વામીના હસ્તે 58 યુવકને ભાગવતી દીક્ષા અપાઈ

પ્રમુખસ્વામી જન્મ શતાબ્દી પ્રસંગે પ્રમુખસ્વામી નગરમાં 58 જેટલા યુવકોને ભાગવતી દીક્ષા આપવામાં આવી હતી. બીએપીએસના વડા અને આધ્યાત્મિક ગુરુ મહંત સ્વામીના હસ્તે 58 પાર્ષદોને દીક્ષા આપવાની સાથે તેમના સાધુ તરીકેના નામકરણ પણ કરવામાં આવ્યા હતા. આ દીક્ષા લેનારમા અમેરિકાના પાંચ, મુંબઈના સાત ગુજરાતના 46 યુવકોનો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં દેવાને કારણે પાંચ વર્ષમાં 552ની આત્મહત્યા

## દેવાના બોજ-વ્યાજખોરોને લીધે આત્મહત્યાના પ્રમાણમાં પાંચ વર્ષમાં 90 ટકાનો વધારો : નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યુરોનો અહેવાલ જારી

**અમદાવાદ**

ગુજરાત સરકાર દ્વારા આગામી ૧૦૦ દિવસમાં ગેરકાયદે વ્યાજ વસુલતા વ્યાજખોરો વિરુદ્ધ કાર્યવાહી કરવાની જાહેરાત કરી છે. જોકે, દેવું-વ્યાજના ખપ્પરમાં આત્મહત્યા કરનારાના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં દેવાના બોજને કારણે ૫૧૨ વ્યક્તિએ આત્મહત્યા કરી છે.



### ગુજરાતમાં દેવાના બોજને લીધે આત્મહત્યા

| વર્ષ | પુરુષ | મહિલા |
|---|---|---|
| ૨૦૧૭ | ૭૪ | ૦૮ |
| ૨૦૧૮ | ૬૫ | ૦૨ |
| ૨૦૧૯ | ૭૮ | ૦૩ |
| ૨૦૨૦ | ૧૧૭ | ૦૭ |
| ૨૦૨૧ | ૧૪૭ | ૧૧ |

નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યુરોના અહેવાલ પ્રમાણે વર્ષ ૨૦૧૭માં ૭૪ પુરુષ-૮ મહિલા એમ ૮૨ વ્યક્તિએ દેવાના બોજને લીધે આત્મહત્યા કરી હતી. દેવાના બોજને લીધે આત્મહત્યા કરનારાઓનું પ્રમાણ ૨૦૨૧માં વધીને ૧૫૮ થઈ ગયું છે. આમ, પાંચ વર્ષમાં દેવાના બોજને લીધે આત્મહત્યા કરનારાના પ્રમાણમાં ૯૦ ટકાથી વધુનો વધારો થયો છે. વર્ષ ૨૦૨૧માં દેવાના બોજને લીધે સૌથી વધુ લોકોએ આત્મહત્યા કરી હોય તેમાં મહારાષ્ટ્ર (૧૫૩૫) સાથે મોખરે, તેલંગાણા (૧૩૮૫) સાથે બીજા, કર્ણાટક (૧૨૭૭) સાથે ત્રીજા જ્યારે ગુજરાત સાતમાં સ્થાને છે.

વર્ષ ૨૦૨૧માં મોટા શહેરમાં દેવાના બોજ-નાદારીને લીધે વડોદરામાંથી સૌથી વધુ ૭, અમદાવાદમાંથી ૩ વ્યક્તિએ આત્મહત્યા કરી છે. જ્યારે રાજકોટ-સુરતમાં દેવાને લીધે એકપણ વ્યક્તિએ આત્મહત્યા નહીં કરી હોવાનું સામે આવ્યું છે. સમગ્ર દેશમાં વર્ષ ૨૦૨૧માં દેવાને લીધે કુલ ૬૩૬૧ વ્યક્તિએ આત્મહત્યા કરી છે.

# આમ આદમી પાર્ટી અને ભાજપે ગઠબંધન કર્યું જ હતું: ગેહલોત

## ગુજરાત કોંગ્રેસના સંગઠનમાં મોટો ફેરફારની શક્યતાઓ

**અમદાવાદ**

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ભારે બહુમતિ મળી અને આમ આદમી પાર્ટી પણ પાંચ સીટો પર વિજય મેળવીને રાષ્ટ્રીય પાર્ટી બની ગઈ. પરંતુ કોંગ્રેસને આ વખતે સૌથી ખરાબ પ્રદર્શનનો સામનો કરવો પડ્યો છે. આ માટે કોંગ્રેસ હાઈકમાન્ડે ગુજરાતમાં પરાજયના કારણો જાણવા માટે મહામંથન શરૂ કર્યું છે. ત્યારે કોંગ્રેસના ઓબ્ઝર્વર અને રાજસ્થાનના મુખ્યમંત્રી



અશોક ગેહલોતે કહ્યું હતું કે, ગુજરાતમાં ચૂંટણીનું જે પરિણામ આવ્યું છે. તેમાં અમારી ક્યાંક ખામીઓ રહી ગઈ છે અને ક્યાંક અમારે મોડુ પણ થયું છે. તે સિવાય આમ આદમી પાર્ટીના કારણે કોંગ્રેસના વોટ વેચાઈ ગયા હતાં. આપ અને ભાજપ વચ્ચે ગઠબંધન હતું પણ તેઓ કોઈને કહેતા નથી. હવે અમે આ મુદ્દે મંથન કરીશું અને ફરીવાર ગુજરાતમાં બેઠા થવા માટે પ્રયત્નો કરીશું.

# વિધાનસભા સચિવાલયે કોંગ્રેસને પત્ર લખ્યો, 19 જાન્યુઆરી સુધીમાં વિપક્ષ નેતાનું નામ જણાવો

## કોંગ્રેસ પાસે માત્ર 17 બેઠકો છે અને વિપક્ષના પદ માટે 19 બેઠકો હોવી જરૂરી છે

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પરિણામ 2022ની આઠમી ડિસેમ્બરે આવી ગયું છે. જેમાં ભાજપની રેકોર્ડ બ્રેક જીત થઈ છે અને કોંગ્રેસનું કંગાળ પ્રદર્શન જોવા મળ્યું છે. ત્યારે ભાજપની નવી સરકારે હવે કામગીરી પણ શરુ કરી દીધી છે અને વિધાનસભાનું પ્રથમ ટુંકુ સત્ર પણ યોજાઈ ગયું છે. અહીં સુધી હજી વિધાનસભામાં વિપક્ષના નેતા કોણ એ સવાલ ચર્ચાઈ રહ્યો છે. કોંગ્રેસ પાસે હાલમાં 17 બેઠકો છે અને વિપક્ષના નેતા માટે 19 બેઠકો હોવી જરૂરી છે. જ્યારે આમ આદમી પાર્ટી પાસે પાંચ બેઠકો છે અને અપક્ષ વિજેતાઓએ ભાજપને ટેકો જાહેર કર્યો છે. પરંતુ હજી વિપક્ષના નેતાના ઠેકાણાં પડ્યાં નથી. ત્યારે વિધાનસભા સચિવાલય તરફથી કોંગ્રેસને પત્ર લખીને આગામી 30 દિવસમાં વિપક્ષના નેતાનું નામ જાહેર કરવા માટે પત્ર લખવામાં આવ્યો છે.

વિધાનસભા સચિવાલય દ્વારા કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોરને પત્ર લખવામાં આવ્યો છે. જગદીશ ઠાકોરે આ અંગે કેન્દ્રીય નેતૃત્વને જાણ કરી હોવાનું જાણવા મળ્યું છે. કોંગ્રેસને વિપક્ષના નેતા માટે 19 જાન્યુઆરી સુધીનો સમય આપવામાં આવ્યો છે. બજેટ સત્ર પહેલાં જ વિપક્ષના નેતાના પદ માટેની કવાયત હાથ ધરાઈ છે. પરંતુ કોંગ્રેસ દ્વારા હજી સુધી આ પત્રનો કોઈ જવાબ આપ્યો નથી.

# ગુજરાતની પટેલ સરકાર હવે અનેક યોજનાઓ બંધ કરવાની ફિરાકમાં

**ગાંધીનગર**

ફેબ્રુઆરીમાં યોજાનારા વિધાનસભાના બજેટ સત્રની તૈયારીઓ ચાલી રહી છે. આ વખતના બજેટમાં ખોટા ખર્ચા થતાં હોય એ પ્રકારની અને નકામી લાગતી હોય તેવી યોજનાઓને બંધ કરવામાં આવશે. સરકાર દ્વારા તમામ વિભાગોના IAS અધિકારીઓને આ સંદર્ભમાં સૂચના આપી દેવામાં આવી છે.

સચિવાલયના સૂત્રો જણાવે છે કે IASઅધિકારીઓને પોતાના વિભાગમાં હાલમાં કઈ કઈ યોજનાઓ ચાલી રહી છે તેની પાછળ વર્ષ દરમિયાન કુલ કેટલો ખર્ચ થાય છે અને તેનો લાભ કેટલા લોકો સુધી પહોંચે છે વગેરે જેવી ડીટેલ આપવાની રહેશે. આવી ભેગી થયેલી માહિતીને આધારે સરકાર કેટલીક યોજનાઓને બંધ કરવાનો તો અમુક યોજનાઓમાં અપાતા લાભો ઓછા કરવાનો નિર્ણય લેવામાં આવશે.

તે ઉપરાંત સચિવાલયના સુત્રો એવું પણ જણાવે છે કે, રાજ્યમાં મોટા પાયે ભરતી થઈ શકે છે. કોન્ટ્રાક્ટ પદ્ધતિમાંથી પણ મુક્તિ મળી શકે છે. આઉટ સોર્સિંગ પ્રથા પણ દૂર કરવાની સરકારમાં વિચારણા ચાલી રહી છે.

# બેદરકારી ભારે પડી, અમદાવાદ જિલ્લામાં 14 પોલીસકર્મી સસ્પેન્ડ

**અમદાવાદ**

અમદાવાદ ગ્રામ્ય SP અમિત વસાવાએ મોટી કાર્યવાહી કરી હતી. કાર્યવાહીમાં જિલ્લામાં 14 જેટલા પોલીસકર્મીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. આ કાર્યવાહી અંર્તગત ખોટી હાજરી પુરનાર અને પ્રોત્સાહન આપનાર એક પીઆઈને પણ સસ્પેન્સ કરી દેવામાં આવ્યા હતા. આ 14 પોલીસ કર્મીઓ ફરજ પર હાજર ન રહેતા કાર્યાવાહી કરવામાં આવી હતી. આ પોલીસકર્મીઓ એક વર્ષ કરતા પણ વધારે સમયથી હાજર રહેતા ન હતા.

# ગુજરાતીઓએ માત્ર એક જ વર્ષમાં 68 હજાર ઈલેક્ટ્રિક વાહનો ખરીદ્યા

**અમદાવાદ, તા.૧૨**

પેટ્રોલ-ડીઝલના વધતા જઈ રહેલા ભાવ અને ક્લાયમેટ ચેન્જના કારણે પર્યાવરણની ચિંતાની વચ્ચે ઈવી (ઈલેક્ટ્રિક વ્હીકલ) ક્રાંતિ વેગ પકડી રહી છે. ગુજરાતમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં ૨૦૨૨માં સાતગણો વધારો નોંધાયો હતો, જો કે તે પેટ્રોલથી ચાલતા વાહનોના વેચાણની સરખામણીમાં ઓછો હતો. ૨૦૨૧માં ૯,૭૭૬ યુનિટની સરખામણીમાં ૨૦૨૨માં ૬૮,૯૯૯ ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ થયું હતું. ઈવી વાહનોની પોપ્યુલારિટી સીએનજી વાહનોને વટી ગઈ છે, જેના ૨૦૨૨માં માત્ર ૫૦,૦૦૭ યુનિટ વેચાયા હતા. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે, જેમ વધુને વધુ ચાર્જિંગ સ્ટેશન સેટ અપ કરવામાં આવી રહ્યા છે તેમ ઈલેક્ટ્રિક વાહનો તરફ વળતા ગ્રાહકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ગુજરાત દેશના તેવા ૧૮ રાજ્યોમાં સામેલ છે, જેણે ઈલેક્ટ્રિક મોબિલિટી તરફ ટ્રાન્સપોર્ટ સેક્ટરને આગળ વધારવા માટે ઈવી પોલીસીને અંતિમ સ્વરૂપ આપ્યું છે. ઓક્ટોબર ૨૦૨૧માં ઈલેક્ટ્રિક વ્હીકલનું વેચાણ શરૂ થયું હતું અને ગત વર્ષે ટ્રેન્ડમાં વધારો થયો હતો.

# સિનિયર આઈપીએસને પ્રમોશન, 7 અધિકારીના ગ્રેડમાં સુધારો થયો

**ગાંધીનગર**

ગુજરાતના પોલીસ વડા આશિષ ભાટીયાનો કાર્યકાળ 31 જાન્યુઆરીએ પૂર્ણ થાય છે. આ પહેલાં રાજ્યના સિનિયર IPS અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યું છે. ઉપરાંત 7 SP કક્ષાના અધિકારીઓના ગ્રેડમાં સુધારો કરાયો છે. ગુજરાતના ગૃહમંત્રાલય દ્વારા સિનિયર IPS અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યું છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચના અધિક પોલીસ કમિશનર અને 2005 બેચના IPS અધિકારી પ્રેમવીરસિંહને પ્રમોશન અપાયું છે. તેઓને IG તરીકે પ્રમોશન અપાયું છે. સુરત રેન્જ IG તરીકે ફરજ બજાવતા 1998 બેચના IPS અધિકારી પિયુષ પટેલને ADGP તરીકે પ્રમોશન મળ્યું છે.

# કૃષ્ણનગરમાં પિતાએ પોતાની સગી દિકરી પર બળાત્કાર ગુજાર્યો

**અમદાવાદ**

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા ૩૦ વર્ષના યુવક સામે તેની પત્નીએ બળાત્કારની ફરિયાદ નોંધાવી છે કે માતા સાસુને લઈને દવાખાને ગઈ હતી, આ સમયે પિતા અને તેમની આઠ વર્ષથી પુત્રી ઘરે હતા, ઘરમાં એકલતા હોવાથી હેવાન પિતા પોતાની માસૂમ દિકરી ઉપર નજર બગાડીને દિકરીને આઈસ્ક્રીમ ખવડાવીને શારિરીક અડપલા કર્યા બાદ તેણીની ઉપર દુષ્કર્મ આચર્યું હતું, જો કે અચાનક જ દિકરીની તબિયત બગડી હતી અને તેણીને ડાયેરિયા થઈ ગયો હતો. દિકરીની તબિયત બગડી હોવાની પિતાએ પડોશી મહિલાને જાણ કરતા મહિલા સગીરાને લઈને નજીકના દવાખાને લઈ ગઈ હતી.

# અમદાવાદમાં કાંકરિયા તળાવ પાસે 50 લાખના ખર્ચે પિન્ક ટોયલેટ બનશે

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદમાં પણ હવે મહિલાઓ માટે ખાસ ટોયલેટ નિર્માણ પામી રહ્યા છે. કોર્પોરેશન દ્વારા પાયલોટ પ્રોજેક્ટ તરીકે કાંકરિયામાં પિન્ક ટોયલેટ બનાવવામાં આવી રહ્યું છે. જાહેર શૌચાલયમાં મહિલાઓને સંકોચ થતો હોય છે તેને ધ્યાનમાં રાખીને આ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. શહેરના 7 ઝોન માં 3 -3 પિન્ક ટોયલેટ બનાવવામાં આવશે. રોડ એન્ડ બિલ્ડિંગ કમિટી ચેરમેને મહાદેવ દેસાઈએ કહ્યું હતું કે આ મહિલા સંચાલિત ટોયલેટ 3 કે 4 મહિનામાં શરૂ થઈ જશે. બનાવવામાં આવેલા જાહેર શૌચાલયો મોટાભાગે પુરુષો વધારે ઉપયોગ કરતા હોય છે.

# WhatsApp નંબરથી હવે મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરિયાદ કરી શકાશે

**ગાંધીનગર**


ગુજરાતમાં લોકોની ફરિયાદો સીધી જ મુખ્યમંત્રી સુધી પહોંચે અને મુખ્યમંત્રીના કાર્યાલયને સોશિયલ મીડિયા સાથે જોડવા માટે એક વોટ્સએપ નંબર 7030930344 જાહેર કરવામાં આવ્યો છે. આ નંબર પર રાજ્યનો કોઈપણ નાગરીક ફરિયાદ કરી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સતત બીજી વખત શાસનની ધૂરા સંભાળ્યા બાદ તેઓ કંઈક નવું કરવાના પ્રયત્નો કરતાં રહ્યાં છે. તેમણે ગુજરાતના નાગરીકોને કોઈ જ તકલીફ ના રહે તે માટે એક નિર્ણય લીધો છે. જેમાં રાજ્યનો દરેક નાગરીક મુખ્યમંત્રી કાર્યાલય સાથે સોશિયલ મીડિયા મારફતે જોડાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

# પશ્ચિમ બંગાળની સ્કુલમાં ભોજનમાં મરેલો સાપ આવી જતાં 30થી વધુ બાળકો બીમાર

## કન્ટેનરમાં મુકાયેલા ભોજનમાં મરેલો સાપ દેખાતા સ્ટાફમાં દોડધામ મચી ગઇ

**કોલકત્તા**

પશ્ચિમ બંગાળના બીરભૂમ જીલ્લાના મયૂરેશ્વર બ્લોકમાં આવેલી એક શાળામાં મિડ-ડે-મીલમાં મરેલો સાપ મળી આવ્યાની ઘટના બહાર આવી છે. તેથી તે સ્કુલમાં ૩૦ બાળકો બીમાર પડી જતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા. જે પૈકી ૨૯ સ્વસ્થ થઈ જતાં તેમને રજા આપવામાં આવી હતી. એક બાળકની સારવાર ચાલુ છે. સ્કુલ સ્ટાફે જણાવ્યું હતું કે મધ્યાહન ભોજન લીધા પછી તે બાળકોને ઉલ્ટીઓ થવા લાગી હતી. તેથી તેમને રામપુર-હાટ-



મેડીકલ કોલેજની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા.

બીડીઓ દીપાંજન જાનાએ પત્રકારોને કહ્યું હતું કે અમને કેટલાએ ગ્રામવાસીઓ દ્વારા આ ખબર મળતા અમે પ્રાયમરી સ્કુલના ડીસ્ટ્રિક્ટ ઈન્સ્પેકટરને સ્થળ ઉપર પહોંચી તપાસ કરવા જણાવી દીધું છે. રાહતની વાત તે છે કે હવે તમામ બાળકો ભયમુક્ત છે. માત્ર એક બાળકની સારવાર ચાલી રહી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે તે ઘટના પછી બાળકોના માતા પિતા સ્કુલ ઉપર પહોંચ્યા હતા અને હેડ માસ્તરનો ઘેરાવ કર્યો હતો. તેની મોટરસાયકલ તોડી નાખી હતી. જોકે પોલીસે દરમિયાનગીરી કરી મામલો શાંત પાડયો અને બાળકોના માતા પિતાને સમજાવી ઘરે મોકલ્યા હતા.

# DIPએ આમ આદમી પાર્ટીને 163.62 કરોડની વસૂલીની નોટિસ ફટકારી

## વસૂલાત નોટિસમાં રકમ પર વ્યાજ પણ સામેલ : પ્રચાર નિર્દેશાલય

**નવી દિલ્હી**

સરકારી જાહેરાતોની આડમાં પક્ષની રાજકીય જાહેરાતો પ્રકાશિત કરવા બદલ આમ આદમી પાર્ટીને રૂ. 163.62 કરોડની વસૂલાતની નોટિસ ફટકારવામાં આવી છે. સૂત્રોએ બુધવારે આ જાણકારી આપી હતી. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ મુખ્ય સચિવને સરકારી જાહેરાતોની આડમાં પ્રકાશિત પક્ષની રાજકીય જાહેરાતો માટે AAP પાસેથી રૂ. 97 કરોડની વસૂલાત કરવાનો નિર્દેશ આપ્યાના મહિના બાદ આ ઘટનાક્રમ સામે આવ્યો છે. માહિતી અને પ્રચાર નિર્દેશાલય દ્વારા જારી કરાયેલ વસૂલાત



નોટિસમાં રકમ પર વ્યાજ પણ સામેલ છે અને દિલ્હીમાં સત્તારૂઢ AAPને 10 દિવસની અંદર સમગ્ર રકમ ચૂકવવાનું ફરજિયાત છે. જો AAP કન્વીનર આમ કરવામાં નિષ્ફળ જાય તો દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરના અગાઉના આદેશ મુજબ પાર્ટીની મિલકતો જપ્ત કરવા સહિતની તમામ કાનૂની કાર્યવાહી સમયબદ્ધ રીતે કરવામાં આવશે.

# ઓરિસ્સાના દરિયા કાંઠે પૃથ્વી-2 મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ

**ઓરિસ્સા**

ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલ પૃથ્વી-2 મિસાઈલનું સફળ પ્રક્ષેપણ મંગળવારે ઓડિશાના દરિયાકાંઠે ચાંદીપુર ખાતેની સંકલિત ટેસ્ટ રેન્જથી સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયે આ અંગેની માહિતી આપી હતી. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એ પૃથ્વી-2 બેલેસ્ટિક મિસાઈલ સ્વદેશી રીતે વિકસાવી છે. પૃથ્વી-2 મિસાઈલ 350 કિમીની સ્ટ્રાઈક રેન્જ ધરાવે છે. પૃથ્વી-2 મિસાઈલ 500થી 1000 કિલોગ્રામ સુધીના વોર હેડ્સ લઈ જવા માટે સક્ષમ છે. 350



કિમીની જમીનથી જમીન પર માર કરતી આ મિસાઈલમાં પ્રવાહી ઈંધણ સાથેના બે એન્જિન લગાવવામાં આવ્યા છે. આ સિવાય એન્જીન પ્રવાહી અને ઘન બંને ઈંધણ દ્વારા સંચાલિત છે. આ મિસાઈલમાં એડવાન્સ ગાઈડન્સ સિસ્ટમ છે જેથી મિસાઈલ તેના લક્ષ્યને સરળતાથી હિટ કરી શકે છે.

# પશ્ચિમ બંગાળમાં TMCના ધારાસભ્યના ઘરે ITની રેડ થતાં 10.90 કરોડ રોકડા મળ્યા

**કોલકાતા**

મુર્શિદાબાદના ધારાસભ્ય જાકિર હુસૈનના ઘરમાંથી 10.90 કરોડ રોકડા મળી આવ્યાં છે. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે બુધવારે રાત્રે તેમના ઘરે, ફેક્ટરીઓ પર દરોડા પાડ્યા હતાં. આ દરોડા દરમિયાન કરોડો રૂપિયાની રોકડ મળી આવી છે. ધારાસભ્યએ દાવો કર્યો હતો કે, તેમની પાસે આ રોકડ સાથે જોડાયેલા તમામ કાગળો ઉપલબ્ધ છે. પરંતુ એજન્સીઓએ તપાસ શરૂ કરી દીધી છે.

ધારાસભ્યની ફેક્ટરીઓ પર ઈન્કમટેક્સ વિભાગની નજર હતી. ઈન્કમટેક્સ વિભાગે કુલ 28 જગ્યાએ દરોડા પાડ્યા હતાં. આ દરમિયાન 15 કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યાં છે. જેમાં માત્ર મુર્શિદાબાદમાં જ 11 કરોડ રૂપિયા જપ્ત કરાયા છે. જાકિર હુસૈન મુર્શિદાબાદના ધારાસભ્ય છે. સુત્રો દ્વારા કહેવામાં આવ્યું છે કે, ધારાસભ્યનો બીડીનો ધંધો છે.



તેમની કેટલીક ફેક્ટરીઓ પર ઈન્કમટેક્સ વિભાગની નજર હતી. એવામાં તપાસ દરમિયાન ત્યાં પણ દરોડા પાડવામાં આવ્યા હતાં. આ સિવાય તેમની પાસે ચોખાની પણ મીલો છે. ત્યાં પણ દરોડા પાડવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત તેમના એક નજીકના મિત્રના ઘરે પણ દરોડા પડ્યાં છે.

# તેલંગાણામાં ચાલકે કાબૂ ગુમાવી દેતાં કાર નહેરમાં પડી, એક જ પરિવારના 6નાં મોત

**હૈદરાબાદ**

તેલંગાણામાં એક મોટો માર્ગ અકસ્માત સર્જાયો છે. એક કાર કેનાલમાં પડી ગઈ છે. આ અકસ્માતમાં 6 લોકોના ઘટનાસ્થળે મોત નિપજ્યા છે. એક જ પરિવારના 6 લોકો કારમાં વેમુલવાડાથી બીબી નગર જઈ રહ્યા હતા, ત્યારે દુર્ઘટના સર્જાઈ. પરિવાર તેલંગણાના સિદીપેટમાં જઈ રહ્યા હતા. વાહન ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા કાર કેનાલમાં ખાબકી હતી. આ તમામ લોકોના મોત ગૂંગળામણને કારણે નિપજ્યા હતા.



પરિવાર દર્શન કરીને પરત ફરી રહ્યો હતો, ત્યારે બપોરે 3.40 કલાકે વાહન ચાલકે કાર પરનો કાબુ ગુમાવ્યો હતો અને કાર સીધી કેનાલમાં જઈને ખાબકી હતી. આ કેનાલમાં પાણી ઓછું હતું, પરંતુ કારમાં બેઠેલા લોકોને પૂરતો ઓક્સિજન ન મળતા તમામના મોત નિપજ્યા હતા. આ મામલે ફરિયાદ નોંધવામાં આવી છે અને મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. કારમાં હાજર એક વ્યક્તિ થોડો સમય જીવતો હતો. તેને હોસ્પિટલ પણ લઈ જવામાં આવ્યો, પરંતુ ઈજાઓ એટલી ગંભીર હતી કે ડોક્ટર પણ તેને બચાવી શક્યા ન હતા. અગાઉ પણ આ રોડ પર આવા જ અકસ્માતો થયા હતા. હવે આ વખતે અકસ્માત વધુ ભયાનક હતો કારણ કે એક જ પરિવારના 6 લોકોના મોત થયા હતા.

# છત્તીસગઢમાં નક્સલીઓનો પોલીસ પર હુમલો, 6 જવાનો ઈજાગ્રસ્ત થયા

**બસ્તર**

છત્તીસગઢના બસ્તર વિભાગના સુકમા જિલ્લામાં નક્સલવાદીઓએ સંયુક્ત પોલીસ દળ પર હુમલો કર્યો છે. આ હુમલામાં 5થી 6 જવાન ઘાયલ થયાના સમાચાર છે. આ સાથે જ પોલીસની જવાબી કાર્યવાહીમાં એક નક્સલી માર્યો ગયો છે. જો કે, પોલીસે હજુ સુધી સત્તાવાર રીતે કંઈપણ પુષ્ટિ કરી નથી. નક્સલવાદીઓએ પણ કોઈ પેમ્ફલેટ કે પ્રેસ રિલીઝ બહાર પાડી નથી. નક્સલવાદી વિસ્તાર સુકમાના ઈલમગુંડા વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન DRG જવાનો પર નક્સલવાદીઓએ હુમલો કર્યો હતો. નક્સલવાદીઓએ આલેમગુંડા કેમ્પથી લગભગ 15-17 કિલોમીટર દૂર આવેલા એક ગામના જંગલમાં હુમલો કર્યો હતો. બીજી તરફ પોલીસ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે સુરક્ષા દળોએ નક્સલવાદીઓ પર મોટી સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. આ સર્જિકલ સ્ટ્રાઈકમાં પહેલીવાર હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એન્કાઉન્ટરમાં નક્સલવાદીઓને ઘણું નુકસાન થયું છે. કહેવાય છે કે પોલીસે નક્સલી કમાન્ડર હિડમાને નિશાને રાખીને આ એન્કાઉન્ટર કર્યું હતું.

# એક માત્ર હિન્દુ સમાજ જ એવો છે જે આક્રમક નથી': RSS ચીફ મોહન ભાગવત

**નવી દિલ્હી**

મોહન ભાગવતે કહ્યું કે, હિંદુ ધર્મએ આપણી ઓળખ, રાષ્ટ્રીયતા અને દરેકને પોતાનું માનવું અને ઈસ્લામને સાથે લેવાની વૃત્તિ છે અને દેશમાં ઈસ્લામને કોઈ ખતરો નથી પરંતુ તેમણે 'આપણે મોટા છીએ' ની લાગણી છોડવી પડશે. એ ઈન્ટરવ્યુ દરમિયાન સરસંઘચાલક ભાગવતે પણ LGBT સમુદાયને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે, તેમની ગોપનીયતાનું સન્માન કરવું જોઈએ. જ્યારેથી મનુષ્ય અસ્તિત્વ ધરાવે છે ત્યારથી આવા ઝોક ધરાવતા લોકો હંમેશા હતા. અમે ઈચ્છીએ છીએ કે તેમને તેની ગોપનીયતાનો અધિકાર મળે અને તેમને પણ એવો અનુભવ થાય કે, તેઓ પણ આ સમાજનો ભાગ છે.

# ગૂગલને આંચકો : 936 કરોડના દંડ પર સ્ટે મૂકવાનો NCLATનો ઇનકાર

## CCIએ ફટકારેલા દંડની દસ ટકા રકમ 93.6 કરોડ જમા કરાવવા આદેશ

**નવી દિલ્હી**

સર્ચ એન્જિન ગૂગલને આંચકો આપતા નેશનલ કંપની લો એપ્લેટ ટ્રિબ્યુનલ (એનસીએલએટી)એ ટેકનોલોજી જાયન્ટ કંપની પર તેની પ્લે સ્ટોર નીતિઓ અંગે કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (સીસીઆઈ) દ્વારા ફટકારવામાં આવેલા ૯૩૬.૪૪ કરોડ રૂપિયાના દંડ પર સ્ટે મૂકવાનો ઈનકાર કરી દીધો છે.

આ સાથે જ એનસીએલએટીએ ગૂગલને આગામી ચાર સપ્તાહમાં દંડની ૧૦ ટકા રકમ જમા કરાવવાનો આદેશ આપ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૧૭ એપ્રિલ, ૨૦૨૩ના રોજ થશે.

ન્યાયમૂર્તિ રાકેશકુમાર અને ન્યાયમૂર્તિ આલોક શ્રીવાસ્તવની બે સભ્યોની બનેલી ખંડપીઠે સીસીઆઇ અને અન્ય પક્ષકારોને નોટીસ ફટકારી છે. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે સીસીઆઇ દ્વારા ફટકારવામાં આવેલા રૂ. ૧૩૩૭ કરોડ રૂપિયાના દંડ પર વચગાળાનો સ્ટે મૂકવાનો ઈનકાર કરવાના એનસીએલએટીના એક સપ્તાહ અગાઉના આદેશને પડકારતી અરજીની સુનાવણી કરવા સંમતિ આપી છે.

# જમ્મુ કાશ્મીરના કુપવાડામાં પેટ્રોલિંગ વેળા ઊંડી ખીણમાં પડતા 3 જવાનો શહીદ

**કુપવાડા**

જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લામાં માછિલ સેકટરમાં ઊંડી ખીણમાં પડવાને કારણે ત્રણ આર્મી જવાન શહીદ થયા છે. મૃતકોમાં એક જૂનિયર કમિશન્ડ ઓફિસર પણ સામેલ છે. ભારતીય સેનાએ આ વિશે બુધવારે જાણકારી આપી હતી. પ્રાપ્ત થતી માહિતી અનુસાર, આ અકસ્માત એ સમયે થયો જ્યારે ત્રણે જવાનો ભારત-પાકિસ્તાન સીમા પાસે ડયુટી કરી રહ્યા હતાં. ભારતીય સેનાએ આ વિશે વધુમાં જણાવ્યું કે, જેસીઓ અને બે અન્ય રેંકના જવાન માછિલ સેકટરમાં નિયમિત ડયુટી કરી રહ્યા હતાં, તે સમયે આ અકસ્માત થયો હતો. શ્રીનગર સ્થિત ચિનાર કોર્પસે ટવીટ કરીને આ મામલા વિશે જાણકારી આપી હતી.

# રાજસ્થાનના અનેક જિલ્લામાં એનઆઈએના દરોડા : PFI સાથે સંકળાયેલા લોકોની ધરપકડ

## આરોપીઓ ષડયંત્ર રચી મુસ્લિમ યુવાનોને દેશ વિરુદ્ધ ભડકાવતા હતા

**જયપુર**

PFI ષડયંત્ર કેસમાં NIAએ રાજસ્થાનમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે. એનઆઈએના જણાવ્યા અનુસાર, આ કેસમાં પીએફઆઈના આરોપી સભ્યો એક ષડયંત્ર હેઠળ રાજસ્થાનના મુસ્લિમ યુવાનોને દેશ વિરુદ્ધ ભડકાવતા હતા. કાવતરા હેઠળ, આરોપી સાદિક સરાફ અને મોહમ્મદ આસિફ અને અન્ય અજાણ્યા મુસ્લિમ યુવાનોને રાજસ્થાન રાજ્ય સહિત ભારતના વિવિધ ભાગોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે કટ્ટરપંથી બનાવવામાં આવી રહ્યા છે.

NIAના કેસ નંબર 12માં NIAએ રાજસ્થાનના જયપુરના ચાર સ્થળે, કોટાના ચાર અને સવાઈ માધોપુરના એક જિલ્લામાં 9 સ્થળોએ સર્ચ હાથ ધર્યું હતું. આ મામલો વિશ્વસનીય સૂત્રો પાસેથી મળેલી ગુપ્ત માહિતી સાથે સંબંધિત છે. સાદિક સરાફનો પુત્ર સમર રાજસ્થાનના બરાન જિલ્લાનો રહેવાસી છે. જ્યારે મૃતક અશફાક મિર્ઝાનો પુત્ર મોહમ્મદ આસિફ, રેતીપાડા, સાંગોદ, જિલ્લા કોટાનો રહેવાસી છે. આ કાર્યવાહી દરમિયાન NIA માટે મોટી સંખ્યામાં પોલીસ દળો પણ હાજર હતા. લગભગ બે કલાક સુધી ચાલેલા આ ઓપરેશન દરમિયાન ટીમે આસપાસના વિસ્તારને સંપૂર્ણપણે સીલ કરી દીધો હતો. સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા સાથે જોડાયેલા મુબારક ખાન પર દરોડા પાડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર NIA મુબારકના પુત્ર નૌશાદને પોતાની સાથે લઈ ગઈ હતી. કૈથૂન વિસ્તારમાં મુબારકના ઘરે પણ સર્ચ કાર્યવાહી કરવામાં આવી છે.

# અયોધ્યા રામ મંદિર ઉપર હુમલાનું પાક.ના આતંકી સંગઠનનું ષડયંત્ર

## નેપાળના રસ્તે આત્મઘાતી હુમલો કરવાની પણ યોજના બનાવી

**નવી દિલ્હી**

પાકિસ્તાનનું આતંકવાદી સંગઠન હવે અયોધ્યાના રામ જન્મભૂમિ મંદિર પર હુમલાની યોજના બનાવી રહ્યું છે. ગુપ્ત સૂત્રો દ્વારા મળેલી જાણકારી પ્રમાણે પાકિસ્તાનમાં હાજર આતંકવાદી સમૂહ આ વખતે અયોધ્યામાં રામ જન્મભૂમિ પર મોટા હુમલાની યોજના બનાવી રહ્યુ છે. ગુપ્ત સૂત્રોના જણાવ્યા પ્રમાણે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જ તે આતંકવાદી સંગઠન છે જે પ્રમુખ રૂપે રામ મંદિર પર આતંકવાદી હુમલાની યોજના બનાવી રહ્યા છે. ગુપ્ત સૂત્રોનું કહેવુ છે કે, આતંકવાદી સમૂહ નેપાળના રસ્તે શસ્ત્રો-દારૂગોળો અને આત્મઘાતી હુમલો કરવાની પણ યોજના બનાવી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે 2024માં મંદિર તૈયાર થાય તે પહેલા રામ જન્મભૂમિ પર હુમલો કરવુ હવે આ આતંકવાદી સંગઠનોનો પ્રમુખ ટાર્ગેટ બની ગયો છે. આ આતંકવાદી સંગઠનોનો ઈરાદો આ હુમલાના કાવતરાને અંજામ આપવાનો છે અને સાથે જ તેને એક મોટી હિંદુ-મુસ્લિમ સાંપ્રદાયિક હિંસા તરીકે દુનિયાની સામે રજૂ કરવાનો છે.

# દિલ્હીમાં 54 વર્ષીય હિન્દુ મહિલાની હત્યા, લાશ કબરમાં દફનાવી દીધી

**નવી દિલ્હી**

દિલ્હીમાં એક 54 વર્ષીય હિંદુ મહિલાની હત્યા કરી તેમની લાશને કબરમાં દફનાવી દેવાનો મામલો સામે આવ્યો છે. મહિલાની લાશને પોલીસે બુધવારે કબરમાંથી બહાર કાઢી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે મૃતિકાનું નામ મીના છે અને તેની હત્યા કરવામાં આવી હતી. પોલીસ આ મામલે ગંભીરતાથી તપાસ કરી રહી છે. 54 વર્ષીય મહિલાની હત્યાનો આરોપ 3 લોકો પર લગાવવામાં આવ્યો છે. આરોપીઓની ઓળખ રેહાન, મોબિન અને નવીનના રૂપમાં થઈ છે. ત્રણેય આરોપી મુસ્લિમ છે. મીના 2 જાન્યુઆરીથી ગુમ હતી અને તેના પરિવારે મંગોલપુરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. મિસિંગ રિપોર્ટ મળતા જ પોલીસે મીનાની તલાશ શરૂ કરી દીધી હતી. બીજી તરફ મીનાના પરિવારને મોબિન ખાન પર શંકા હતી. પરિવારે પોલીસને જણાવ્યું હતું કે, તેણે મીના સાથે કંઈક ખોટું કર્યું છે. પોલીસે પરિવારના નિવેદનોના આધારે તપાસ શરૂ કરી. પરિવારના કહેવા પર દિલ્હી પોલીસે મોબીનને કસ્ટડીમાં લીધો હતો અને તેની કડક પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન મોબિને સમગ્ર હત્યા કેસનો ખુલાસો કર્યો હતો. પોલીસે અન્ય બે આરોપીઓ (રેહાન અને નવીન)ની પણ ધરપકડ કરી છે.

# દિલ્હી 2022માં દેશનું સૌથી પ્રદૂષિત શહેર ફરીદાબાદ બીજું, ગાઝિયાબાદ ત્રીજા ક્રમાંકે

## 2026 સુધીમાં પાર્ટિક્યુલેટ મેટર કોન્સન્ટ્રેશન 40 ટકા ઘટાડવાનો સરકારનો લક્ષ્યાંક

**નવી દિલ્હી**

સેફ લિમિટથી બમણાથી પણ વધારે PM2.5 લેવલ્સ અને થર્ડ હાઈએસ્ટ એવરેજ PM10 કોન્સન્ટ્રેશન સાથે દિલ્હી વર્ષ 2022માં ભારતનું સૌથી પ્રદૂષિત શહેર રહ્યું હોવાનું કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના ડેટાનું વિશ્લેષણ દર્શાવે છે. દિલ્હીમાં PM2.5 પોલ્યુશનમાં ત્રણ વર્ષમાં 7 ટકા ઘટાડો થયો છે. એનસીએપી ટ્રેકરના અહેવાલ અનુસાર દિલ્હીમાં PM2.5 પોલ્યુશન 2019માં ક્યુબિક



મીટર દીઠ 108 માઈક્રોગ્રામ હતું, જે 2022માં ક્યૂબિક મીટર દીઠ 99.71 માઈક્રોગ્રામ થયું છે. PM2.5 એ સૂક્ષ્મ રજકણ છે, જેનો વ્યાસ 2.5 માઈક્રોનથી ઓછો હોય છે. તે આપણા ફેફસાંમાં અને લોહીમાં પ્રવેશી શકે છે.

એનસીએપી ટ્રેકર ક્લીન એર ટારગેટ્સની પ્રાપ્તિ માટે ભારતે સાધેલી પ્રગતિને ટ્રેક કરવા માટેનો એક ન્યૂઝ પોર્ટલ અને મહારાષ્ટ્રના એક સ્ટાર્ટ-અપનો જોઈન્ટ પ્રોજેક્ટ છે. દેશના 102 શહેરમાં PM2.5 અને PM10 લેવલ્સ 2024 સુધીમાં અનુક્રમે 20 ટકા અને 30 ટકા ઘટાડવા કેન્દ્ર સરકારે 2017ને બેઝ યર રાખીને 10 જાન્યુઆરી, 2019ના રોજ નેશનલ ક્લીન એર પ્રોગ્રામ હાથ ધર્યો હતો.

# પંજાબથી દિલ્હી સુધી સીબીઆઈનો સપાટો FCI કૌભાંડ મામલે 50 સ્થળો પર દરોડા

## FSIના અધિકારીઓ સહિત અનાજ મિલોના માલિકોના સ્થળો પર દરોડા

**નવી દિલ્હી**

ભ્રષ્ટાચાર મામલે દિલ્હીથી પંજાબ સુધી CBIની વધુ એક મોટી કાર્યવાહી જોવા મળી છે. FCI એટલે કે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં કથિત કૌભાંડ સંબંધિત કેસમાં CBI દિલ્હી, હરિયાણા, પંજાબથી લઈને અનેક રાજ્યોમાં 50થી વધુ સ્થળોએ દરોડા પાડી રહી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના અધિકારીઓ સહિત અનાજ મિલોના માલિકોના સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. CBIએ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં કથિત કૌભાંડમાં ભ્રષ્ટાચારના આરોપ હેઠળ કેસ નોંધ્યો હતો. આ કેસમાં FCIના એક અધિકારીની ધરપકડ પણ કરવામાં આવી હતી.



આ કેસમાં રાજ્ય સરકારોની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવશે. ખરાબ ગુણવત્તાના અનાજને સારી ગુણવત્તા જાહેર કરીને ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હતો.

# જોશીમઠમાં હોટલ તોડવાની કાર્યવાહી શરૂ, SDRFએ પ્રદર્શનકારીઓને હટાવ્યા

**જોશીમઠ**

જોશીમઠમાં ભૂસ્ખલનની દુર્ઘટનાને લઈને જનતાથી લઈને સરકાર સુધી તણાવ છે. બીજી તરફ જોશીમઠમાં ખરાબ હવામાને દરેકની ચિંતા વધારી દીધી છે. આ દરમિયાન ત્યાં હોટલ તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. અગાઉ વળતર મુદ્દે લોકોના વિરોધને કારણે આ કામ શરૂ થઈ શક્યું ન હતું. લોકોના ગુસ્સા વચ્ચે ગઈકાલે રાત્રે સીએમ પુષ્કરસિંહ ધામી જોશીમઠના રાહત શિબિરમાં પહોંચ્યા જ્યાં પીડિત પરિવારના સભ્યો છે. ધામીએ સ્પષ્ટ કર્યું કે હવે માત્ર હોટલની ઈમારતો તોડી પાડવામાં આવશે, અસુરક્ષિત મકાનો નહીં. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ આજે જોશીમઠને લઈને ગૃહ મંત્રાલયમાં મહત્વની બેઠક બોલાવી છે.

ધસતા જોશીમઠમાં પ્રથમ બે હોટલ તોડી પાડવામાં આવશે. આમાં મલેરી ઈન અને હોટલ માઉન્ટ વ્યૂનો સમાવેશ થાય છે. હવે મલેરી ધર્મશાળાને તોડી પાડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ તેને તોડવામાં એક સપ્તાહ લાગી શકે છે. આજે, સૌ પ્રથમ હોટેલમાંથી કિંમતી સામાન દૂર કરવામાં આવ્યો છે.

# 400થી વધુ પાક. હિન્દુ પરિવારને અસ્થિ વિસર્જન માટે ભારત વિઝા આપશે

**હરિદ્વાર**

પાકિસ્તાનમાં ગણાં હિન્દુ પરિવાર રહે છે. જેમની આસ્થા અને શ્રદ્ધા તેમનાં પૂર્વજોની અસ્થિને ગંગા નદીમાં વિસર્જીત કરવાની રહે છે. આ માટે ભારત સરકારે સ્પેશિયલ કેસમાં એવા હિન્દુ પરિવારોને 10 દિવસનાં વિઝા આપવાનો નિર્ણય કર્યો છે. પાકિસ્તાનમાં હિન્દુ સમર્થક સમૂહોને સ્થિ વિસર્જન માટે વિઝા આપવાની વાતનું અભિવાદન કરવામાં આવ્યું છે. આ વખતે 426 પાકિસ્તાની હિન્દુ પરિવારો છે જે ગંગામાં અસ્થિ વિસર્જીત કરી શકશે. આ પહેલા ભારતમાં એવા પાકિસ્તાની હિન્દુ પરિવારોને જ વિઝા મળતા હતા જેમનાં કોઈ સંબંધી ભારતમાં રહેતા હોય.

# એક્ઝિબિશનઃ PM-CM યોગી વાળા સોના-ચાંદીના સિક્કા આકર્ષણ બન્યા

**લખનૌ**

ઉત્તર પ્રદેશના મેરઠમાં ત્રણ દિવસીય જ્વેલરી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ. મેરઠમાં યોજાયેલુ આ ત્રીજુ જ્વેલરી પ્રદર્શન હતુ. અહીં ડાયમંડ અને સોના-ચાંદીના દાગીનાએ લોકોનું મન મોહી લીધુ. જ્વેલરી પ્રદર્શનમાં શ્રેષ્ઠ કારીગરો દ્વારા તૈયાર જ્વેલરી પ્રદર્શિત કરવામાં આવી હતી. લોકોને આકર્ષિક કરવા માટે મેરઠમાં આ જ્વેલરી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ છે.

પ્રદર્શનમાં અમદાવાદ, રાજકોટ, પંજાબ, અલીગઢ, સંભલ, આગ્રા,



સહારનપુર, હસનપુર, ઈટાવા, સાહિબાબાદ, ગુલાવઠી, હરિયાણા વગેરે સ્થળોના વેપારી સામેલ થયા. જોકે ત્યાં PM મોદી અને CM યોગીની તસવીર વાળા સોના ચાંદીના સિક્કાની ધૂમ મચી રહી.

# ગોવા ગુટખાના માલિક જે. એમ. જોશી તથા અન્ય બેને 10 વર્ષની કેદની સજા કરાઈ

**નવી દિલ્હી**

ભાગેડુ અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ અને તેના ભાઈ અનીસને પાકિસ્તાનમાં ગુટખા મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ શરૂ કરાવી આપવાના કેસમાં ગોવા ગુટખાના માલિક જે. એમ. જોશી સહિત ત્રણ દોષિતોને સોમવારે મુંબઈની સ્પેશિયલ કોર્ટે મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (મકોકા)ની આકરી કલમો હેઠળ દોષિત ઠેરવતા 10 વર્ષની કેદની સજા ફરમાવી હતી. જોશી સિવાયના બે દોષિત મોહમ્મદ ફારૂખ અને જમીરુદ્દીન અન્સારી 1993ના બોમ્બે સીરીયલ બ્લાસ્ટ કેસમાં પણ આરોપી હતા. ત્રણેય આઈપીસીની વિવિધ કલમો હેઠળ પણ દોષિત ઠર્યા છે.

# અમેરિકામાં કોમ્પ્યુટર સર્વરમાં ખામી સર્જાતાં વિમાન સેવા ઠપ્પ : હજારો મુસાફરો ફસાયા

**ન્યૂયોર્ક**

અમેરિકામાં ફ્લાઈટ સેવા ઠપ્પ થઈ ગઈ છે. તમામ ફ્લાઈટ્સ બંધ કરી દેવામાં આવી છે. ટેક્નિકલ ખામીના કારણે ફ્લાઈટ સેવા પ્રભાવિત થઈ છે. ફેડરલ એવિએશનની સિસ્ટમમાં ખામીના કારણે ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે. તમામ એરપોર્ટ પર હજારો મુસાફરો ફસાયેલા છે. સિસ્ટમને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તંત્ર કેટલા સમય સુધી પુનઃપ્રાપ્ત કરવામાં સક્ષમ હશે તે અંગે કંઈ જાણી શકાયું નથી.

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA)એ પુષ્ટિ કરી છે કે, યુનાઈટેડ સ્ટેટ્સ નોટિસ ટુ એર મિશન (NOTAM) સિસ્ટમ નિષ્ફળ ગઈ છે. પાયલોટને ફ્લાઈટની સ્થિતિ સંબંધિત પરિસ્થિતિઓ વિશે જાણ કરવામાં આવી છે. વિમાન ઉડાન ભરે તે પહેલા આ જરૂરી છે.

એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે, FAA તેની નોટિસ ટુ



એર મિશન સિસ્ટમને પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહ્યું છે. અમે હવે સિસ્ટમની તપાસ કરી રહ્યા છીએ અને તેને ફરીથી બનાવી રહ્યા છીએ. નેશનલ એરસ્પેસ સિસ્ટમની કામગીરીને અસર થઈ છે. આ મામલે સતત અપડેટ આપવામાં આવી રહી છે. પરેશાન મુસાફરો સોશિયલ મીડિયા પર સતત જવાબ માંગી રહ્યા છે.

# કેલિફોર્નિયામાં પૂર અને ભૂસ્ખલનને લીધે ભારે તબાહી, અનેક લોકોના મોત

**કેલિફોર્નિયા**

અમેરિકાના કેલિફોર્નિયામાં છેલ્લા બે સપ્તાહથી ખતરનાક વાવાઝોડાએ તબાહી મચાવી છે. 26 ડિસેમ્બરથી અત્યાર સુધીમાં 6 તોફાન આવ્યા છે જેમાં 17 લોકોએ જીવ ગુમાવ્યા છે. રાજ્યની 90% વસ્તી એટલે કે 3 કરોડ 40 લાખ લોકો પૂરના જોખમમાં છે. વારંવારના વાવાઝોડાને કારણે 2 લાખ 20 હજારથી વધુ ઘરો અને દુકાનોમાં વીજળી ગુલ થઈ છે.

કેલિફોર્નિયા તીવ્ર ઠંડીની લપેટમાં છે ત્યાં આ વિસ્તારમાં વધુ શક્તિશાળી તોફાન આવવાની શક્યતા છે. રાજ્યમાં પૂરના કારણે સ્થિતિ વધુ વણસી ગઈ છે. જાણે આખું શહેર પૂરના પાણીમાં ગરકાવ થઈ ગયું છે. પાણીના પૂરના કારણે એક યુવક તેમાં વહેતો જોવા મળ્યો હતો.ગયા મહિને ડિસેમ્બરમાં આવેલા વાવાઝોડા બાદ પૂરના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. જેના કારણે મોટી સંખ્યામાં લોકો પ્રભાવિત થયા છે. પૂરના કારણે અત્યાર સુધીમાં અનેક લોકોના મોત થયા છે. રાજ્યના લાખો રહેવાસીઓને પૂરની ચેતવણી જારી કરવામાં આવી છે. લગભગ 50,000 લોકોને તેમના વિસ્તારો છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે અને ભારે વરસાદ, વીજળી, કરા અને ભૂસ્ખલનને કારણે 1,10,000 થી વધુ ઘરો અને વ્યવસાય કેન્દ્રોનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે.

# હેનલી પાસપોર્ટ ઇન્ડેક્સ 2023માં જાપાન પ્રથમ, ભારત 85માં ક્રમાંકે

## દ.કોરિયા-સિંગાપોર બીજા, જર્મની-સ્પેન ત્રીજા ક્રમે

**ટોકિયો**

59 દેશમાં વિઝા-ફ્રી એન્ટ્રી સાથે ભારતીય પાસપોર્ટ વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટ્સમાં 85મા ક્રમે હોવાનું હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સમાં જણાવાયું છે. ભારતીય પાસપોર્ટ આ ઈન્ડેક્સમાં ગત વર્ષે 83મા ક્રમે હતો, જે એક વર્ષમાં બે ક્રમ ગગડયો છે. 193 દેશમાં વિઝા-ફ્રી એન્ટ્રી સાથે જાપાનનો પાસપોર્ટ વિશ્વમાં સૌથી શક્તિશાળી પાસપોર્ટ તરીકે યથાવત છે. દક્ષિણ કોરિયા અને સિંગાપોર સંયુક્તપણે બીજા ક્રમે અને જર્મની તથા સ્પેન સંયુક્તપણે ત્રીજા ક્રમે છે. હેનલી એન્ડ પાર્ટનર્સના અનુસાર જાપાનના નાગરિકો વિશ્વના 227માંથી 193 દેશોમાં વિઝા વગર જઈ શકે છે. દક્ષિણ કોરિયા અને સિંગાપોરના લોકો 192 દેશમાં અને જર્મની તથા સ્પેનના લોકો 190 દેશમાં વિઝા વગર જઈ શકે છે. રેન્કિંગ મુજબ અફઘાનિસ્તાનનો પાસપોર્ટ વિશ્વમાં સૌથી નબળો પાસપોર્ટ છે. રિપોર્ટમાં ઉમેર્યું હતું કે દુનિયાભરમાં માત્ર 6% પાસપોર્ટ એવા છે કે જે તેના ધારકને 70થી વધુ દેશોની વિઝા-ફ્રી એન્ટ્રી આપે છે.

# ચીનમાં ટ્રકે અંતિમ સંસ્કાર વિધિમાં સામેલ લોકોને કચડતાં 19નાં મોત, અન્ય 20 ઘાયલ

**બેઇજિંગ**

પૂર્વ ચીનના જિયાંકસી પ્રાંતમાં રવિવારે એક ટ્રકે અંતિમ સંસ્કાર વિધિમાં સામેલ લોકોને કચડી નાખતા ૧૯ લોકોનાં મોત થયા છે અને અન્ય ૨૦ લોકો ઘાયલ થયા છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.

સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર એક સંક્ષિપ્ત નિવેદનમાં જણાવ્યું હતું કે આ મોટી સડક દુર્ઘટના નાનચાંગ કાઉન્ટીમાં થઈ હતી ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં. હાલમાં દુર્ઘટનાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. આ દુર્ઘટના એવા સમયે થઈ છે જ્યારે ચીનની સરકારે ચીનના નવા વર્ષ અને વસંત મહોત્સવ પૂર્વે કોરોના સંબંધી પ્રતિબંધો હટાવી લીધા છે. સ્થાનિક અને બાહ્ય મુસાફરીને પરવાનગી આપી દેવામાં આવી છે.



આ ઉત્સવ ૨૨ જાન્યુઆરીથી શરૂ થવાનું છે. ૪૦ દિવસનું ચુનયુન અથવા વસંતોત્સવ વિશ્વનું સૌથી મોટું માનવ પ્રવાસન હોય છે. ચાલુ વર્ષે આ ઉત્સવમાં ૨.૦૯ અબજ યાત્રીઓ યાત્રા કરે તેવી સંભાવના છે. જે ૨૦૨૨ના સ્તરથી ૯૯.૫ ટકા વધારે છે.

# અફઘાનિસ્તાનમાં વિદેશ મંત્રાલયના ગેટ પાસે બોમ્બ વિસ્ફોટ થતાં 20 લોકોના મોત

## ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરાયા, વિસ્ફોટ બાદ સુરક્ષા દળો ઘટના સ્થળે પહોંચ્યા

**કાબુલ**

અફઘાનિસ્તાનના કાબુલમાં વિદેશ મંત્રાલયના ગેટ પાસે બોમ્બ વિસ્ફોટ થયો છે. આ બોમ્બ બ્લાસ્ટ બપોરે થયો હતો. મિડીયા રિપોર્ટ અનુસાર, વિસ્ફોટમાં 20 લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર વિસ્ફોટનો અવાજ દૂર દૂર સુધી સંભળાયો



હતો. કાબુલ સિક્યોરિટી એજન્સીના પ્રવક્તા ખાલિદ ઝદરાને ટ્વીટ કરીને વિસ્ફોટની પુષ્ટિ કરી છે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી તસવીરોમાં પીડિતોના મૃતદેહ રસ્તા પર દેખાય છે. અત્યાર સુધી, કોઈપણ જૂથે હુમલાની જવાબદારી લીધી નથી. ખાલિદ ઝદરાને કહ્યું કે સુરક્ષા દળો ઘટનાસ્થળે પહોંચી ગયા છે. વિસ્ફોટનો ભોગ બનેલા લોકોને કાબુલમાં વિદેશ મંત્રાલયની નજીકની ઈમરજન્સી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બોમ્બ વિસ્ફોટમાં ઘાયલ થયેલા લોકોના સંબંધીઓ હોસ્પિટલની બહાર રાહ જોઈ રહ્યા છે.

# પેરુમાં સરકાર વિરુદ્ધ ભારે પ્રદર્શન 17ના મોત બાદ કરફ્યૂ, 68 ઘાયલ

**દક્ષિણ પેરુ**

પેરુમાં રાજકીય સંકટ ઘેરૂ બની રહ્યું છે. પેરુમાં સરકાર વિરુદ્ધ હિંસક દેખાવો ચાલુ છે. પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં 18 લોકોના મોત થયા છે. બગડતા વાતાવરણને જોતા સરકારે અહીં કરફ્યુ લગાવી દીધો છે. વડા પ્રધાન આલ્બર્ટો ઓટારોલાએ જણાવ્યું કે આ કર્ફ્યુ સ્થાનિક સમય મુજબ રાત્રે 8 વાગ્યાથી સવારે 4 વાગ્યા સુધી ત્રણ દિવસ સુધી રહેશે.

દક્ષિણ પેરુમાં પોલીસ સાથેની અથડામણમાં ઓછામાં ઓછા 17 લોકો માર્યા ગયા છે. દેશના માનવાધિકાર કાર્યાલયે જણાવ્યું કે સોમવાર (09 જાન્યુઆરી) વિરોધ પ્રદર્શનનો અત્યાર સુધીનો સૌથી ઘાતક દિવસ હતો. વહેલી ચૂંટણી અને જેલમાં બંધ ભૂતપૂર્વ પ્રમુખ પેડ્રો કાસ્ટિલોની મુક્તિની માંગ માટે વિરોધ ચાલુ છે.

મીડિયા સાથે વાત કરતા આરોગ્ય મંત્રાલયના અધિકારી હેનરી રેબાઝાએ જણાવ્યું કે દક્ષિણ પેરુના પુનો ક્ષેત્રમાં ટીટીકાકા તળાવના કિનારે આવેલા શહેર જુલિયાકામાં અથડામણ થઈ. આ અથડામણમાં કુલ 68 લોકો ઘાયલ થયા છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર ડિસેમ્બરની શરૂઆતથી વિરોધ ચાલુ છે.

# વર્લ્ડ રેકોર્ડ : ઈલોન મસ્કે લગભગ ૧૮૦ અબજ ડોલરનું નુકસાન કર્યું

**ન્યૂયોર્ક**

ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓ એલન મસ્કે એક નવો રેકોર્ડ નોંધાવ્યો છે. પરંતુ આ રેકોર્ડ તેની કિર્તીમાં વધારો નહીં પણ ઘટાડો કરનારો છે. હકીકતમાં એલન મસ્કે પોતાની વ્યક્તિગત સંપત્તિ ગુમાવવાનો નવો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. પ્રકાશનમાં કહેવામાં આવ્યું છે કે નવેમ્બર ૨૦૨૧થી અત્યાર સુધીમાં આ બિઝનેસમેને લગભગ ૧૮૦ અબજ ડોલરનું નુકસાન કર્યું છે. ગિનિસ વર્લ્ડ રેકોર્ડ અનુસાર, સંપત્તિનો આ આંકડો અંદાજિત છે, પરંતુ મસ્કનું કુલ નુકસાન ૨૦૦૦માં જાપાની ટેક રોકાણકાર માસાયોશી સન દ્વારા સ્થાપિત ૫૮.૬ અબજ ડોલરના અગાઉના રેકોર્ડને વટાવી ગયું છે.

# 2023માં વૈશ્વિક અર્થતંત્ર મંદીની ગર્તામાં સરકી શકે છે : વર્લ્ડ બેન્ક

**લંડન**

વિશ્વ બેન્કે બુધવારે ચેતવણી ઉચ્ચારી હતી કે અમેરિકા, યુરોપ અને ચીન જેવા વિશ્વના મુખ્ય દેશોમાં આર્થિક વૃદ્ધિ નબળી પડી જતાં 2023માં વૈશ્વિક અર્થતંત્ર મંદીની ગર્તામાં સરકી જવાની તૈયારીમાં હશે. વિશ્વ બેન્કે પોતાના એન્યુઅલ રિપોર્ટમાં જણાવ્યું હતું કે તેણે આ વર્ષે ગ્લોબલ ગ્રોથના અનુમાનને ઘટાડીને 1.7 ટકા કરી દીધો છે કે જે પહેલાં ત્રણ ટકા રહેવાનું અનુમાન હતું. જો વિશ્વ બેન્કનું આ અનુમાન સત્ય સાબિત થશે તો તે ત્રણ દાયકામાં ત્રીજા ક્રમનો સૌથી નીચો વાર્ષિક વૃદ્ધિદર બની શકે છે. આ અગાઉ 2008માં વૈશ્વિક આર્થિક કટોકટી અને 2020માં રોગચાળાના કારણે જ વૈશ્વિક અર્થતંત્રનો વૃદ્ધિદર નબળો પડયો હતો. વિશ્વ બેન્કે પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે અમેરિકા અને યુરોપ જેવા વિકસિત દેશોમાં વ્યાજના દરમાં વધારો કરવાથી ગરીબ દેશોમાં રોકાયેલ નાણાભંડોળ આકર્ષિત થશે. તેને પરિણામે મહત્ત્વપૂર્ણ ઘરઆંગણાના રોકાણથી વંચિત રહેવું પડશે. બીજી તરફ ઊંચા વ્યાજ દરના કારણે વિકસિત દેશોમાં પણ વૃદ્ધિની ગતિ ધીમી પડશે.

# મહિલા દર્દીઓની જાતીય સતામણીમાં બ્રિટનમાં ગુજરાતી ડોક્ટરને આજીવન કેદની સજા

**લંડન**

બ્રિટનની ક્રિમિનલ કોર્ટે ગુજરાતી મૂળના ડોક્ટરને ચાર વર્ષના ગાળામાં ૨૮ મહિલાઓની જાતીય સતામણી કરવા બદલ વધુ બે આજીવન કેદની સજા ફટકારી છે. આ અગાઉ ત્રણ વખત આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આમ કુલ પાંચ આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે તેમ મીડિયાના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. ૫૩ વર્ષીય મનીશ શાહને સોમવારે ઓછામાં ઓછા દસ વર્ષની બે આજીવન કેદની સજા કરાઈ છે. પૂર્વ લંડનમાં આવેલા ક્લિનિકમાં ચાર મહિલાઓની ૨૫ વખત જાતીય સતામણી કરવાના કેસમાં ગયા મહિને મનીશ શાહને દોષિત ઠેરવવામાં આવ્યો હતો.

# બ્રિટીશ કોલંબિયામાં પ્રશિક્ષિત નર્સોને ફરી તક આપવા યોજના

## બીસી પ્રાંતમાં હેલ્થ કેર સિસ્ટમને વધુ સુચારુ બનાવવા કવાયત, સહાય આપવા પણ વિચારણા

**ઓન્ટેરિયો**

બ્રિટિશ કોલંબિયાએ તણાવગ્રસ્ત હેલ્થ કેર સિસ્ટમ પરનું દબાણ દૂર કરવા માટે વધુ નર્સો અને મિડવાઈફ્સને હાયર કરવા અને એમને તાલીમ આપવા માટેની જાહેરાત કરી છે. પ્રીમિયર ડેવિડ એબીએ જણાવ્યું હતું કે, આ પગલું કેનેડિયન-પ્રશિક્ષિત નર્સોને ટેકો આપશે, જેઓ કર્મચારી તરીકે પાછા જોડાવા માંગે છે, તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશિક્ષિત નર્સો જે બીસીમાં પ્રેક્ટિસ કરવા માંગે છે. એબીએ સોમવારે વાનકુવરની લંગારા કોલેજમાં એક ન્યૂઝ કોન્ફરન્સ દરમિયાન પ્રીમિયર ડેવિડ એબીએ જણાવ્યું હતું કે, અત્યંત કુશળ અને અનુભવી નર્સ અમારી સિસ્ટમમાં કામ કરવા માંગે છે. પરંતુ બ્રિટિશ કોલમ્બિયનોને જરૂરી સેવાઓ પ્રદાન કરવામાં તેમણે અવરોધોનો સામનો કરવો પડી રહ્યો છે.



કેનેડિયન-પ્રશિક્ષિત નર્સો માટે, સરકાર અરજીઓ, આકારણીઓ અને વર્તમાન નર્સોને સિસ્ટમમાં ફરીથી દાખલ થવા માટે યોગ્ય મુસાફરી ખર્ચને આવરી લેવા માટે 4,000 ડોલર સુધીની નાણાકીય સહાય આપશે. તેમને કામ પર પાછા ફરવા માટે કોઈપણ વધારાના શિક્ષણ માટે 10,000 ડોલર સુધીની સહાયતા પણ મળશે. વિદેશમાં પ્રશિક્ષિત નર્સો માટે એબીએ જણાવ્યું હતું કે, પ્રાંત લાઈસન્સિંગ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે 1.3 ડોલર મિલિયન ખર્ચવાની યોજના ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે, તેમનું લક્ષ્ય વેઈટિંગ પિરિયડ ત્રણ વર્ષથી ઘટાડીને ચારથી નવ મહિનાની વચ્ચે કરવાનો છે. બી.સી.કોલેજ ઓફ નર્સ એન્ડ મિડવાઈવ્સનાં સીઈઓ સિન્થિયા જોહાન્સને જણાવ્યું હતું કે, અમે જાણીએ છીએ કે, જેઓ આપણા દેશમાં નવા છે તેમના માટે કારકિર્દી આરોગ્ય વ્યવસાયને સુરક્ષિત કરવાની સફર વધુ પડકારરૂપ બની શકે છે. પ્રાંતે નવેમ્બરમાં ડોક્ટરોને ટેકો આપવા અંગે આ જાહેરાત કરી હતી.

# ટોરોન્ટોની ભોજનશાળાને વિશ્વની બીજી શ્રેષ્ઠ ઈટાલિયન રેસ્ટોરન્ટ તરીકે ઓળખ

**ઓન્ટેરિયો**

ટોરોન્ટોની ભોજનશાળાને વિશ્વની શ્રેષ્ઠ ઈટાલિયન રેસ્ટોરન્ટ્સમાંની એક તરીકે નામ આપવામાં આવ્યું છે. ડોન આલ્ફોન્સો 1890, ટોરોન્ટોના ડાઉનટાઉન હાર્બર સ્ક્વેરમાં વેસ્ટિન હોટેલમાં તે સ્થિત છે. તાજેતરમાં 50 ટોચની ઈટાલી વાર્ષિક યાદીની 2023 વર્લ્ડ કેટેગરીમાં ઈટાલિયન ભોજનમાં બીજા ક્રમે છે. આ યાદી બનાવવા માટે માત્ર અન્ય કેનેડિયન રેસ્ટોરન્ટ વાનકુવરની સિઓપ્પીનો હતી, જે 33મા ક્રમે આવે છે. ડોન આલ્ફોન્સો 1890 સૌપ્રથમ ટોરોન્ટો સ્ટ્રીટ પર ખુલ્યું હતુ. આ સ્થળ COVID-19 રોગચાળા દરમિયાન બંધ થઈ ગયું હતું. વેસ્ટિન હોટેલમાં કાયમી ઘર શોધતા પહેલા આ રેસ્ટોરન્ટ ટૂંક સમયમાં જ કાસા લોમાની બહાર કાર્યરત પોપ-અપ શોપ તરીકે ફરી શરૂ થઈ હતી. લાકારિનો પરિવારના નેતૃત્વમાં, ડોન આલ્ફોન્સો 1890 એ શહેરનાં સૌથી સુશોભિત ભોજનાલયોમાંનું એક છે. ગયા વર્ષે, તે ઈટાલીની બહાર શ્રેષ્ઠ ઈટાલિયન રેસ્ટોરન્ટ્સની 50 ટોચની ઈટાલી સૂચિમાં ટોચ પર હતું અને તાજેતરમાં કેનેડાની ટોચની 100 રેસ્ટોરન્ટ્સમાંની એક તરીકે તેને સ્થાન આપવામાં આવ્યું હતું.

**ઇટાલીની બહાર શ્રેષ્ઠ ઇટાલિયન રેસ્ટોરન્ટ્સની ટોચની 5 રેન્કિંગ નીચે મુજબ છે.**

1. દા વિટ્ટોરિયો શાંઘાઈ - શાંઘાઈ, ચીન
2. ડોન આલ્ફોન્સો 1890 - ટોરોન્ટો, કેનેડા
3. ગુચી ઓસ્ટેરિયા દા માસિમો બોટુરા - ટોક્યો, જાપાન
4. કેરપાસિઓ - પેરિસ, ફ્રાન્સ
5. ફિઓલા - વોશિંગ્ટન, ડીસી, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા

# ઓસ્ટ્રેલિયામાં મંદિરની દિવાલ ઉપર ભારત વિરોધી લખાણો

**મેલબોર્ન**

ઓસ્ટ્રેલિયામાં મેલબોર્નમાં BAPS સ્વામિનારાયણ મંદિર પર ખાલીસ્તાની સમર્થકોએ ભારત વિરોધી લખાણો લખ્યાં હતાં. એટલું જ નહીં તેમણે ભારત વિરોધી ચિત્રો પણ બનાવ્યા હતાં. આ મંદિર પર ખાલીસ્તાનીઓ દ્વારા હૂમલો પણ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત હિન્દુસ્તાન વિરોધી નારા પણ લખવામાં આવ્યાં હતાં. આ હૂમલાને વખોડી નાંખતાં BAPS સ્વામિનારાયણ મંદિર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અમે આ નફરતથી ભરેલા હૂમલાઓથી દુઃખી છીએ. અમે શાંતિ અને સૌહાર્દની વાત કરીએ છીએ. મંદિર દ્વારા નિવેદન જાહેર કરવામાં આવ્યું છે કે, આ સમગ્ર ઘટના અંગે સ્વામિનારાયણ મંદિરના વડા મહંત સ્વામી મહારાજે શાંતિ માટે પ્રાર્થના કરી છે તથા હરિભક્તોને દુઃખી નહીં થવા તેમજ શાંતિ જાળવવા અપીલ કરી છે.

નોર્ધન મેટ્રોપોલિટન રિજન માટે લિબરલ MP ઈવાન મુલ્હાલેન્ડે કહ્યું હતું કે, મંદિરમાં થયેલી આ તોડફોડ વિક્ટોરિયાના શાંતિપ્રિય હિંદુ સમુદાયને ઠેસ પહોંચાડે છે. મેલબોર્નમાં રહેતા હિન્દુ સમુદાયે પોલીસ અને સાંસદો સામે ઔપચારિક ફરિયાદ નોંધાવી છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...
Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels: LIST & SELL with confidence

Major Achievements: Among TOP 75 PRODUCERS IN CANADA AWARD & CENTURION PRODUCER AWARDS 2017-2021

Attention: MOTEL OWNERS
I have extremely serious & aggressive motel buyers with $500,000 to $2.5 Million+ READY DOWN PAYMENT, looking to buy a good NON franchise motels immediately (can close the deal in few weeks if the seller willing to hold first mortgage at 50% down payment)
Any Motel Owner wants to sell quick and professionally, please contact me ASAP.

Small & Mid Size MOTEL LISTINGS Required Urgently
Preferably Motels around $1M to $5M price range anywhere in Ontario or Other Provinces

12 To 45 Room Motels in Northern Ontario
Asking Price: $900,000 To $5,000,000
(40% to 50% down payment require)

Coming up For Sale
• Motel near St. Catherine Under $5M
• Franchise Hotel 3 Hrs E of GTA Under $7M
• Motels in North - Trans Canada Hwy 17 & Hwy 11

Recently SOLD Motels Near
Sault Ste. Marie, Blind River, Welland, London, Sarnia, North Nay, Cochrane, Pembroke, Ottawa, Thunder Bay

Motel Operator / Working Partner Opportunities
• Motel Operator To run the motel professionally. Front desk + Housekeeping work- good salary &free accommodation.
• Working Partner To invest min $200K. Stay, operate & manage the motel Partnership % + Salary + Accommodation.


Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100

# શ્રીલંકા સામે ભારતનો ચાર વિકેટે વિજય: ૨-૦ની લીડ સાથે શ્રેણી જીતી

## શ્રીલંકા ૨૧૫, કુલદીપ ૩/૫૧, ભારત ૬/૨૧૯, રાહુલ ૬૪* : ભારતે શ્રીલંકા સામે સતત ૧૦મી વનડે શ્રેણી જીતી

**કોલકાતા**

પેસ બોલર મોહમ્મદ સિરાજ અને ચાઇનામેન સ્પિનર કુલદીપ યાદવે ઝડપેલી ત્રણ-ત્રણ વિકેટ બાદ લોકેશ રાહુલના ધૈર્યપૂર્ણ અણનમ ૬૪ રનની મદદથી ભારતે ઇડન ગાર્ડન્સ ખાતે રમાયેલી બીજી વન-ડે મેચમાં શ્રીલંકાને ચાર વિકેટે હરાવીને ત્રણ મેચની શ્રોણીમાં ૨-૦ની અજેય લીડ મેળવી લીધી હતી. આ સાથે ભારતે શ્રીલંકા સામે સતત ૧૦મી વન-ડે શ્રોણી જીતી છે. ભારતીય ટીમ વન-ડેમાં શ્રીલંકા સામે છેલ્લા ૨૬ વર્ષમાં એક પણ સિરીઝ હાર્યું નથી. છેલ્લે ભારતનો ૧૯૯૭માં શ્રોણી પરાજય થયો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર શ્રીલંકન ટીમ ૩૯.૪ ઓવરમાં ૨૧૫


રનના સ્કોરે ઓલઆઉટ થઇ ગઇ હતી. જેના જવાબમાં ભારતે ૪૩.૨ ઓવરમાં છ વિકેટે ૨૧૯ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો. રનચેઝ કરનાર ભારતે ૮૬ રનના સ્કોર સુધીમાં સુકાની રોહિત (૧૭) તથા કોહલી (૪) સહિત ચાર વિકેટ ગુમાવી દીધી હતી. રાહુલે ૧૦૩ બોલમાં અણનમ ૬૪ રન ફટકારવા ઉપરાંત હાર્દિક (૩૬) સાથે ૭૫ રનની ભાગીદારી નોંધાવીને ભારતને વિજયની નજીક લાવી દીધી હતો. શ્રીલંકાની ઈનિંગમાં મુખ્ય યોગદાન ઓપનર નુવાનિદુ ફર્નાન્ડોના ૫૦ તથા કુશલ મેન્ડિસના ૩૪ રનનું રહ્યું હતું. ભારત માટે સિરાજે ૩૦ રનમાં ત્રણ તથા કુલદીપે ૫૧ રનમાં ત્રણ વિકેટ ખેરવી હતી.

## વન-ડે રેન્કિંગમાં કોહલીની છલાંગ, સૂર્યકુમાર ૯૦૮ રેટિંગ સાથે પ્રથમ સ્થાને રહ્યો



દુબઇ : ભારતીય ટીમના ભૂતપૂર્વ સુકાની વિરાટ કોહલીએ શ્રીલંકા સામેની પ્રથમ વન-ડેમાં સદી ફટકારી હતી જેનો તેને વન-ડે રેન્કિંગમાં ફાયદો થયો છે. તે બે ક્રમાંકના ફાયદા સાથે છટ્ઠા ક્રમે પહોંચી ગયો છે. સુકાની રોહિત શર્મા એક ક્રમાંક આગળ આવીને આઠમા ક્રમે પહોંચી ગયો છે. પાકિસ્તાનનો બાબર આઝમ પ્રથમ સ્થાને જળવાઈ રહ્યો છે. આઈસીસી ટી૨૦ રેન્કિંગમાં સૂર્યકુમારે ઈતિહાસ રચ્યો છે. તેના ૯૦૮ રેટિંગ થયા છે અને ૯૦૦ પ્લસ રેટિંગ મેળવનાર તે ભારતનો પ્રથમ ટી૨૦ બેટ્સમેન બની ગયો છે. પાકિસ્તાનનો મોહમ્મદ રિઝવાન ૮૩૬ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે. ઓલરાઉન્ડર્સમાં હાર્દિક પંડયા ત્રીજા ક્રમે છે.

# બેલોન ડીઑર એવોર્ડ : લિયોનેલ મેસ્સી અને મબાપે વચ્ચે હરિફાઇ

## વર્લ્ડ કપમાં મેસ્સી બેસ્ટ ફૂટબોલર અને મબાપે હાઇએસ્ટ ગોલ સ્કોરર બન્યો હતો

**લંડન**

કતાર ખાતે રમાયેલા ફિફા વર્લ્ડ કપની ફાઈનલમાં લાયોનલ મેસ્સી અને કિલિયન મબાપે વચ્ચે થયેલા રોમાંચક મુકાબલા બાદ હવે વિશ્વના આ બંને ફૂટબોલ સ્ટાર વચ્ચે વર્ષના બેસ્ટ ફૂટબોલર બનવાની રેસ જામી છે. બંને આ વખતે બેલોન ડીઑર ટ્રોફી જીતવાની રેસમાં છે. મેસ્સીએ વર્લ્ડ કપમાં સાત ગોલ કરીને બેસ્ટ ફૂટબોલરનો એવોર્ડ જીત્યો હતો. મબાપેએ આઠ ગોલ કરીને વર્લ્ડ કપના સર્વાધિક સ્કોરરના સ્વરૂપે



ટ્રોફી જીતી હતી. બંને વચ્ચે વર્લ્ડ કપના શાનદાર પ્રદર્શન અને પેરિસ સેન્ટ જર્મેન માટે કરેલા દેખાવના કારણે આ પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવવાની હોડ જામી છે. બંને પીએસજી માટે લીગ-૧માં વધુ એક વખત સાથે મેદાનમાં ઉતર્યા હતા. મેસ્સી લાંબા બ્રેક બાદ પીએસજીની ટ્રેનિંગમાં હાજર રહ્યો હતો.

મેસ્સી કતારમાં પોતાના ટ્રોફી કેબિનેટમાં વર્લ્ડ કપ મેડલને પણ સામેલ કરી ચૂક્યો છે જે મબાપે પાસે લાંબાથી હતો. જોકે ફ્રાન્સના સ્ટાર ફૂટબોલર મબાપે પાસે એક પણ બેલોન ડીઑર એવોર્ડ નથી જેને મેસ્સી સાત વખત જીતી ચૂક્યો છે. કરીમ બેન્ઝેમા તથા જિનેદિન જિદાન સહિત ફ્રાન્સના પાંચ ફૂટબોલર આ પ્રતિષ્ઠિત એવોર્ડ જીતી ચૂક્યા છે પરંતુ તેમાં મબાપેનું નામ નથી.

## પૃથ્વીનો 'પાવર', ૩૭૯ રન ફટકારીને ગાવસ્કર-લક્ષ્મણને પાછળ રાખ્યા



ગુવાહાટી : યુવા ઓપનર પૃથ્વી શૉનું શાનદાર તથા આક્રમક ફોર્મ જારી રહ્યું છે. આસામ સામેની રણજી ટ્રોફી મેચમાં તેણે ૩૮૩ બોલમાં ૩૭૯ રન ફટકારી દીધા હતા. છેલ્લા કેટલાક સમયથી પસંદગી સમિતિની અવગણનાનો ભોગ બની રહેલા પૃથ્વીએ તેની ઈનિંગ દરમિયાન ૪૯ બાઉન્ડ્રી તથા છ સિક્સર ફટકારી હતી અને તેણે કેટલાક રેકોર્ડ પણ બ્રેક કર્યા હતા. પૃથ્વી હવે રણજી ટ્રોફીના ઈતિહાસમાં સર્વાધિક સ્કોર નોંધાવનાર બીજો બેટ્સમેન બની ગયો છે. તેણે હૈદરાબાદ સામે સંજય માંજરેકરે નોંધાવેલા અણનમ ૩૭૭ રનના રેકોર્ડને તોડી નાખ્યો હતો. તેની આગળ બીબી નિંબલકર છે જેમણે ૭૫ વર્ષ પહેલાં સૌરાષ્ટ્ર સામે અણનમ ૪૪૩ રન બનાવ્યા હતા અને આ રેકોર્ડ હજુ પણ અકબંધ છે.

## પ્રણોય મલેશિયા ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં, ત્રિશા અને ગાયત્રી હાર્યા

**કુઆલાલુંપુર**

ભારતના અનુભવી શટલર એચ.એસ. પ્રણોયે ઈન્ડોનેશિયાના ચિકો ઓરા વાર્ડોયોને હરાવીને મલેશિયા ઓપન સુપર બેડમિન્ટન ટૂર્નામેન્ટની મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. વિશ્વના આઠમા ક્રમાંકિત પ્રણોયે એક કલાક ચાર મિનિટ સુધી રમાયેલી મેચમાં ૨૧-૯, ૧૫-૨૧, ૨૧-૧૬થી વિજય હાંસલ કર્યો હતો. કોમનવેલ્થ ગેમ્સની બ્રોન્ઝ મેડાલિસ્ટ ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય જોડીનો વિમેન્સ ડબલ્સની પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં બલ્ગેરિયાની ગેબ્રિયેલા સ્ટોએવા અને સ્ટેફાની સ્ટોએવાની જોડી સામે પરાજય થયો હતો. વિશ્વમાં ૧૪મો ક્રમાંક ધરાવતી સ્ટોએવા સિસ્ટર્સે ૨૧-૧૩, ૧૫-૨૧, ૨૧-૧૭થી વિજય હાંસલ કર્યો હતો.

## પાકિસ્તાનને ૭૯ રનથી હરાવી ન્યૂઝીલેન્ડે શ્રેણી ૧-૧થી સરભર કરી

**કરાચી**

ડેવોન કોનવેની આકર્ષક સદી બાદ બોલર્સે કરેલા શિસ્તબદ્ધ પ્રદર્શનની મદદથી ન્યૂઝીલેન્ડે બીજી વન-ડેમાં યજમાન પાકિસ્તાનને ૭૯ રનથી હરાવીને ત્રણ મેચની શ્રેણીને ૧-૧થી સરભર કરી હતી. ન્યૂઝીલેન્ડની ટીમે ૨૬૧ રન નોંધાવ્યા હતા જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ ૧૮૨ રનના સ્કોરે સમેટાઇ ગઇ હતી. વન-ડેમાં બીજી સદી નોંધાવનાર કોનવેએ ૯૧ બોલમાં ૧૦૧ રનની ઈનિંગ રમી હતી અને તેને સુકાની કેન વિલિયમ્સન સાથે (૮૫) બીજી વિકેટ માટે ૧૮૧ રનની ભાગીદારી નોંધાવી હતી. રનચેઝ કરનાર પાકિસ્તાનની શરૂઆત ખરાબ રહી હતી. ફખર ઝમાન ખાતું ખોલાવ્યા વિના આઉટ થયો હતો. ઈમામ ઉલ હક છ રન બનાવી શક્યો હતો. નવ રનના સ્કોરે બે વિકેટ પડયા બાદ બાબર અને રિઝવાને ૫૫ રનની ભાગીદારી નોંધાવી હતી.

# ઓસી. ઓપનના ડ્રો જાહેર, નાદાલ અને મેડવેડેવ અંતિમ-૮મા ટકરાશે

**મેલબોર્ન**

વર્ષના પ્રથમ ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં મેન્સ તથા વિમેન્સ સિંગલ્સના ડ્રો જાહેર થયા છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન સ્પેનના રફેલ નાદાલનો પ્રથમ મુકાબલો બ્રિટનના જેક ડ્રેપર સામે થશે અને તે ક્વાર્ટર ફાઈનલમાં ડેનિલ મેડવેડેવ સામે ટકરાય તેવી સંભાવના છે. ગયા વર્ષે બંને ખેલાડીઓ આ ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં ટકરાયા હતા અને નાદાલે આ મેચ પાંચ સેટમાં જીતવાની સાથે કારકિર્દીમાં ૨૨મો ગ્રાન્ડસ્લેમ જીત્યો હતો. વિમેન્સ સિંગલ્સમાં વિશ્વની પ્રથમ ક્રમાંકિત



પોલેન્ડની ઈગા સ્વિયાતેકનો પ્રથમ મુકાબલો જર્મનીની જૂલી નેઈમેઝર સામે થશે અને તે ક્વાર્ટર ફાઈનલમાં અમેરિકાની કોકો ગોફ સામે ટકરાઈ શકે છે. આ બંને ખેલાડી ગયા વર્ષે ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં આમનેસામને થઈ હતી. આ ઉપરાંત વિમેન્સ સિંગલ્સમાં અમેરિકાની જેસિકા પેગુલાનો સામનો ગ્રીસની મારિયા સક્કારી, રશિયાની ડારિયા કસાત્કિનાનો ફ્રાન્સની કેરોલિના ગાર્સિયા અને ટયૂનેશિયાની ઓન્સ જાબેરનો મુકાબલો બેલારસની આર્યના સબાલેન્કો સામે થઈ શકે છે.

# મલેશિયા ઓપન: કેરોલિના મારિન સામે પીવી સિંધુનો પ્રથમ રાઉન્ડમાં જ પરાજય

**કુઆલાલુમ્પુર**

બે વખતની ઓલિમ્પિક મેડાલિસ્ટ ભારતની સ્ટાર શટલર પીવી સિંધુ માટે ઈજામાંથી બેડમિન્ટન કોર્ટ ઉપર પુનરાગમન ઉત્સાહવર્ધક રહ્યું નથી. તે મલેશિયા ઓપન સુપર ૧૦૦૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં જ હારી ગઈ હતી. બીજી તરફ ભારતના એચએસ પ્રણોયે તેના શાનદાર ફોર્મને જાળવી રાખીને પોતાના જ દેશના યુવા ખેલાડી લક્ષ્ય સેનને હરાવીને ટૂર્નામેન્ટમાં વિજયી પ્રારંભ કર્યો હતો. છટ્ઠી ક્રમાંકિત હૈદરાબાદની સિંધુ ગયા વર્ષના ઓગસ્ટ મહિનામાં યોજાયેલી કોમનવેલ્થ



ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ ઘૂંટણની ઈજાના કારણે લાંબા સમય સુધી કોર્ટથી દૂર રહી હતી. તેને રિયો ઓલિમ્પિકની ચેમ્પિયન સ્પેનની કેરોલિના મારિને ૨૧-૧૨, ૧૦-૨૧, ૨૧-૧૫થી હરાવી હતી. પ્રણોયે પ્રથમ ગેમ પાછળ રહ્યા બાદ વળતો પ્રહાર કરીને વર્લ્ડ ચેમ્પિયનશિપના મેડાલિસ્ટ ૧૦મા ક્રમાંકિત લક્ષ્ય સેનને ૨૨-૨૪, ૨૧-૧૨, ૨૧-૧૮થી પરાજય આપ્યો હતો. મેન્સ ડબલ્સમાં સાત્વિક સાઈરાજ અને ચિરાગ શેટ્ટીની જોડીએ કોરિયાના ચોઈ સોલ યૂ અને કિમ વોન હોને ૨૧-૧૬, ૨૧-૧૩થી હરાવીને પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

# કેનેડામાં 2023નો પ્રથમ એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો: 5,500 લોકોને આમંત્રણ

### COVID-19 પછી મુસાફરી પ્રતિબંધોને કારણે અરજીઓનો ભરાવો થયો હતો

**ટોરોન્ટો**

કેનેડાએ આજે 23 નવેમ્બર પછીનો પ્રથમ તેનો વર્ષનો પ્રથમ એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો યોજ્યો હતો. ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC)એ 507ના ન્યૂનતમ કોમ્પ્રિહેન્સિવ રેન્કિંગ સિસ્ટમ (CRS) સ્કોર સાથે 5,500 ઉમેદવારોને આમંત્રણો જારી કર્યાં છે.

કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ (CEC), ફેડરલ સ્કિલ્ડ વર્કર પ્રોગ્રામ (FSWP) અને ફેડરલ સ્કિલ્ડ ટ્રેડ્સ પ્રોગ્રામ (FSTP)માંથી લાયક ઉમેદવારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ બધા એવા પ્રોગ્રામ છે જે એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ હેઠળ કામ કરે છે. આ ડ્રો જારી કરાયેલી ITAની સંખ્યામાં વધારો દર્શાવે છે અને ગયા જુલાઈમાં તેઓ ફરી શરૂ થયા પછીનો સૌથી મોટો ઓલ-પ્રોગ્રામ એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો છે. 23 નવેમ્બરના ડ્રોમાં 750 વધારાના આમંત્રણો હતા, જેમાં 4,750 ઉમેદવારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા, તેમજ 28 સપ્ટેમ્બરના ડ્રો પછીનો સીઆરએસ સ્કોર હતો. એક્સપ્રેસ એન્ટ્રી માટે છેલ્લું વર્ષ અનોખું વર્ષ હતું. મંત્રાલયની સૂચનાઓ દર્શાવે છે કે, 2022માં 23 ડ્રો કરતાં, એક્સપ્રેસ એન્ટ્રી ઉમેદવારોને 46,538 ITA જારી કરવામાં આવ્યા હતા.

આ નંબરમાં જાન્યુઆરી અને જુલાઈ વચ્ચેના ડ્રોનો સમાવેશ થાય છે, જે ફક્ત પ્રાંતીય નોમિની પ્રોગ્રામ્સના ઉમેદવારો માટે હતા.

# ગત વર્ષ કરતાં કેનેડામાં સાયબર હુમલામાં 20 ટકાનો વધારો થયો: IT સુરક્ષા કંપની

**ટોરોન્ટો**

IT સુરક્ષા કંપની, ચેક પોઈન્ટ સોફ્ટવેર દ્વારા પ્રકાશિત તાજેતરનો ડેટા સૂચવે છે કે, વૈશ્વિક સાયબર હુમલામાં પાછલા વર્ષની સરખામણીમાં 2022માં 38 ટકાનો વધારો થયો છે, જ્યારે ઉત્તર અમેરિકામાં 52 ટકાનો વધારો જોવા મળ્યો છે. કંપનીના સમાચાર પ્રકાશન અનુસાર કેનેડામાં દેખીતી રીતે જ સાયબર હુમલાઓમાં 20 ટકાનો વધારો જોવા મળ્યો હતો. અહેવાલ મુજબ, આ સાયબર હુમલાના નાના અને ચાલાક હેકર અને રેન્સમવેર ગેંગ દ્વારા કરવામાં આવ્યા હતા. જેઓ ઘરેથી કામ કરવા માટે જરૂરી વાતાવરણમાં ઉપયોગમાં લેવાતા સાધનો દ્વારા લોકોનું શોષણ કરે છે. વૈશ્વિક સ્તરે, શિક્ષણ/સંશોધન, સરકાર/લશ્કરી અને હેલ્થ કેર 2022માં ટોચના ત્રણ સૌથી વધુ લક્ષિત ઉદ્યોગો હતા. શિક્ષણ/સંશોધન ઉપર દર અઠવાડિયે સંસ્થા દીઠ સરેરાશ 2,314 હુમલા થયા હતા, જે પાછલા વર્ષ કરતાં 43 ટકાનો વધારો સૂચવે છે. સરકારી/લશ્કરી સંગઠનો પર સાપ્તાહિક સરેરાશ 1,661 વખત હુમલો કરાયો હતો, જે 46 ટકાનો વધારો દર્શાવે છે. હેલ્થ કેર સંસ્થાઓએ સાપ્તાહિક સરેરાશ 1,463 હુમલા સહન કર્યા, જે 74 ટકાનો વધારો દર્શાવે છે.

# લેક રોડને બંધ કરવાના નિર્ણયનો અલ્બર્ટા પાર્ક્સ મંત્રી મૌરે દ્વારા વિરોધ

### ટ્રાફિકનાં વધતાં જતાં ભારણનું સક્રિયપણે સંચાલન કરવું મુશ્કેલ બન્યાનો તંત્રનો એકરાર

**ટોરોન્ટો**

અલ્બર્ટાના વન, ઉદ્યાન અને પર્યટન પ્રધાને ખાનગી વાહન દ્વારા મુસાફરી કરનારાઓ માટે મોરેન લેકની એક્સેસ બંધ કરવાના નિર્ણય સામે વિરોધ ઉઠાવ્યો છે. ટ્વિટર ઉપર સોમવારે બહાર પાડવામાં આવેલા એક ખૂલ્લા પત્રમાં, ટોડ લોવેને પર્યાવરણ અને આબોહવા પરિવર્તનના ફેડરલ પ્રધાન સ્ટીવન ગિલ્બૉલ્ટ અને પ્રવાસન પ્રધાન રેન્ડી બોઈસોનોલ્ટને પુનઃવિચાર કરવા, અન્ય વિકલ્પો પર ધ્યાન આપવા અને અલ્બર્ટા સરકારને ટેબલ પર લાવવા હાકલ કરી હતી. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, અલ્બર્ટાના પ્રાંતીય અને રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રાંતનું ઘરેણું છે, અને અલ્બર્ટાન્સ અને મુલાકાતીઓ સમાન રીતે તેનો આનંદ માણવા માટે પ્રવેશ મેળવવાને પાત્ર છે. મોરેન લેક પર વ્યક્તિગત વાહનોને અવરોધિત કરવાના પાર્ક્સ કેનેડાના નિર્ણયનો અર્થ એ છે કે, પ્રાંતના આ મહત્વપૂર્ણ ભાગમાં ઓછા મુલાકાતીઓ પ્રવેશ મેળવે. પાર્ક્સ કેનેડા પાસે જૂનથી મધ્ય ઓક્ટોબર સુધી તેની શટલ બસો, રોમ ટ્રાન્ઝિટ, કોમર્શિયલ બસો અને ટેક્સીઓ માટે તળાવ સુધી મર્યાદિત પ્રવેશ છે.

# ગુજરાતી સિનિ. સમાજ ઓફ મિસીસાગાની બેઠક

**મિસીસાગ**

ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મીસીસાગાની જાન્યુઆરી મહિનાની પ્રથમ મીટીંગ મિસિસાગા વેલી કોમ્યુનિટી સેન્ટરમાં 7 જાન્યુઆરી રવિવારે યોજવામાં આવી હતી. સંસ્થાના સેક્રેટરી મહેન્દ્રભાઈ ગોઠિયાએ સૌને આવકાર આપ્યો હતો. બાદમાં પ્રાર્થના કરી કાર્યક્રમની શરૂઆત કરી એમ,સી.શ્રી ભારતીબેન ગાંધીએ આજના કાર્યક્રમની રૂપરેખા જણાવી હતી.

ઈલાબેન દેવાણીએ મકરસંક્રાંતિ તથા 26મી જાન્યુઆરી આવતી હોવાથી દેશભક્તિના ગીતો તથા ઉતરાણમાં આવતા પતંગના ગીતો પર બોલી ફિટ કસરત કરાવી હતી. ત્યારબાદ રેખાબેન




હીનડોચાએ કૃષ્ણ ભજન હરી નંદ મુકુંદા નારાયણ “હરિ બોલ” પર નૃત્ય કરી બધાને ખૂબ જ આનંદ અપાવ્યો હતો. મહેન્દ્રભાઈએ સંસ્થાને લગતા સૂચનો આપ્યા હતા. જાન્યુઆરી મહિનામાં જેમની જન્મ તારીખ આવતી હતી તેને સ્ટેજ પાસે બોલાવી તેમનું સ્વાગત કરી બર્થ ડે ગીત ગાવામાં આવ્યું હતુ. સંસ્થા વતી બર્થ ડે કાર્ડ તથા પુષ્પ ભારતીબેન ગાંધી તથા બેલાબેન મહેતાએ આપ્યા હતા. સુધાબેન પંચમતિયા એ “કોણ છો તું” પર કાવ્ય પઠન કરીને બધાને તે સાંભળવાનો આનંદ અપાવ્યો હતો. મહેન્દ્રભાઈએ ફ્લોર પર ડાન્સ થાય એ માટે મીઠા મધુરા ગીતો રજૂ કર્યા હતા. મહેન્દ્રભાઈ ગોઢિયાએ તથા ભારતીબેન ગાંધીએ બધાને આજરોજ બિંગો ગેમ રમાડી હતી. વિજેતાઓને સંસ્થા તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com



# OM INDIA FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનોજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

# OM INDIA FOOD CENTRE

**6 LOCATION TO SERVE YOU**

1729 Albion Rd, Etobicoke, ON
**416-743-1100**

139 Charing Cross, Brantford Ontario
**519-758-9999**

5 Manitou Drive # 102 Kitchner, ON. N2C 1L4
**519-954-1110**

3300 McNICOLLE Ave, #B-6, Scarborough, ON
**416-297-8383**

71 West Drive, Unit#42, Brampton, ON
**905-452-1100**

293, Labrosse Ave, Point-Claire, QC H9R 5M3
**514-426-1100**